# ગુજરાતની અનુસૂચિત જનજાતિઓની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ

## ( એક મૂલ્યાંકન અભ્યાસ )

સંપાદન :
ડૉ. ઠાકોરભાઈ ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૩૮૦૦૧૪
૧૯૮૯

૨૫૯

# આભાર

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક અમશ/૧૪૮૬/૬૬ગ- તા.૩-૮-૧૯૮૭થી ગુજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને રાજ્યની અનુસૂચિત જનજાતિની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના મૂલ્યાંકનની કામગીરીનું કામ સોંપ્યું હતું. રાજ્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓ અનેક ક્ષેત્રોમાં કામ કરે છે તેમાં શૈક્ષણિક ઉત્કર્ષમાં તેમનું પ્રદાન પાયાનું અને મહત્ત્વનું રહ્યું છે તે એક સત્ય હકીકત છે. સ્વૈચ્છિક સંસ્થાઓના અનેક કાર્યમાં અનુસૂચિત જનજાતિના બાળકોમાં શૈક્ષણિક જાગૃતિ અને શૈક્ષણિક વિકાસમાં મહત્ત્વનું કામ ચાલી રહ્યું છે. પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચશિક્ષણ સુધી એક યા બીજા સ્વરૂપે શૈક્ષણિક સંસ્થાઓને સ્વૈચ્છિક સંસ્થા સહાયક અને માર્ગદર્શક બની રહે છે.

અનુસૂચિત જનજાતિના બાળકોમાં શ્રમ, ઉદ્યોગ અને સાદાઇના ગુણ જળવાઇ રહે તે માટે ઉત્તર બુનિયાદી આશ્રમશાળા શરૂ કરાય છે. સાથોસાથ આદિવાસી વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ વધારવામાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે. રાજ્યમાં છેલ્લા ૨૫ વર્ષોથી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ આદિવાસી વિસ્તારમાં કાર્ય કરે છે. વર્તમાન સમયમાં તેના માળખામાં અને વ્યવસ્થા તંત્રમાં શું ફેરફાર કરવા જોઇએ, તેના પ્રશ્નો અને તેના સંભવિત ઉકેલો કયા હોઇ શકે, વર્તમાન સમયમાં ઉ.બુ.આશ્રમશાળા જે ચાલે છે તે બરોબર છે કે નહીં. આ મુદ્દાઓને ધ્યાનમાં રાખી આદિજાતિ વિકાસ વિભાગે ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના મૂલ્યાંકનની કામગીરી આ કેન્દ્રને સોંપી હતી.

આદિજાતિ વિકાસ વિભાગના ભૂતપૂર્વ અને હાલના કમિશનરશ્રીએ તેમજ આ વિભાગના અન્ય અધિકારીશ્રીઓએ આ અભ્યાસમાં કયા પાસાં અને પ્રશ્નોની છણાવટ કરવાની છે તે અંગેની સૂચિ આપી હતી. આથી આ અભ્યાસમાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનું સર્વાંગી ચિત્ર ઉપસી શક્યું છે. આ વિભાગે વહીવટી અનુકૂળતા પણ કરી આપી હતી. એ સૌના અમે આભારી છીએ.

આશ્રમશાળા અધિકારીશ્રી અમદાવાદ અને વડોદરા વિભાગ, અને તેમની કચેરીના અન્ય કર્મચારીઓએ આ અભ્યાસ માટેની પ્રાથમિક માહિતી અને મૂલ્યાંકન ભૂમિકાના પાયાના પાસાં વિશે વિસ્તૃત માહિતી આપેલ તેઓના અમે આભારી છીએ.

ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષકોએ પણ આશ્રમશાળાની પ્રાથમિક માહિતીની પ્રશ્નાવલી ભરીને મોકલી આપી તેથી અભ્યાસ ભૌગોલિકક્ષેત્રનો વ્યાપ વધ્યો છે. અભ્યાસમાં આવરી લીધેલા વિદ્યાર્થીઓ અને તેમના કુટુંબીજનોએ પણ ઘણી ઉપયોગી માહિતી આપી છે તેમણે આમ ન કર્યું હોત તો અભ્યાસમાં ઘણી ક્ષતિ રહી હોત.

કેન્દ્રના સંશોધન અધિકારીશ્રી ચંદ્રકાંતભાઇ ઉપાધ્યાય અને સંશોધન મદદનીશ શ્રી ભીખુભાઇ પટેલ, શ્રી ચંદ્રકાંતભાઇ પટેલ અને જશવંતસિંહ રાઠોડે આ અભ્યાસનું ક્ષેત્રકાર્ય કરી અભ્યાસ સંબંધી ઘણી ઉપયોગી માહિતી એકત્ર કરી હતી. આ ઉપરાંત સંશોધન અધિકારીશ્રી ભારતીબેન દેસાઇએ પણ અભ્યાસ ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. શ્રી ગિરીશ ભટ્ટે આ અભ્યાસનો પ્રારૂપ અહેવાલ લખવામાં ઘણી મહેનત કરી છે.

કેન્દ્રના સંશોધન અધિકારીશ્રી ડૉ. મુસ્તાઅલી મસવી અને શ્રી ચંદ્રકાંતભાઇ ઉપાધ્યાયે આ અહેવાલની હસ્તપ્રત વાંચી અને ઉપયોગી સૂચનો કર્યાં હતાં તે બદલ તેમનો આભારી છું.

આદિવાસી સંશોધન અને
તાલીમ કેન્દ્ર,
ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૩૮૦ ૦૧૪
૧૯૮૯

– સંપાદક

## અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | વિષય | પાન નંબર |
|---|---|---|
| ૧ | જીવન ઘડતરમાં આશ્રમશાળાનું પ્રદાન | ૧ થી ૬ |
| ૨ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના અભ્યાસની મૂલ્યાંકન ભૂમિકા | ૭ થી ૨૦ |
| ૩ | બે આશ્રમશાળાઓ ( એક એકમ અભ્યાસ) | ૨૧ થી ૪૧ |
| ૪ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનું શૈક્ષણિક માળખું | ૪૨ થી ૬૯ |
| ૫ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના અભ્યાસ એકમોની યથા સ્થિતિ શૈક્ષણિક દર્શન | ૭૦ થી ૧૦૧ |
| ૬ | અપવ્યય સ્થગિતતા અને વિદ્યાર્થીઓનું પરિણામ | ૧૦૨ થી ૧૧૭ |
| ૭ | નવી ઉત્તર બુનિયાદી આશ્રમશાળા શરૂ કરવા અંગે | ૧૧૮ થી ૧૪૧ |
| ૮ | ૧: તારણો અને સૂઝાવો<br>૨: ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના અભ્યાસ સમયે પૂછેલા પ્રશ્નો અંગે | ૧૪૨ થી ૧૬૫ |

| પ્રકરણ નંબર | વિષય | પાન નંબર |
|---|---|---|
| પરિશિષ્ટ-૧ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા મૂલ્યાંકન અભ્યાસની પ્રશ્નાવલી ( દરેક ઉ.બુ. આશ્રમશાળાને મોકલેલ ) | |
| પરિશિષ્ટ-૨ | વિદ્યાર્થીઓએ ભરવાની પ્રશ્નાવલી | |
| પરિશિષ્ટ-૩ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના અભ્યાસનાં મુલાકાતના મુદ્દાઓ | |

## કોઠાની યાદી


| ક્રમ | કોઠાનું નામ | કોઠા ક્રમાંક | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | જિલ્લાવાર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની સંખ્યા દર્શાવતો કોઠો | ૨.૧ | ૭ |
| ૨ | ઉ.બુ.આશ્રમશાળા શરૂ થયાના વર્ષની માહિતી દર્શાવતો કોઠો | ૨.૨ | ૧૪ |
| ૩ | અભ્યાસમાં આવરી લીધેલ ઉ.બુ. આશ્રમશાળાની માહિતી દર્શાવતો કોઠો | ૨.૩ | ૧૮ |
| ૪ | દૈનિક કાર્યક્રમની માહિતી દર્શાવતો કોઠો | ૩.૧ | ૩૧ |
| ૫ | દૈનિક ભોજનની માહિતી દર્શાવતો કોઠો | ૩.૨ | ૩૨ |
| ૬ | મુલાકાતપોથીની વિગતો દર્શાવતો કોઠો | ૩.૩ | ૩૫ |
| ૭ | વિભાગવાર ઉ.બુ.આશ્રમશાળાના પ્રકારની માહિતી દર્શાવતો કોઠો | ૪.૧ | ૪૨ |
| ૮ | ઉ.બુ.આશ્રમશાળામાં ધોરણવાર કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય અને કેટલા વિદ્યાર્થીઓ છે તેની માહિતી દર્શાવતો કોઠો | ૪.૨ | ૪૪ |

| ક્રમ | કોઠાનું નામ | કોઠા ક્રમાંક | પાન નંબર |
|---|---|---|---|
| ૯ | અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળાની દશ કિ.મીટરના અંતરે અન્ય કઇ શૈક્ષણિક સંસ્થા છે તેની માહિતી દર્શાવતો કોઠો | ૪.૩ | ૪૭ |
| ૧૦ | ધોરણ-૮માં દાખલ કરેલ વિદ્યાર્થીઓમાં કેટલાં વિદ્યાર્થીઓએ પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાં અભ્યાસ કર્યો હતો તેની માહિતી દર્શાવતો કોઠો. | ૪.૪ | ૫૧ |
| ૧૧ | ઉ.બુ.આશ્રમશાળામાં કઇ જાતિના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેની માહિતી દર્શાવતો કોઠો | ૪.૫ | ૫૩ |
| ૧૨ | અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળાની મુડકર સંખ્યા પ્રમાણે વિદ્યાર્થીઓની વધ-ઘટની માહિતી દર્શાવતો કોઠો | ૪.૬ | ૫૮ |
| ૧૩ | ઉ.બુ.આશ્રમશાળામાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીની માહિતી દર્શાવતો કોઠો | ૪.૭ | ૬૩ |
| ૧૪ | વાલીઓ પોતાના બાળકો ક્યાં ભણે તેમ ઇચ્છે છે તેની માહિતી દર્શાવતો કોઠો | ૪.૮ | ૬૮ |

| ક્રમ | કોઠાનું નામ | કોઠા ક્રમાંક | પાન નંબર |
| --- | --- | --- | --- |
| ૧૫ | વિદ્યાર્થી ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ ક્યાં લીધું તેની માહિતી દર્શાવતો કોઠો | ૫.૧ | ૭૧ |
| ૧૬ | ઉત્તરદાતા વિદ્યાર્થીઓ કેટલું ભણ્યા તેની વિગત દર્શાવતો કોઠો | ૫.૨ | ૭૪ |
| ૧૭ | ઉત્તરદાતા વિદ્યાર્થીઓના કુટુંબના જે સભ્યો ઉ.બુ. આશ્રમશાળામાં ભણ્યા છે તે કયું ધોરણ ભણે છે તેની વિગત દર્શાવતો કોઠો | ૫.૩ | ૭૬ |
| ૧૮ | ઉત્તરદાતા વિદ્યાર્થીઓએ શા માટે અભ્યાસ છોડ્યો તેની માહિતી દર્શાવતો કોઠો | ૫.૪ | ૭૭ |
| ૧૯ | કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો | ૫.૫ | ૭૯ |
| ૨૦ | ઉત્તરદાતા વિદ્યાર્થીઓના કુટુંબના સભ્યોની શૈક્ષણિક પરિસ્થિતિ દર્શાવતો કોઠો | ૫.૬ | ૮૦ |
| ૨૧ | કુટુંબના ભણતા સભ્યો ક્યાં કેટલું ભણે છે તેની વિગત દર્શાવતો કોઠો | ૫.૭ | ૮૨ |
| ૨૨ | કુટુંબના જે સભ્યોએ અભ્યાસ છોડી દીધો છે તેની વિગત દર્શાવતો કોઠો | ૫.૮ | ૮૫ |
| ૨૩ | જુદા જુદા અભ્યાસોમાં ભણતા સભ્યોની માહિતી દર્શાવતો કોઠો | ૫.૯ | ૮૭ |

| ક્રમ | કોઠાનું નામ | કોઠા ક્રમાંક | પાન નંબર |
|---|---|---|---|
| ૨૪ | કઇ ઉંમરની સ્ત્રીઓ અભણ છે તેની માહિતી દર્શાવતો કોઠો | ૫.૧૦ | ૮૮ |
| ૨૫ | અભ્યાસની કુટુંબોની વાર્ષિક આવકના જૂથ પ્રમાણે વર્ગીકરણ | ૫.૧૧ | ૯૦ |
| ૨૬ | અભ્યાસ હેઠળના કુટુંબોની વાર્ષિક આવક દર્શાવતો કોઠો | ૫.૧૨ | ૯૫ |
| ૨૭ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ભણેલા વિદ્યાર્થીઓના વ્યવસાયની માહિતી દર્શાવતો કોઠો | ૫.૧૩ | ૯૯ |
| ૨૮ | અભ્યાસ હેઠળની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની ધોરણવાર છેલ્લા પાંચ વર્ષની સરેરાશ હાજરી દર્શાવતો કોઠો | ૬.૧ | ૧૦૩ |
| √ ૨૯ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ધોરણ-૮માં દાખલ થનાર વિદ્યાર્થીઓમાંની કેટલા વિદ્યાર્થીઓ દાખલ થયાના વર્ષે જ આશ્રમશાળા છોડી છે તેની વિગત દર્શાવતો કોઠો | ૬.૨ | ૧૦૫ |
| 30 | ધોરણવાર અપવ્યય અને સ્થગિતતાની માહિતી દર્શાવતો કોઠો | ૬.૩ | ૧૦૭ |

| ક્રમ | કોઠાનું નામ | કોઠા ક્રમાંક | પાન નંબર |
| --- | --- | --- | --- |
| ૩૧ | ધોરણવાર કેટલા વિદ્યાર્થીઓ પાસ થાય છે તેની માહિતી દર્શાવતો કોઠો | ૬.૪ | ૧૧૧ |
| ૩૨ | ૧૯૮૨ થી ૧૯૮૭ સુધીનું ધોરણ-૧૦નું સરેરાશ પરિણામની માહિતી દર્શાવતો કોઠો | ૬.૫ | ૧૧૩ |
| ૩૩ | ૧૯૮૩માં ધોરણ-૮મા દાખલ થયેલ વિદ્યાર્થીઓમા કેટલા વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ પાસ થયા હતા તેની માહિતી દર્શાવતો કોઠો | ૬.૬ | ૧૧૬ |
| ૩૪ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની માહિતી દર્શાવતો કોઠો | ૭.૧ | ૧૧૯ |
| ૩૫ | જિલ્લાવાર આશ્રમશાળાની સંખ્યા અને તેના કેટલા વિદ્યાર્થીઓને ઉ.બુ.આશ્રમશાળામાં પ્રવેશ આપી શકાય તેમ છે તેની માહિતી દર્શાવતો કોઠો | ૭.૨ | ૧૨૪ |
| ૩૬ | ઉ.બુ.આશ્રમશાળા જે જિલ્લાઓમાં છે તેના સંબંધી વિગતો દર્શાવતો કોઠો | ૭.૩ | ૧૨૯ |

| ક્રમ | કોઠાનું નામ | કોઠા ક્રમાંક | પાન નંબર |
| --- | --- | --- | --- |
| ૩૭ | ધોરણ-૮,૯,૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના કેટલા વિદ્યાર્થીઓએ એક ઉ.બુ.આશ્રમશાળા છે તેની માહિતી દર્શાવતો કોઠો | ૭.૪ | ૧૩૩ |
| ૩૮ | અનુસૂચિત જનજાતિની વસ્તી વધતાં નવી કેટલી ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવી જોઈશે તેની માહિતી દર્શાવતો કોઠો | ૭.૫ | ૧૩૬ |
| ૩૯ | સુરત જિલ્લામાં બિન આદિવાસી અને અનુસૂચિત જનજાતિમાં શિક્ષણની માહિતી દર્શાવતો કોઠો | ૭.૬ | ૧૩૮ |
| ૪૦ | નવી કેટલી ઉ.બુ.આશ્રમશાળાની જરૂર છે તેની માહિતી દર્શાવતો કોઠો | ૭.૭ | ૧૩૯ |

## પ્રકરણ - ૧

## જીવન ઘડતરમાં આશ્રમશાળાનું પ્રદાન

- પ્રસ્તાવના
- સંસ્કૃતિ ઘડતરમાં આશ્રમશાળાનું પ્રદાન
- આશ્રમશાળા અંગે જુદા જુદા મંતવ્યો

XNU1

AXU 7

## પ્રકરણ - ૧

## જીવન ઘડતરમાં આશ્રમશાળાનું પ્રદાન

**પ્રસ્તાવના :**

ભારતના બંધારણમાં સામાજિક પરિવર્તન માટે શિક્ષણને મહત્ત્વનું ગણવામાં આવ્યું છે. આથી જ બાળક ૧૪ વર્ષનું થાય ત્યાં સુધી ફરજિયાત અને મફત શિક્ષણ આપવા રાજ્ય પ્રયત્ન કરશે તેવું બંધારણની કલમ ૨૯, ૩૦, ૪૫ અને ૪૬માં અને માર્ગદર્શક સિધ્ધાંતની ૪૫મી કલમમાં જણાવ્યું છે.

આમ સમાજના નીચલા સ્તરના નાગરિકો સુધી શિક્ષણ પહોંચાડવાનો આદર્શ સ્વીકારવામાં આવ્યો છે. આમાં અનુસૂચિત જાતિ, જનજાતિ અને સમાજના નબળા વર્ગોમાં આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ સુધારવા રાજ્ય ખાસ ધ્યાન આપશે તેવો ઉલ્લેખ બંધારણની કલમ ૪૬માં છે.

'' એ રીવ્યુ ઑફ એજ્યુકેશન '' ૧૯૫૮ના અહેવાલમાં પછાત વર્ગોના શિક્ષણને તેમની સામાજિક, રાજકીય અને આર્થિક પરિસ્થિતિથી જુદું ન ગણી તેમના સમગ્ર જીવનને નવો ઘાટ આપવા અંગેનો ઉલ્લેખ પણ છે. આઝાદી બાદ અને ખાસ કરીને વિભાજન મુંબઇ રાજ્યમાંથી ગુજરાતનું અલગ રાજ્ય થતાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ થયો છે. ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં કુલ વસ્તીના ૪૩.૭૦ ટકા લોકો અક્ષરજ્ઞાન ધરાવતા હતા. તેમાં ૫૪.૫૪ ટકા પુરુષો અને ૩૦.૨૯ ટકા સ્ત્રીઓ હતી. ગુજરાતના આદિવાસીઓમાં ૨૧.૧૪ ટકા લોકો અક્ષરજ્ઞાન ધરાવતા હતા. તેમાં ૩૦.૪૧ ટકા પુરુષો અને ૧૧.૬૪ ટકા સ્ત્રીઓ હતી.

ગુજરાતમાં શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં અક્ષરજ્ઞાન ધરાવનાર વસ્તીનું પ્રમાણ ઓછું છે. અનુસૂચિત જનજાતિના મોટાભાગના લોકો ગ્રામ્ય વિસ્તારમાં વસે છે. આથી તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોય તે સ્વભાવિક છે.

ગ્રામ્ય વિસ્તારમાં રહેતા અનુસૂચિત જનજાતિના લોકોમાં પ્રાથમિક શિક્ષણને વિકસાવવામાં સર્વોદય યોજના, જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓ અને આશ્રમશાળાઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જ્યારે માધ્યમિક શિક્ષણના વિકાસમાં છાત્રાલય અને ઉ.બુ.આશ્રમશાળાઓએ અગત્યની ભૂમિકા ભજવી છે. ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ આપનાર ૩૯૨ આશ્રમશાળાઓ છે. આ ઉપરાંત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ સાથે ૧૨૦૦ છાત્રાલયો જોડાયેલાં છે. આ ઉપરાંત ૫૫ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અને દરેક જિલ્લામાં નિવાસી શાળાઓ પણ છે.

## સંસ્કૃતિ ઘડતરમાં આશ્રમશાળાનું પ્રદાન :

ભારતીય સંસ્કૃતિના ઇતિહાસ ઉપર નજર કરીએ તો ખ્યાલ આવે છે કે આશ્રમી કેળવણી દ્વારા વ્યક્તિ ઘડતરનું અને સમાજ ઘડતરનું કાર્ય થતું હતું. આનું ઉત્તમ ઉદાહરણ રામ અને કૃષ્ણ છે. આ બંને અવતારી પુરુષોએ પોતાનું શિક્ષણ આશ્રમમાં લીધું હતું. ૧૯મી સદીના અંતમાં રવિન્દ્રનાથ ટાગોરે સ્થાપેલ શાંતિ નિકેતનનો આશ્રમ અને ગાંધીજીએ આફ્રિકામાં સ્થાપેલ ફિનિક્સ અને ટોલ્સટોય આશ્રમ, ૧૯૧૫માં હિંદુસ્તાન આવી કોચરબ, સાબરમતી અને વર્ધામાં આશ્રમો સ્થાપ્યા. આના દ્વારા ગાંધીજીએ સંસ્કૃતિમાં પરિવર્તન લાવવાનું કાર્ય કર્યું છે. અલબત્ત આ આશ્રમોમાં અક્ષરજ્ઞાનની કેળવણી ઉપરાંત આચારની કેળવણીને મહત્ત્વ આપવામાં આવતું હતું. આ આશ્રમોને કેન્દ્રમાં રાખી આદિવાસીઓમાં શિક્ષણનો વ્યાપ

વધારવા ગાંધી વિચારમાં શ્રદ્ધા રાખનાર આગેવાનો જેવા કે પૂ. ઠક્કરબાપા અને જુગતરામ દવેએ આજીવન આદિવાસીઓનો સર્વાંગી વિકાસ કરવાનો પ્રયાસ કર્યો છે. આઝાદી બાદ અને ખાસ કરીને ૧૯૭૦ બાદ સામાજિક, રાજકીય કાર્યકરોએ પછાત વર્ગના લોકોમાં શિક્ષણનો પ્રસાર વધારવા માટે આશ્રમ શાળાનું સંચાલન સંભાળ્યું છે.

આશ્રમશાળા અંગે જુદા જુદા મંતવ્યો :

આશ્રમશાળા અંગે શ્રી પોપટલાલ વ્યાસ જણાવે છે કે "બાળકોના વિકાસ માટે આશ્રમશાળા પાયાની ઈંટ બની પરાવલંબીપણાને બદલે સ્વાવલંબી પણ તરફ લઈ જઈ બાળકનું યોગ્ય ઘડતર કરી માનવીને માનવ બનાવવાનું કાર્ય કરે છે."[1]

આ ઉપરથી ખ્યાલ આવે છે કે આશ્રમશાળાના શિક્ષણથી બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે. આથી સ્વભાવિક છે કે આશ્રમશાળામાં રહી અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના બાળકોનો પણ સર્વાંગી વિકાસ થાય.

સમાજના અમુક વર્ગના અને સામાજિક સંશોધકોનું કહેવું છે કે આ પ્રકારની કેળવણી લીધેલા યુવાનો પોતાની પરંપરાગત સંસ્કૃતિના દરેક પાસાને જાળવી શકતા નથી. આવું અનુસૂચિત જનજાતિઓના યુવાનોમાં વધુ બને છે. આમ છતાં તેમના વ્યવસાયમાં વિવિધતા આવે છે. આથી મહદઅંશે તેમની આર્થિક પરિસ્થિતિ સુધરે છે. છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કરતાં આશ્રમશાળામાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પ્રભાવી જૂથની સંસ્કૃતિની અસર વધુ હોય તે સ્વાભાવિક છે. કારણ કે

---

૧. સંદેશ તા. ૧૬-૧-૧૯૭૯

પ્રભાવી જૂથના લોકો વેડછાળ અને સંતપુરામાં જે પ્રકારે આશ્રમી કેળવણી લેતા તે પ્રકારની કેળવણી મેળવવા આશ્રમશાળાનો ઉદ્ભવ અને વિકાસ થયો છે. આથી જ આશ્રમશાળાઓ નઇ તાલીમના સિદ્ધાંત અને આદર્શને ખ્યાલમાં રાખી ચલાવવામાં આવે છે. આ પ્રકારની કેળવણી દ્વારા વિદ્યાર્થીઓનું ચારિત્ર્યઘડતર અને શ્રમનું ગૌરવ જાળવી રાખવાનો હેતુ પણ છે. વર્તમાન સમયમાં ગાંધીની વિચારસરણી પ્રમાણે જીવન જીવના અને શિક્ષણનું અને રચનાત્મક કાર્ય કરનાર આગેવાનો આશ્રમશાળા અંગે જુદો મત ધરાવે છે. આ અંગે શ્રી દિલખુશભાઇ દિવાનજી જણાવે છે કે " નઇ તાલીમના આશ્રમોમાંથી નીકળેલાં બાઇબહેનોનાં જીવન કોઇ અપવાદ સિવાય આવાં બેશમારામી કેમ થઇ જાય છે ?.. સમજણપૂર્વક પરિશ્રમ, સ્વાવલંબન, સાદાઇ અને મહેનત મજૂરી કરીને જીવનનિર્વાહ કરવાની શ્રદ્ધા અને ટેવો સાવ ઘસાઇ જાય છે. "[2]

કેટલાક શિક્ષિત યુવાનો, સામાજિક કાર્યકરો ( આદિવાસી અને બિનઆદિવાસી બન્ને ) એમ માને છે કે " આશ્રમશાળાઓ આદિવાસીઓને આદિવાસી રાખવા માટે જ છે " તેમનું આવું વલણ પ્રબળ થવા પાછળનું મુખ્ય કારણ એ છે કે આશ્રમશાળામાં વિદ્યાર્થી પાસે શારીરિક શ્રમ કરાવવામાં આવે છે. આ પ્રકારના શ્રમમાં ખેતી, પશુપાલન અને આશ્રમશાળાની સ્વચ્છતા અંગેના કામો ઉપરાંત ઘણીવાર આશ્રમશાળાના સેવકો અને સંચાલક મંડળના પ્રમુખ સભ્યોના ઘરને લગતા અંગત કામો વિદ્યાર્થી પાસે કરાવતા હોય છે. આવા કારણો તે લઇને આશ્રમ શાળાનો વિરોધ કરનાર જૂથ આશ્રમશાળા કે બુનિયાદી શિક્ષણનો

---

૨. આદિવાસીનું શિક્ષણ કેવું હોય ? વિદ્યાપીઠ, આદિવાસી વિશેષાંક વર્ષ-૩, અંક-૫, સપ્ટે-ઓક્ટો -૧૯૬૫, પાન ૨૩૦

વિરોધ નથી કરતા પણ તેની કાર્ય પ્રણાલિકા અને માળખા સામે વિરોધ કરે છે. જ્યારે આદિવાસીઓ વિશે સંશોધન કરનાર સંસ્થાઓ, આદિવાસીઓમાં શિક્ષણનું કામ કરનારી સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારના જિલ્લા કક્ષાના અને રાજ્ય કક્ષાના વિકાસખાતાના અધિકારીઓ ચોક્કસપણે માને છે કે આદિવાસીઓમાં શિક્ષણ વધારવા માટે આશ્રમશાળાઓ જરૂરી છે. કારણકે આશ્રમશાળાએ પ્રાથમિક શાળા કરતાં વધુ સારું શિક્ષણ આપની સંસ્થા છે. આશ્રમશાળાના વિદ્યાર્થીઓ છાત્રાલયમાં સમૂહમાં સતત રહેતા હોવાથી છાત્રાવાસના લાભ ઉપરાંત ગેરહાજરીના પ્રશ્નો ગૌણ રહે છે. શિક્ષકોનું સતત માર્ગદર્શન હોવાથી ગૃહકાર્ય, સ્વાધ્યાય, રમતગમત વગેરે સહઅભ્યાસ પ્રવૃત્તિઓને ઉત્તેજન મળે છે. જે દ્વારા વિદ્યાર્થીનું સર્વાંગી ઘડતર કરવાની સારી તક ઉપસ્થિત થાય છે. તદ્ઉપરાંત પ્રાથમિક શાળા કરતાં આશ્રમશાળામાં ઉત્પાદક પ્રવૃત્તિને મહત્ત્વ આપવામાં આવતું હોઇ વિદ્યાર્થીઓ ઉત્પાદકશ્રમ દ્વારા ઉપયોગી કેળવણી પ્રાપ્ત કરી શકે છે. આથી આદિવાસી વિસ્તારોમાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ વધુને વધુ શરૂ કરવામાં આવતી હોય છે.

✓ પ્રાથમિક શાળા કરતાં આશ્રમશાળામાં શિક્ષકના સતત માર્ગદર્શન અને દેખરેખને કારણે વિદ્યાર્થીઓ શિક્ષણમાં વધુ રસ લે છે. આ કારણે આદિવાસી વિસ્તારની પ્રાથમિક શાળા કરતાં આશ્રમ શાળાઓમાં શિક્ષણમાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આ અંગે થયેલા અભ્યાસોમાં આ હકીકત સ્પષ્ટરીતે જાણવા મળી છે.

આપણે અગાઉ જોયું તે મુજબ રાજ્યના આદિવાસી વિસ્તારમાં આદિવાસી બાળકો વધુને વધુ પ્રમાણમાં કેળવણી લેતા થાય તે માટે આશ્રમશાળાઓ શરૂ કરવામાં આવી છે. પરંતુ આ આશ્રમશાળાઓ

એના ધારા ધોરણ મુજબ ચાલે છે કે કેમ તેમજ આશ્રમશાળા ચલાવવામાં કયા પ્રકારની વહીવટી મુશ્કેલીઓ નડે છે, તેની શિક્ષણ પદ્ધતિ વિદ્યાર્થીઓને અનુકૂળ છે કે કેમ તેમજ આશ્રમશાળામાં ભણતાં વિદ્યાર્થીઓને કયા પ્રકારની મુશ્કેલીઓ નડે છે અને રાજયના કયા વિસ્તારમાં તેની વધુ જરૂરિયાત છે અને કયા વિસ્તારમાં જરૂરિયાત નથી આ બધા પ્રશ્નોની જાણકારી મેળવવી જરૂરી છે. આ બધા પ્રશ્નોની જાણકારી સમગ્ર રીતે મેળવવામાં સંશોધન અભ્યાસ અગત્યનો બને છે. આમ આ બધા પાસાઓને વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવા માટે ગુજરાત સરકારે કેન્દ્રને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનો અભ્યાસ સત્વરે હાથ ધરવાની જવાબદારી સોંપી હતી. આ સંશોધન અભ્યાસ આ જવાબદારીને એક અનિવાર્ય ભાગ ગણવામાં આવેલ છે.

આ પ્રકરણમાં જીવન ઘડતરમાં આશ્રમશાળાની ભૂમિકા સ્પષ્ટ કરી, બીજા પ્રકરણમાં ઉ.બુ.આશ્રમશાળાની મૂલ્યાંકન ભૂમિકા અને તેના ઇતિહાસ અંગેની ચર્ચા કરી છે.

# પ્રકરણ - ૨

## ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના અભ્યાસની મૂલ્યાંકન ભૂમિકા

- ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ
- મૂલ્યાંકન ભૂમિકા
- ઉ.બુ.આશ્રમશાળાનો વિકાસ
- બુનિયાદી શિક્ષણનો પ્રારંભ
- ઉ.બુ.આશ્રમશાળા શરૂ થયાનું વર્ષ
- નિદર્શન પસંદગી
- અભ્યાસના એકમની પસંદગી
- અભ્યાસની પ્રવિધિ

## પ્રકરણ - ૨

## ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના અભ્યાસની

## મૂલ્યાંકન ભૂમિકા

### ગુજરાતની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ :

ગુજરાતમાં તા.૩૧-૩-૧૯૮૮ના રોજ ૫૫ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ હતી. જેની જિલ્લાવાર માહિતી કોઠા ૨.૧ માં મૂકવામાં આવી છે.

કોઠો : ૨.૧

જિલ્લાવાર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની સંખ્યા દર્શાવતો કોઠો ( ૩૧-૩-૮૮ સુધીમાં )

| ક્રમ | જિલ્લાનું નામ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧ |
| ૨ | ડાંગ | ૧ |
| ૩ | પંચમહાલ | ૮ |
| ૪ | બનાસકાંઠા | ૧ |
| ૫ | ભરૂચ | ૪ |
| ૬ | વડોદરા | ૬ |
| ૭ | વલસાડ | ૭ |
| ૮ | સાબરકાંઠા | ૫ |
| ૯ | સુરત | ૨૨ |
| | કુલ | ૫૫ |

ઉપરોક્ત કોઠા પરથી જોઇ શકાય છે કે સૌથી વધુ ઉ.બુ. આશ્રમશાળાઓ સુરત જિલ્લામાં છે. આવુ છાત્રાલયની બાબતમાં પણ છે. આ જિલ્લામાં ૧૯૮૪-૮૫ના અંતે સુધીમાં ૧૨૪ છાત્રાલય હતા. આ સમય સુધીમાં અન્ય કોઇ જિલ્લામાં આટલા છાત્રાલય નથી.

સુરત જિલ્લામાં ઉ.બુ.આશ્રમશાળા અને છાત્રાલય વધુ છે. આથી આ જિલ્લાની અનુસૂચિત જનજાતિઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ પણ વધ્યું છે. આ બાબત ૧૯૭૧માં ગુજરાતની જુદી જુદી અનુસૂચિત જનજાતિઓમાં કેટલા ટકાએ અક્ષરજ્ઞાન મેળવ્યું છે તેના આંકડા તપાસતા ખ્યાલ આવે છે.

૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતની કુલ ૨૯ અનુસૂચિત જનજાતિઓમાં ધોડિયા જાતિમાં ૩૧.૧૯ ટકા, ચૌધરીમાં ૨૨.૦૪ ટકા, પટેલીયામાં ૧૮.૯૪ ટકા ધાનકામાં ૧૭.૦૫ ટકા ગામીતમાં ૧૪.૮૬ ટકા અને સીદીમાં ૧૪.૮૨ ટકા લોકો અક્ષરજ્ઞાન ધરાવનાર હતા. આ પાંચે જાતિઓમાં ધોડિયા, ચૌધરી અને ગામીત જાતિના લોકો મુખ્યત્વે સુરત જિલ્લામાં વસે છે.

૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ભારતની પ્રમુખ ૨૦ અનુસૂચિત જનજાતિઓમાં અક્ષરજ્ઞાન ધરાવનારનું જે પ્રમાણ છે તેમાં ધોડિયા જાતિમાં અક્ષરજ્ઞાન ધરાવનાર વસ્તી વધુ હતી. આ જાતિનો ક્રમ પ્રથમ હતો. ૧૯૬૧થી ૧૯૭૧ના દસકામાં ભારતની પ્રમુખ ૨૦ અનુસૂચિત જનજાતિઓમાં અક્ષરજ્ઞાન ધરાવનાર વસ્તીમાં જે વધારો થયો છે તેમાં ધોડિયા જાતિનો ક્રમ ત્રીજો હતો.

આ ઉપરથી ખ્યાલ આવે છે કે સુરત જિલ્લાની કેટલીક અનુસૂચિત જનજાતિઓમાં શિક્ષણનો વ્યાપ વધારવામાં આશ્રમશાળાઓ, ઉ.બુ. આશ્રમશાળાઓ અને છાત્રાલય સંસ્થાઓએ અગત્યની ભૂમિકા ભજવી છે.

**મૂલ્યાંકન ભૂમિકા :**

ડાંગ જિલ્લામાં આવેલ ઉત્તર બુનિયાદીને બાદ કરતા બાકીની તમામ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓ કરે છે. ગુજરાત સરકારે ભણોત સમિતિ અને ભગવતભાઇ દવેના અધ્યક્ષપદે આશ્રમશાળાઓના અને ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓના શૈક્ષણિક, વહીવટી અને આર્થિક ( અનુદાનને લગતા ) પ્રશ્નોની વિચારણા કરવા તેમજ તે અંગેના નવા નિયમો ઘડવા માટે સમિતિની રચના કરેલ આ બન્ને સમિતિઓએ પોતાનો અહેવાલ સરકારને સુપ્રત કર્યો છે. આ અહેવાલમાં સંચાલક સંસ્થાઓને પડતી નાણાંકીય મુશ્કેલીની વિગતે ચર્ચા કરી તેના માટે સૂચનો રજૂ કર્યા છે. શ્રી ભગવતભાઇ દવેની સમિતિએ આદિવાસી વિસ્તારની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ વિશે સર્વ વિસ્તૃત અભ્યાસ કરવાની ભલામણ કરી છે. આથી આદિવાસી વિકાસ વિભાગ દ્વારા આ અભ્યાસ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવ્યો છે. આમ કરવાનુ મુખ્ય કારણ એ પણ હોઇ શકે કે છેલ્લા થોડા સમયથી બૃહદ સમાજમાં એવી માન્યતા વધુને વધુ દઢ થતી જાય છે કે હવે માધ્યમિક શિક્ષણની નવી શૈક્ષણિક સંસ્થાઓ અને તેને આનુષાંગિક સંસ્થાઓ જેવી કે છાત્રાલય અને આશ્રમશાળાઓ શરૂ ન કરવા આ અંગે સામાન્ય રીતે નીચેના કારણો જણાવવામાં આવે છે.

(૧) અનુસૂચિત જનજાતિની વસ્તીવાળા વિસ્તારોમાં માધ્યમિક શિક્ષણની શાળાઓની સંખ્યા વધી છે, આથી વિદ્યાર્થીઓ પોતાના ગામથી આવજા કરી શિક્ષણ લઇ શકશે.

(૨) છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં પુરતો અને પૌષ્ટિક ખોરાક તેમજ જરૂરી સવલતો અપાતી નથી.

(૩) સંચાલકોને શૈક્ષણિક સંસ્થાઓ ખોલવામાં રસ છે, પણ તેનો વિકાસ કરવામાં ઓછો રસ છે.

(૪) જે વાલીની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેવા વાલીના બાળકોને છાત્રાલય કે આશ્રમશાળામાં પ્રવેશ ઓછા પ્રમાણમાં મળે છે. આમ થવાથી સાધન સંપન્ન આદિવાસીઓ આ યોજનાનો લાભ વધુ પ્રમાણમાં લેતા હોય છે.

(૫) આદિવાસી વિસ્તારમાં રાજકીય અને આર્થિક પાસું મજબૂત કરવા આ જાતિના આગેવાનો શૈક્ષણિક સંસ્થા ચલાવે છે. આથી જ મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓના સંચાલન મંડળમાં રાજ્યકક્ષાના કે જિલ્લાકક્ષાના આગેવાનો હોય છે. આ આગેવાનો શિક્ષણના પાસાને ગૌણ ગણે છે. આથી શિક્ષક અને વિદ્યાર્થીઓના પ્રશ્નો પ્રતિદિન વધતા જાય છે.

અનુસૂચિત જનજાતિના લોકોમાં અને બૃહદ સમાજમાં આ અને આવી અનેક શંકા, કુશંકાઓ ઉદ્ભવે છે. આવા તબક્કે ઉત્તર બુનિયાદીની સફળતા કે તેના અંગેની ફરિયાદોને ધ્યાનમાં લઇ લાંબા ગાળાની દ્રષ્ટિએ નવી કેટલી ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાની આવશ્યકતા છે, તેમજ ચાલુ ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં નવા સુધારા વધારાને કેટલું સ્થાન છે એ વિશે વર્તમાન સમયમાં વૈજ્ઞાનિક પધ્ધતિથી અભ્યાસ કરવાનુ અનિવાર્ય બન્યું છે. આ સાથે આ શૈક્ષણિક સંસ્થાનું આદર્શ સ્વરૂપ કેવું હોવું જોઇએ તેના વિશે સભાનપણે વિચારણા કરવામાં આવા અભ્યાસો મદદરૂપ થઇ શકે તેમ છે. આવા અભ્યાસના તારણો અને સૂચનોને ખ્યાલમાં રાખી નવી આશ્રમશાળાઓ શરૂ કરવામાં આવે તો બૃહદ સમાજની જે શંકાઓ છે તે દૂર કરી શકાય.

ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના મૂલ્યાંકનના ઉદ્દેશો :

(૧) ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેના સ્ત્રોત કયા છે ?

(૨) ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં કઇ જાતિના વિદ્યાર્થીઓ વધુ પ્રમાણમાં પ્રવેશ મેળવે છે અને તેમના વાલીઓની આર્થિક પરિસ્થિતિ કેવી છે ?

(૩) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાથી આદિવાસી સમાજમાં મહિલા શિક્ષણમાં પ્રગતિ હાંસલ થઇ છે કે કેમ ?

(૪) ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ કેટલું છે ?

(૫) ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓનું ન્યુ.એસ.એસ.સી.નું પરિણામ કેટલું આવે છે.

(૬) એસ.એસ.સી.ના અભ્યાસ બાદ કેટલા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લે છે.

(૭) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના હાલના શિક્ષણથી વાલીઓને અને વિદ્યાર્થીઓને સંતોષ છે ?

(૮) આદિવાસીઓના શિક્ષણમાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની ઉપયોગિતા કેટલી છે ?

(૯) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ નિયમ પ્રમાણે ચાલે છે કે કેમ ?

(૧૦) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના પ્રશ્નો ~~XXX~~ કયા છે અને તેની સંભવિત ઉકેલો શું હોઇ શકે ?

(૧૧) રાજ્યમાં નવી કેટલી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની જરૂર છે.

## ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનો વિકાસ :

ઇ.સ.૧૮૮૨ પહેલા અનુસૂચિત જનજાતિઓના લોકોમાં શિક્ષણના પ્રસાર અંગે કોઇ નોંધપાત્ર કાર્ય થયું નથી. આ સમય દરમ્યાન રાજ્યે શિક્ષણને પોતાના કાર્ય તરીકે સ્વીકાર્યું ન હતું. બિન આદિવાસી વિસ્તારોમાં સરકારી શાળાઓ ચાલતી હતી આવી શાળાઓ અનુસૂચિત જનજાતિવાળા વિસ્તારમાં હતી નહીં. અલબત વ્યક્તિગત ધોરણે ઘોડિયા અને ચોધરી જાતિના ગણ્યાં ગાંઠ્યા વિદ્યાર્થીઓ બ્રાહ્મણો દ્વારા ચલાવાતી શાળાઓમાં અભ્યાસ કરવા જતા હતા.

ઇ.સ.૧૮૮૦માં ધી ઇન્ડીયન એજ્યુકેશન કમિશને અનુસૂચિત જનજાતિઓમાંથી શિક્ષકો તૈયાર કરવા માટે પ્રયાસ કરવા ભલામણ કરી હતી. આથી કેન્દ્રીય પ્રાથમિક શાળાઓ રચી, તેની સાથે છાત્રાલય શરૂ કરવામાં આવ્યા. આ શાળાનો મુખ્ય હેતુ અનુસૂચિત જનજાતિઓના વિદ્યાર્થીઓને વર્નાક્યુલર ફાઇનલની પરીક્ષા માટે તૈયાર કરવાનો હતો. આ વિદ્યાર્થીઓ ફાઇનલનું શિક્ષણ લઇ ટ્રેનિંગ કોલેજમાં જતા, આવી શાળાઓ ગોડસંબા ( સુરત જિલ્લો ) ખેરગામ ( વલસાડ જિલ્લો ) દિવા ( ભરૂચ જિલ્લો ) અને દાહોદ ( પંચમહાલ જિલ્લો ) માં હતી. આ શાળા સારી એવી સફળ થઇ આથી પૂરતા પ્રમાણમાં અનુસૂચિત જનજાતિના શિક્ષકો તૈયાર થયા. આ શિક્ષકોને પહેલા અનુસૂચિત જનજાતિના વિસ્તારમાં શિક્ષક તરીકે મૂકવામાં આવતા, આમ છતાં શિક્ષકોની સંખ્યા વધુ હતી, આથી સર્વ સામાન્ય પ્રાથમિક શાળાઓમાં પણ આવા શિક્ષકોને મૂકવામાં આવ્યા. આ પ્રયાસથી કેટલીક અનુસૂચિત જનજાતિઓમાં શિક્ષણ અંગેનું વલણ હકારાત્મક બન્યું હતું.

## બુનિયાદી શિક્ષણનો પ્રારંભ :

ગાંધીજીની વિચાર સરણી પ્રમાણે કામ કરનાર રચનાત્મક કાર્યકરોમાં પૂ.ઠક્કરબાપા અને ઇદુલાલ યાજ્ઞિકે પંચમહાલ જિલ્લામાં ભીલ સેવા મંડળની સ્થાપના કરી આ સંસ્થાએ ૧૯૨૩માં ઝાલોદ, જેસાવાડા અને મીરાખેડીમાં આશ્રમની સ્થાપના કરી. આજ સમય દરમ્યાન શ્રી. જુગતરામભાઇ દવે અને શ્રી. નરહરિભાઇએ સરભોણ (સુરત)માં આશ્રમની સ્થાપના કરી.૧૯૨૮માં વેડછીમાં શાળા શરૂ કરવામાં આવી જેને 'આશ્રમ ઉદ્યોગશાળા''નુ નામ આપવામાં આવ્યું. આ આશ્રમશાળાઓમાં અક્ષરજ્ઞાનની કેળવણીના અપાતીજ સાથોસાથ આઝાદીની લડતના કેન્દ્ર તરીકેની ભૂમિકા પણ ભજવાતી હતી. આથીજ આ આશ્રમશાળામાં તૈયાર થયેલા કાર્યકરો આઝાદીની લડતમાં અથવા તો સામાજિક કાર્યોમાં રોકાતા હતા. આઝાદી બાદ ૧૯૫૩-૫૪માં આશ્રમશાળાઓની યોજના અમલમાં આવી આ સમયે પ્રાથમિક કક્ષાનું શિક્ષણ આશ્રમશાળાઓમાં અપાતું હતું. ત્યારબાદ ઉ.બુ.આશ્રમશાળાઓ શરૂ કરવામાં આવી.

## ઉ.બુ.આશ્રમશાળા શરૂ થયાનું વર્ષ :X

ગુજરાતમાં ૧૯૬૩ થી ૧૯૮૭ સુધીમાં કુલ ૪૪ ઉ.બુ.આશ્રમ શાળા હતી. પ્રતિવર્ષ બે કરતા ઓછી ઉ.બુ.આશ્રમશાળા નવી શરૂ થઇ હતી. ઉ.બુ.આશ્રમશાળા શરૂ થયાની વર્ષવાર વિગતે માહિતી કોઠા - ૨.૨ માં દર્શાવેલ છે.

---

X અભ્યાસની પ્રાથમિક માહિતી માટે ગુજરાતની દરેક ઉ.બુ. આશ્રમશાળાને પ્રશ્નાવલી મોકલેલ તેમાંથી ૪૫ ઉ.બુ.આશ્રમ શાળાએ પ્રશ્નાવલી ભરીને મોકલી આપી તેની માહિતી કોઠામાં મૂકી છે.

## કોઠો : ૨.૨

### ઉ.બુ. આશ્રમશાળા શરૂ થયાના વર્ષની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | વર્ષ | અમદાવાદ | પંચમહાલ | બનાસકાંઠા | ભરૂચ | વડોદરા | વલસાડ | સાબરકાંઠા | સુરત | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૬૩ | - | - | - | - | - | - | - | ૧ | ૧ |
| ૨ | ૧૯૬૫ | - | ૧ | - | - | - | - | - | - | ૧ |
| ૩ | ૧૯૬૭ | - | - | - | - | ૧ | - | - | - | ૧ |
| ૪ | ૧૯૬૯ | - | - | - | - | - | ૧ | - | ૧ | ૨ |
| ૫ | ૧૯૭૦ | - | - | - | ૧ | - | - | - | - | ૧ |
| ૬ | ૧૯૭૧ | - | ૧ | - | - | - | - | ૧ | ૧ | ૩ |
| ૭ | ૧૯૭૩ | - | - | - | ૧ | - | - | - | ૧ | ૨ |
| ૮ | ૧૯૭૪ | - | - | - | - | - | ૧ | - | - | ૧ |
| ૯ | ૧૯૭૬ | - | - | - | - | ૧ | - | ૧ | - | ૨ |

ચાલુ...

કોઠો: ૨.૨.. ચાલુ..

| ક્રમ | વર્ષ | અમદાવાદ | પંચમહાલ | બનાસકાંઠા | ભરૂચ | વડોદરા | વલસાડ | સાબરકાંઠા | સુરત | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૯૭૭ | - | ૧ | - | - | - | - | - | ૧ | ૨ |
| ૧૧ | ૧૯૭૮ | - | - | - | ૧ | - | - | - | ૧ | ૨ |
| ૧૨ | ૧૯૭૯ | - | - | - | ૧ | - | - | ૧ | - | ૨ |
| ૧૩ | ૧૯૮૦ | - | - | - | - | - | ૨ | - | - | ૨ |
| ૧૪ | ૧૯૮૧ | - | - | - | - | - | ૧ | - | ૭ | ૮ |
| ૧૫ | ૧૯૮૩ | - | ૧ | ૧ | - | - | - | - | - | ૨ |
| ૧૬ | ૧૯૮૪ | - | - | - | - | ૧ | ૧ | - | - | ૨ |
| ૧૭ | ૧૯૮૫ | - | ૧ | - | - | - | - | - | ૩ | ૪ |
| ૧૮ | ૧૯૮૬ | - | ૨ | - | - | ૧ | - | ૧ | ૧ | ૫ |
| ૧૯ | ૧૯૮૭ | - | - | - | - | ૧ | - | - | - | ૧ |
| ૨૦ | માહિતી આપી નથી | ૧ | - | - | - | - | - | - | - | ૧ |
| | | ૧ | ૭ | ૧ | ૪ | ૫ | ૬ | ૪ | ૧૭ | ૪૫ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૬૩થી ૧૯૭૦ ( પ્રથમ તબક્કામાં )ના વર્ષોમાં ગુજરાતમાં ૬ ઉ.બુ.આશ્રમશાળા શરૂ થઇ હતી. આમાં સૌથી પ્રથમ ઉ.બુ. આશ્રમશાળા સુરત જિલ્લામાં શરૂ થઇ હતી. ત્યારબાદ પંચમહાલ, વડોદરા, વલસાડ અને ભરૂચ જિલ્લામાં ઉ.બુ.આશ્રમશાળા શરૂ થઇ હતી. ઉ.બુ.આશ્રમશાળા શરૂ થયાના આ પ્રથમ તબક્કામાં સુરત જિલ્લામાં બે ઉ.બુ.આશ્રમશાળા શરૂ થઇ હતી.

૧૯૭૧ થી ૧૯૮૦ ( બીજા તબક્કામાં ) ના વર્ષોમાં નવી ૧૬ ઉ.બુ.આશ્રમશાળા શરૂ થઇ હતી. તેમાંથી સુરતમાં ૪ અને ભરૂચ, વલસાડ, સાબરકાંઠામાં ત્રણ, ત્રણ , પંચમહાલમાં બે અને ભરૂચમાં ૧ ઉ.બુ.આશ્રમશાળા શરૂ થઇ હતી. ઉ.બુ.આશ્રમશાળાના વિકાસના આ તબક્કામાં ગુજરાતમાં નવી થયેલી ઉ.બુ.આશ્રમશાળાનો ૨૫ ટકા ઉ.બુ. આશ્રમશાળા સુરત જિલ્લામાં શરૂ કરવામાં આવી હતી. આ તબક્કાના અંતે પણ બનાસકાંઠામાં વસતા અનુસૂચિત જનજાતિના લોકો માટે એક પણ ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવામાં આવી નહતી.

૧૯૮૧ થી ૧૯૮૭ ( ત્રીજા તબક્કામાં )ના વર્ષોમાં ૨૨ નવી ઉ.બુ.આશ્રમશાળાઓ શરૂ થઇ હતી. આમાંથી સુરતમાં ૧૪, પંચમહાલમાં ૪, વડોદરામાં ૩, વલસાડમાં ૨, અને બનાસકાંઠા અને સાબરકાંઠામાં એક એક ઉ.બુ.આશ્રમશાળા શરૂ થઇ હતી. ત્રીજા તબક્કામાં શરૂ થયેલી નવી ઉ.બુ.આશ્રમશાળાના ૫૦ ટકા કરતા વધુ ઉ.બુ.આશ્રમશાળાઓ સુરત જિલ્લામાં શરૂ થઇ હતી. બનાસકાંઠાના પછાત વિસ્તારમાં તો ઉ.બુ.આશ્રમશાળા શરૂ થયાના ૨૦મા વર્ષે ( ૧૯૮૩માં ) ઉ.બુ.આશ્રમશાળા શરૂ થઇ હતી. આ ઉપરથી ફલિત થાય છે કે ગુજરાતમાં ઉ.બુ.આશ્રમશાળાના વિકાસના ત્રણે તબક્કામાં શરૂ થતી નવી ઉ.બુ. આશ્રમશાળાના ૨૫ થી

૫૦ ટકા ઉ.બુ.આશ્રમશાળાઓ સુરત જિલ્લામાં શરૂ થઇ હતી. ગુજરાતના સઘન અનુસૂચિત જનજાતિના બનાસકાંઠા અને સાબરકાંઠાના વિસ્તારમાં ઉ.બુ.આશ્રમશાળાઓ ઓછી શરૂ થઇ હતી.

એક બાબત એ પણ ફલિત થાય છે કે ગુજરાતમાં ઉ.બુ. આશ્રમશાળાના વિકાસના ત્રણે તબક્કામાં છેલ્લા તબક્કા (૧૯૮૧થી ૧૯૮૭)માં અગાઉના વર્ષોમાં જેટલી ઉ.બુ.આશ્રમશાળા છે તેટલી જ નવી ઉ.બુ.આશ્રમશાળા શરૂ થઇ હતી. એ બતાવે છે કે દિન પ્રતિદિન અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ઉ.બુ.આશ્રમશાળા એક મહત્ત્વની સંસ્થા બનતી જાય છે. આમ છતાં દરેક જિલ્લામાં ઉ.બુ. આશ્રમશાળાનો પ્રમાણસર વિકાસ થયો નથી.

<u>નિદર્શન પસંદગી :</u>

અભ્યાસ માટે જરૂરી એવી પ્રાથમિક માહિતી જેવી કે એસ.એસ.સી.નું વર્ષવાર પરિણામ, જે તે વર્ષે દાખલ થયેલા વિદ્યાર્થીઓમાંથી કેટલા વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂરો કર્યો. ઉ.બુ. આશ્રમશાળા નજીક અન્ય કઇ શિક્ષણની સંસ્થાઓ આવેલી છે. આ અને આવી અન્ય વિગત માટે તા.૨૩-૮-૮૭ના રોજ ગુજરાતની દરેક ઉત્તર બુનિયાદી આશ્રમશાળાને એક પ્રશ્નાવલી મોકલવામાં આવેલ તેમાંથી તા.૨૧-૯-૮૭ સુધીમાં ૨૪ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓએ પ્રશ્નાવલી ભરીને મોકલી આપી હતી. તા. ૨૨-૯-૮૭ના રોજ બાકી રહેલ ઉ.બુ. આશ્રમશાળાઓને પ્રશ્નાવલી ભરીને મોકલી આપવા અંગે પ્રથમ સ્મૃતિપત્ર પાઠવવામાં આવેલ. આથી તા.૨-૧૧-૮૭ સુધીમાં ૧૭ ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓએ પ્રશ્નાવલી ભરીને મોકલી આપી હતી. તા.૩-૧૧-૮૭ના રોજ બાકી રહેલ આશ્રમશાળાઓને બીજો સ્મૃતિપત્ર પાઠવવામાં આવ્યો, આથી વધુ ૭ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાએ પ્રશ્નાવલી ભરીને મોકલી આપેલ. આ માહિતી આવ્યા બાદ સ્વૈચ્છિક નિદર્શનથી વડોદરા, પંચમહાલ, ભરૂચ અને સુરત જિલ્લાની એક એક ઉત્તર બુનિયાદી આશ્રમશાળાને અભ્યાસ માટે પસંદ કરવામાં આવી હતી. જેની વિગતે માહિતી નીચેના કોઠામાં આપી છે.

કોઠો : ૨.૩

અભ્યાસમાં આવરી લીધેલ ઉ.બુ.આશ્રમશાળાની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | ઉ.બુ.આશ્રમશાળાનું નામ | તાલુકો | જિલ્લો | વહીવટ કરનાર સંસ્થાનું નામ |
|---|---|---|---|---|
| ૧ | કસ્તુરબા ઉત્તર બુનિયાદી કન્યા આશ્રમશાળા | ઝાલોદ | પંચમહાલ | ભીલ સેવા મંડળ |
| ૨ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા રંગપુર | છોટાઉદેપુર | વડોદરા | વનવાસી સેવા પરિષદ વીજળી |
| ૩ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ઘાંટોલી | દેડીયાપાડા | ભરૂચ | શ્રી ભરુચ જિલ્લા આદિવાસી સેવા સંઘ |
| ૪ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ભુવાસણ | બારડોલી | સુરત | હળપતિ સેવા સંઘ |

ઉપરોક્ત વિગત ઉપરથી ખ્યાલ આવે છે કે જે તે જિલ્લામાં શિક્ષણની મોટાભાગની સ્વૈચ્છિક સંસ્થાઓની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અભ્યાસ માટે પસંદ થઇ છે. આ સાથે વિકસિત અને પછાત આદિવાસી વિસ્તારમાં આવેલ ઉ.બુ.આશ્રમશાળાઓ પણ અભ્યાસ માટે પસંદ થઇ છે. આથી ઉ.બુ.આશ્રમશાળા અંગેનું સમગ્ર ચિત્ર સમજી શકાશે.

અભ્યાસના એકમની પસંદગી :

અભ્યાસ માટે પસંદ થયેલ દરેક ઉ.બુ.આશ્રમશાળામાંથી ૩૦ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પસંદ કર્યાં છે. જેમાં ૧૦ આશ્રમશાળામાં અભ્યાસ કરતા હોય તેવા, ૧૦ અભ્યાસ છોડી વ્યવસાયમાં રોકાયેલ હોય તેવા અને ૧૦ આશ્રમશાળામાં અભ્યાસ કરી આગળ અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ પાસેથી અભ્યાસ અંગેની માહિતી એકઠી કરવામાં આવી હતી. ઉ.બુ. આશ્રમશાળામાં ભણતા કે ભણી ગયેલા વિદ્યાર્થીઓના ૧૦ વાલીઓનો સંપર્ક કરી તેમના અભિપ્રાયો પણ મેળવ્યા છે.

અભ્યાસની પ્રવિધિ :

આ અભ્યાસ માટે સંશોધનની જુદી જુદી વૈજ્ઞાનિક પ્રવિધિઓનો ઉપયોગ કર્યો છે. જેની માહિતી નીચે મુજબ છે.

પ્રશ્નાવલી :

ઉ.બુ.આશ્રમશાળાની પ્રાથમિક માહિતી માટે અને અભ્યાસમાં પસંદ થયેલ ઉ.બુ. આશ્રમશાળાની વિગતે માહિતી એકઠી કરવા પ્રશ્નાવલી બનાવવામાં આવી હતી.આના દ્વારા ઉ.બુ. આશ્રમશાળા અંગેની પ્રાથમિક માહિતી જેવી કે ઉ.બુ. આશ્રમશાળા કયા વર્ષથી શરૂ થઇ, તેની નજીક કઇ કઇ શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. જેતે આશ્રમશાળાનું છેલ્લા પાંચ વર્ષનું એસ.એસ.સી.નું પરિણામ અંગેની માહિતી મેળવી હતી.

અભ્યાસમાં જે ચાર ઉ.બુ.આશ્રમશાળાઓ પસંદ થયેલ તેની

ભૌતિક સવલત અને સરકાર તરફથી મળતી ગ્રાંટ અંગેની માહિતી એકત્ર કરવા એક પ્રશ્નાવલી બનાવવામાં આવી હતી.

અનુસૂચિ :

ઉ.બુ. આશ્રમશાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી ઉ.બુ. આશ્રમશાળા વિશેની માહિતી એકત્ર કરવા અનુસૂચિ બનાવવામાં આવી હતી. આમાં કુટુંબની વિગતો જેવીકે સભ્ય સંખ્યા, કુટુંબના સભ્યો કયા કેટલું ભણ્યા, કુટુંબના સભ્યોનો વ્યવસાય, પશુ, જમીન, વાર્ષિક આવક ખર્ચ અને દેવા વિશેની માહિતી અને ઉ.બુ. આશ્રમશાળા વિશે વિદ્યાર્થીઓ અને વાલીઓના અભિપ્રાય સંબંધી મુદ્દાઓનો સમાવેશ કર્યો હતો.

નિરીક્ષણ :

અભ્યાસની મોટાભાગની માહિતી પ્રશ્નાવલી અને અનુસૂચિ દ્વારા એકત્ર કરવામાં આવેલ, મળેલ માહિતીની વિગતે જાણકારી મેળવવા અને તેની ચકાસણી કરવા માટે નિરીક્ષણ પ્રવિધિનો ઉપયોગ કર્યો હતો. આમાં સહભાગી નિરીક્ષણ અને અસહભાગી નિરીક્ષણ દ્વારા માહિતી મેળવવામાં આવેલ, સહભાગી નિરીક્ષણમાં પ્રાર્થનામાં, શ્રમકાર્યમાં સાથે રહીને, ભોજન સમયે સાથે રહી માહિતી એકઠી કરેલ જ્યારે અસહભાગી નિરીક્ષણમાં તેઓ છાત્રાલયમાં કઇ રીતે રહે છે. આખો દિવસ કેવા પ્રકારના કામો કરે છે. શિક્ષણના પ્રશ્નોની ચર્ચા કેટલા પ્રમાણમાં કરે છે.આવી માહિતી અસહભાગી નિરીક્ષણ દ્વારા મેળવવાનો પ્રયત્ન કર્યો હતો.

હવે પછીના પ્રકરણ ત્રણમાં બે આશ્રમશાળાનો એકમ અભ્યાસના આધારે એકત્ર કરેલ વિગતો આપી છે. આથી ઉ.બુ.આશ્રમશાળાનું સમગ્ર ચિત્ર સમજવાની અનુકૂળતા રહેશે.

# પ્રકરણ – ૩

## બે આશ્રમશાળાઓ

( એક એકમ અભ્યાસ )

## પ્રકરણ - ૩

## બે આશ્રમશાળાઓ

(એક એકમ અભ્યાસ)

**અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળા વિશે :**

**મુખ્ય મથકથી અંતર :**

અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળાનું ગામ તાલુકા મથકથી ૨૦ કિ.મી. દૂર અને જિલ્લાના મુખ્ય મથકથી ૬૭ કિ.મી. દૂર છે. તાલુકા મથકેથી આ ગામે જવા સવારે ૮-૩૦ કલાકે, ૧૧ કલાકે અને સાંજે ૧૭ કલાકે એસ.ટી.ની બસ ઉપડે છે. આ બસો અભ્યાસના ગામેથી પરત તાલુકા મથકે આવે છે. જિલ્લા મથકથી આ ગામે જવાની એસ.ટી.બસની સવલત નથી. પણ ખાનગી ભાડાના વાહનો મળી રહે છે.

**ગામની વસ્તી- શિક્ષણ અને વ્યવસાય :**

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે અભ્યાસના ગામની ૫૫૧ની વસ્તી હતી. તેમાં ૫૧.૭૨ ટકા પુરુષો અને ૪૮.૨૮ ટકા સ્ત્રીઓ હતી. કુલ વસ્તીના ૧૧.૯૮ ટકા હરિજન અને ૬.૭૨ ટકા આદિવાસીઓની વસ્તી હતી. આ ગામમાં બક્ષીપંચમાં સમાવેલ ઠાકોરની વસ્તી વધુ હતી. જેને ગામના લોકો ઉજળીયાત તરીકે ઓળખે છે. આ દિવાસીઓમાં ભીલ અને ગરાસીયાની વસ્તી વસે છે.

ગામની કુલ વસ્તીના ૩૫.૩૯ ટકા લોકો અક્ષરજ્ઞાન ધરાવે છે. તેમાં ૬૨.૦૫ ટકા પુરુષો અને ૩૭.૯૫ ટકા સ્ત્રીઓ અક્ષરજ્ઞાન ધરાવે છે. દર સો પુરુષોએ ૫૭ પુરુષો અને દર સો

સ્ત્રીઓએ ૭૨ સ્ત્રીઓ અભણ હતી. પુરુષોમાં ૫૭.૯૦ ટકા કમાનાર, ૧.૪૦ ટકા સીમાંત કામદારો અને ૪૦.૭૦ ટકા નહીં કમાનાર પુરુષો હતા. સ્ત્રીઓમાં ૦.૩૮ ટકા કમાનાર, ૧૨.૪૧ ટકા સીમાંત કામદાર અને ૮૭.૨૨ ટકા નહીં કમાનાર સ્ત્રીઓ હતી. કમાનાર પુરુષોમાં ૪૩.૬૪ ટકા ખેડૂત અને ૨૦ ટકા ખેતમજૂર હતા.

## ગામમાં ઉપલબ્ધ સવલતો :

તાલુકા મથકેથી ગામને જોડતો રસ્તો પાકો છે. ગામમાં સબપોસ્ટ ઓફીસ, ગ્રામીણ બેંક ખાનગી અને સરકારી દવાખાનું પણ છે. ગામમાં પાંચ દુકાન છે તેમાં એક સસ્તા અનાજની અને બીજી બે પરચુરણ ચીજવસ્તુની દુકાન છે. આ દુકાનમાં શાકભાજી અનાજ, લાઇટના ગોળા, તેમજ વીજળીને લગતો અન્ય સામાન સાબુ, તેલ, દાંતિયા અને શૃંગારની ચીજવસ્તુઓ મળે છે. એક કાપડની દુકાન પણ છે. પાન-મસાલાની એક કાપડની દુકાન પણ છે. પાન-મસાલાની એક દુકાન છે. આ સિવાય બસ સ્ટેન્ડ પાસે બે પાન-મસાલાની અને એક ચાની લારી પણ છે. ગામમાં અનાજ દળવાની ઘંટી પણ છે.

ગામમાં પીવાના પાણીની સવલતમાં કુવા અને વોટર સ્ટેન્ડ છે. પટેલ ફળીયામાં અને નિશાળ ફળીયાના અમુક ઘરોમાં ઘેર ઘેર નળ પણ છે.

ગામનો મુખ્ય પાક મકાઇ છે.

## શૈક્ષણિક સંસ્થા :

ગામમાં જિલ્લા પંચાયતની ૧ થી ૭ ધોરણની શાળા છે. આ ગામથી ત્રણ કિ.મી. દૂર પ્રાથમિક વિભાગની આશ્રમશાળા છે. આ આશ્રમશાળાના બાળકો અભ્યાસની ઉ.બુ. આશ્રમશાળામાં દાખલ થતા નથી. કારણકે પ્રાથમિક વિભાગની આશ્રમશાળાના વ્યવસ્થાપક

મંડળ પાસે માધ્યમિક શિક્ષણની સંસ્થા છે. તેમાં ઉ.બુ.શાળા અને માધ્યમિક શાળાઓ છે. આ શાળાઓ સાથે છાત્રાલયો જોડાયેલા છે.

ઉ.બુ.આશ્રમશાળા વિશે :

આ આશ્રમશાળા ૧૯૮૩-૮૪માં શરૂ કરવામાં આવી છે. આ આશ્રમશાળાના સંચાલકો પાસે ૧૨ માધ્યમિક શાળાઓ અને ૫ છાત્રાલય છે. ઉત્તર બુનિયાદીના શિક્ષણની અન્ય કોઈ સંસ્થા નથી. સંચાલક મંડળના સભ્ય તરીકે ગુજરાતના વર્તમાન પ્રધાન મંડળના એક પ્રધાન છે. અન્ય સભ્યોમાં તાલુકાના અને જિલ્લા પંચાયતના વર્તમાન અને ભૂતપૂર્વ સભ્યો છે. તેઓનો સંપર્ક ઉ.બુ.આશ્રમશાળાના ગામ સાથે અને તેની નજીકના ગામ સાથે છે.

ઉ.બુ.આશ્રમશાળાનું મકાન :

આ આશ્રમશાળા પાસે પોતાનું મકાન નથી. વિદ્યાર્થીઓ સહકારી મંડળીના મકાનમાં ( ગોદામમાં ) રહે છે. આ મકાનમાં એક મોટો રૂમ છે. જેની દિવાલ ઈંટ ચૂનાની અને છાપરું સીમેન્ટના પતરાનું છે. ભોંયતળીયે પથ્થર જડેલાં છે. આ મકાનમાં વિદ્યાર્થીઓ રહે છે. અને શાળાના વર્ગ પણ ચાલે છે. મકાનના આગળના ભાગમાં ૩૦ ફૂટના લંબચોરસ વિસ્તારની ખુલ્લી જમીન છે. આ જમીન ઉપર લીમડાના અને નીલગીરીના ઝાડ છે. લીમડાના ઝાડ નીચે ભણાવવામાં આવે છે. આ જમીન પૂરી થાય કે તુરત જ ગામનો મુખ્ય રસ્તો છે. આથી રસ્તા ઉપર માણસોની અને વાહનોની અવર જવર રહે છે.

ઉ.બુ.આશ્રમશાળાનું રસોડું :

જે મકાનમાં વિદ્યાર્થીઓ રહે છે તેનાથી ૧૦૦ ફૂટ દૂર એક

ભાડે રાખેલ ૨૦'X૨૦' ના એક ઓરડામાં રસોડું છે. કોઠાર અલગ નથી, વિદ્યાર્થીઓ જ્યાં રહે છે ત્યાં તૈયાર થયેલી રસોઇ લઇ જવામાં આવે અને વિદ્યાર્થીઓને જમાડવામાં આવે છે. વિદ્યાર્થીઓ રહે છે તે રૂમમાં લાઇટની વ્યવસ્થા નથી. જાજરૂ અને બાથરૂમની વ્યવસ્થા નથી. વિદ્યાર્થીઓ ગામની ખુલ્લી જમીનમાં જાજરૂ જાય છે.

ઉ.બુ.આશ્રમશાળાના વિદ્યાર્થીઓ :

આ ઉ.બુ.આશ્રમશાળામાં ૧૯૮૭-૮૮ના વર્ષમાં કુલ ૫૩ વિદ્યાર્થીઓ હતા. તેમાં ૪૪ કુમારો અને ૯ કન્યાઓ હતી. ૪૪ કુમારોમાં ૩૬ અનુસૂચિત જનજાતિના, ૩ અનુસૂચિત જાતિના અને ૫ બક્ષી પંચના કુમારો હતા, કન્યાઓમાં ૩ અનુસૂચિત જનજાતિની ૧ અનુસૂચિત જાતિની અને ૨ બક્ષી પંચની જાતિની કન્યાઓ હતી.

આ ઉ.બુ.આશ્રમશાળાના ક્ષેત્રકાર્યના દિવસોમાં આશ્રમશાળામાં ૧૫ થી ૨૦ વિદ્યાર્થી હાજર હતા તે કુમારો હતા.

આશ્રમશાળાની ખેતી અંગે :

અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળા પાસે જમીન નથી. ખેતીના અન્ય સાધનો કે ખેતીના ઉપયોગમાં આવે તેવા પશુ હતાં.

દૈનિક કાર્યક્રમ અંગે :

✓આશ્રમશાળામાં દૈનિક કાર્યક્રમનું આયોજન થયેલુ નથી. વિદ્યાર્થીઓને પૂછતાં ખ્યાલ આવ્યો કે સવારે ૬-૦૦ કલાકે ઉઠી, દૈનિકકાર્ય પૂરું કરી છાત્રાલયના ઓરડાની સફાઇ કરવામાં આવે છે. સવારે ૯-૩૦ કલાકે ભોજન અપાય છે. ત્યારબાદ ૧૦ થી ૫ સુધી શાળામાં શિક્ષણનું કાર્ય ચાલે છે. સાંજે ૬ કલાકે ભોજન અપાય છે.

ટુકડીના કાર્યક્રમોમાં રસોઈમાં મદદ કરવી અને પાણી ભરવાનું કામ થાય છે.

ભોજન :

દૈનિક કાર્યક્રમનું આયોજન નથી તેમ ભોજન અંગેનું પણ કોઈ વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું નથી. આ અંગે વિદ્યાર્થીઓને પૂછતા ખ્યાલ આવ્યો કે સપ્તાહમાં સવારના ભોજનમાં બે થી ત્રણ વાર દાળભાત કે ખીચડી-શાક આપવામાં આવે છે. બાકીના દિવસોમાં ઘઉં યા મકાઈના રોટલા અને કઠોળ આપે છે. સાંજે ઘઉંની થૂલી અને શાક અથવા તો રોટલા શાક અપાય છે. શિયાળામાં લીલાં શાક અપાય છે. બાકીની ઋતુમાં ડુંગળી, બટાટા અથવા તો કઠોળ અપાય છે.

શિક્ષકો :

આ ઉ.બુ.આશ્રમશાળામાં ૬ પુરુષ શિક્ષકો કામ કરતા હતા. આ શિક્ષકમાં એક પણ આદિવાસી જાતિનો શિક્ષક નથી. ૬ શિક્ષકોમાં બે બક્ષી પંચની જાતિના, બે સવર્ણ અને એક એક પઠાણ અને કુરેશી જાતિના શિક્ષકો છે. કારકુન મન્સુરી જાતિનો છે. રસોયો રાજસ્થાનનો બ્રાહ્મણ છે.

શિક્ષકો ગામમાં ભાડે મકાન રાખીને રહે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન આચાર્ય અને કારકુન ઉ.બુ. આશ્રમશાળામાં મળ્યા નહીં. ગામના લોકોને આ અંગે પૂછતા ખ્યાલ આવ્યો કે ૩૦ દિવસમાં ૨૦ દિવસ મુખ્ય શિક્ષક ઉ.બુ.શાળામાં હાજર હોતા નથી. આવું જ કારકુનનું પણ છે.

દફતર વિશે :

ઉ.બુ.આશ્રમશાળાનું દફતર મંડળની મુખ્ય ઓફીસમાં રાખવામાં આવે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન વિદ્યાર્થીનું હાજરીપત્રક, કોઠારપત્રક

પણ જોવા મળ્યા નહીં. શિક્ષકો સાથે આ અંગે ચર્ચા કરતા જાણવા મળ્યું કે હાજરીપત્રક અને કોઠારપત્રક કારકુન શાળામાં રાખે છે. નાણાંકીય લેવડદેવડના ચોપડાઓ મંડળની મુખ્ય કચેરીમાં રખાય છે.

સમાજ સાથેનો સંપર્ક :

અભ્યાસની ઉ.બુ. આશ્રમશાળાનો સંપર્ક ગ્રામ્યજન સાથે ઓછો હોય તેવું લાગ્યું. ગામમાં જે શિક્ષકો રહે છે તેમની ગ્રામ્યજન સંપર્ક છે પણ તે મર્યાદિત છે. આ અંગે શિક્ષકોનું કહેવું છે કે ગામના લોકો દારૂ ખૂબ પીવે છે અને ગ્રામ પંચાયતની ચૂંટણીનું ગંદુ રાજકારણ છે. આથી અમો ગામમાં નોકરીયાત વ્યક્તિઓ જે રહે છે તેમની સાથે બેસવા ઉઠવાનો વ્યવહાર રાખ્યે છીએ. અન્ય કોઇ વ્યક્તિ સાથે કામ સિવાય સંબંધ રાખતા નથી. આ ઉપરથી ખ્યાલ આવે છે કે આ ઉ.બુ. આશ્રમશાળાનો સમાજ સાથેનો સંપર્ક નહિંવત્ છે.

અભ્યાસની એક ઉ.બુ.આશ્રમશાળા વિશે :

મુખ્ય મથકથી અંતર :

અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળાનું ગામ તાલુકાના મથકથી ૧૦ કિ.મી. દૂર આવેલું છે. તાલુકા મથકથી આ ગામે જવા દિવસમાં ૭ થી ૮ બસ મળે છે. બપોરના ૧૨ થી ૩ ના સમયે આ ગામે જવા એક પણ બસ મળતી નથી.

ગામની વસ્તી- શિક્ષણ અને વ્યવસાય :

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે અભ્યાસના ગામની ૧૨૧૨ની વસ્તી હતી. તેમાં ૬૨૯ ( ૫૧.૯૦ % ) પુરુષો અને ૫૮૩ (૪૮.૧૦ % ) સ્ત્રીઓ હતી. કુલ વસ્તીના ૧.૯૮ ટકા

અનુસૂચિત જાતિ અને ૯૪.૮૦ ટકા અનુસૂચિત જનજાતિની વસ્તી હતી. અભ્યાસના ગામમાં અને તેની આજુબાજુના ગામમાં વસાવા ભીલની વસ્તી વધુ વસે છે.

શિક્ષણ :

ગામમાં જિલ્લા પંચાયતની ૧ થી ૭ ધોરણની શાળા છે. એક પ્રાથમિક વિભાગની આશ્રમશાળા પણ છે. જેનું સંચાલન ઉ.બુ. આશ્રમશાળાનું સંચાલક મંડળ કરે છે. પ્રાથમિક વિભાગની આશ્રમશાળા માંથી ધોરણ સાતમાં પાસથયેલા વિદ્યાર્થીઓ ધોરણ ૮ ભણવા ઉ.બુ. આશ્રમશાળામાં દાખલ થાય છે.

ગામની કુલ વસ્તીના ૩૩.૧૭ ટકા વસ્તી અક્ષરજ્ઞાન ધરાવે છે તેમાં ૭૦.૯૦ ટકા પુરુષો અને ૨૭.૧૦ ટકા સ્ત્રીઓ અક્ષરજ્ઞાન ધરાવે છે. ૧૦૦ પુરુષોએ ૫૫ પુરુષો અને ૧૦૦ સ્ત્રીઓએ ૮૦ સ્ત્રીઓ અભણ હતી.

કમાનાર :

કુલવસ્તીના ૩૭.૭૧ ટકા લોકો મુખ્ય કામ કરનાર હતા. ૬૦.૮૩ ટકા પુરુષો અને ૩૯.૧૭ ટકા સ્ત્રીઓ હતી. કમાનાર સભ્યોમાં ૭૮.૫૬ ટકા ખેડૂત હતા. ૧૩.૩૭ ટકા સ્ત્રીમાંની કામદાર હોતા તેમાં ૨૯.૬૩ ટકા પુરુષો અને ૭૦.૩૭ ટકા સ્ત્રીઓ હતી. જ્યારે ૪૮.૯૨ ટકા કામ નહીં કરનાર સભ્યો હતા. તેમાં ૫૧.૦૯ ટકા પુરુષો અને ૪૮.૯૧ ટકા સ્ત્રીઓ હતી.

✓ ગામમાં ઉપલબ્ધ સવલતો :

તાલુકા મથકેથી ગામને જોડતો રસ્તો પાકો છે. ગામના અંદરના રસ્તા કાચા છે. ગામમાં સબ પોસ્ટ ઓફીસ છે. જીવન જરૂરિયાતની ચીજવસ્તુનું વેચાણ કરતી ત્રણ દુકાન છે, જ્યાંથી

ગામના લોકો શાકભાજી અને અન્ય દૈનિક ચીજવસ્તુઓ ખરીદે છે. ઘણા કુટુંબો જીવન જરૂરિયાતની ચીજવસ્તુ અને શાકભાજી તાલુકા મથકેથી પણ ખરીદે છે. ગામમાં સસ્તા દરના અનાજની દુકાન છે. આ દુકાનમાં માલ ન હોય ત્યારે તે બંધ રહે છે. આમ હોવાથી મહિનામાં પાંચ થી સાત દિવસ જ આ દુકાન ખુલ્લી હોય છે.

ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુટુંબ કલ્યાણ કેન્દ્ર અને કોમ્યુનેટી હેલ્થ વર્કર પણ રહે છે. ખાનગી દવાખાનુ પણ છે. ગામમાં પીવાના પાણીની સવલતમાં કૂવા અને હેન્ડ પંપ છે.

## જમીન :

ગામની કુલ ભૌગોલિક વિસ્તાર ૭૪૬.૧૫ હેકટરની છે. તેમાં ૪૦.૨૨ ટકા જમીનમાં જંગલ છે. ૨૮.૧૩ ટકા જમીન ખેડાણ નીચે છે. ૯.૨૪ ટકા જમીન ખેતી શકાય તેવી પડતર છે. ગામમાં જે જમીન ખેડાણ નીચે છે તે બિન પિયત છે. ગામના મુખ્ય પાકમાં જુવાર, ચોખા અને કોદરા છે. ગામના લોકોનો મુખ્ય ખોરાક પણ આજ છે.

## ઉ.બુ.આશ્રમશાળા વિશે :

ગામના બસ સ્ટેન્ડથી ૧ કિ.મી. દૂર ઉ.બુ.આશ્રમશાળા છે. ઉ.બુ.આશ્રમશાળા નજીક ગામના લોકો રહે છે. આ ઉ.બુ. આશ્રમશાળાની સ્થાપના ૧૯૭૦માં કરવામાં આવી હતી. આ ઉ.બુ.આશ્રમશાળાના સંચાલક મંડળ પાસે ૭ માધ્યમિક શિક્ષણની સંસ્થાઓ અને ૧૨ છાત્રાલયો છે. ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં બે કોલેજ અને એક સ્ત્રી અધ્યાપન મંદિર છે. આ સંસ્થાઓ જિલ્લાના જુદા જુદા વિસ્તારમાં આવેલી છે.

આ ઉ.બુ.આશ્રમશાળાના સંચાલક મંડળમાં ગુજરાત રાજ્યના વર્તમાન પ્રધાન મંડળના એક પ્રધાન હોદ્દેદાર છે. તાલુકા અને

જિલ્લા પંચાયતના સભ્યો અને તાલુકાના અમુક ગામના સરપંચો આ મંડળના સભ્યો છે. મંડળના કારોબારીના સભ્યોમાં ત્રણ અનુસૂચિત જનજાતિના સભ્યો છે. મંડળના કારોબારી સભ્યોનો ઉ.બુ.આશ્રમશાળા અને તેની નજીકના ગામો સાથે સંપર્ક છે.

ઉ.બુ.આશ્રમશાળાનું મકાન :

ઉ.બુ.આશ્રમશાળા પાસે પોતાનું મકાન છે. જે પાકુ છે. જુદા જુદા બે મકાનના કુલ ૧૭ ઓરડાઓ છે. જેમાં ૪૦'x૪૦'x ૧૫' ના ૧૦ ઓરડાઓ છે. આ ઓરડાઓમાં વિદ્યાર્થીઓ રહે છે અને શિક્ષણનું કાર્ય ચાલે છે. આ ૧૦ ઓરડામાંની ૩ ઓરડાઓમાં કુમારો રહેતા હતા. પણ બે વર્ષ પહેલા મકાનનું છાપરું તૂટી ગયું આથી આ રૂમમાં વિદ્યાર્થીઓ રહેતા નથી. ૭ ઓરડાઓ ૩૦'x ૩૦'x૧૫' ના છે. જેમાં આચાર્યની ઓફીસ સ્ટાફરૂમ અને સ્ટાફને રહેવા માટેના કવાર્ટર્સ છે. સ્ટાફના પૂરતા કવાર્ટર્સના પૂરતા કવાર્ટર્સ ન હોવાથી એક શિક્ષક તાલુકા મથકથી આવજા કરે છે. આ શિક્ષક પાસે પોતાની માલિકીનું મકાન તાલુકા મથકે છે. ઉ.બુ.આશ્રમશાળાનો પટાવાળો અને કામાટી આશ્રમશાળાના ગામના જ હોવાથી તે પોતાના ઘરે રહે છે.

✓જમીન :

ઉ.બુ.આશ્રમશાળા પાસે ૨૩ એકર જમીન છે. તેમાં ૩ એકર પિયતની જમીન છે. આ જમીનમાં શાકભાજી અને મકાઈનું ઉત્પાદન થાય છે. ૧૯૮૪-૮૫ થી ૧૯૮૬-૮૭ સુધીના ત્રણ વર્ષમાં જે ઉત્પાદન થયુ તેની કિંમત ૧૨૮૨૭ રૂપિયા થાય છે. તેમાં ૮૦૯૨ રૂપિયાનું અનાજ પાક્યું હતું. બાકીની રકમનું શાકભાજી થયું હતું. આ ત્રણ વર્ષમાં ખેતીના ઉત્પાદન પાછળ ૧૮૪૩૫-૦૦ રૂપિયાનું ખર્ચ થયું હતું. આમ ખેતીની ઉપજ કરતા ખેતી ખર્ચ વધુ થયો હતો.

ખેતીના સાધનોમાં આશ્રમશાળામાં લાકડાનું હળ અને

લોખંડનું હળ છે. આ સિવાય ખેતીના ઉપયોગમાં કામ આવે તેવા નાના નાનાસાધનો જેવા કે એલન, કરબડી, પાનચું, તગારા, પાવડા પણ છે. ખેતીના ઉપયોગમાં આવે તેવા બે બળદ પણ છે.

વાસણો :

ઉ.બુ.આશ્રમશાળા પાસે વિદ્યાર્થીઓની રસોઇ માટેના પૂરતા વાસણો છે. વાસણોમાં કથરોટ, કમંડળ, જગ, પિત્તળના નાના અને મોટા તપેલા, લોખંડનો તવો, કડછો, ડોયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વજન કાંટો, પલ્લા અને વજનીયા પણ છે. અનાજ રાખવા માટે લોખંડના પીપ પણ છે. જેમાં દળાવેલ અનાજનો લોટ રખાય છે. ઘઉં, મકાઇ, જુવાર, કઠોળ, ચોખા, શણની ગુણીમાં રાખવામાં આવે છે.

અન્ય સુવિધા :

ઉ.બુ.આશ્રમશાળાના દરેક રૂમમાં લાઇટની વ્યવસ્થા છે. શાળાની નજીકમાં હેન્ડપંપ છે તેમાંથી પીવાનું પાણી લાવે છે. આ સિવાય ઉ.બુ.આશ્રમશાળાની * નજીકમાં જ એક કુદરતી ઝરણું વહે છે ત્યાં વિદ્યાર્થીઓ નાહવા અને કપડાં ધોવા જાય છે. ગોબરગેસ સાથે જોડાયેલા જાજરૂ છે. પણ ત્રણ વર્ષથી ગોબરગેસ બગડી ગયો છે. આથી જાજરૂ ચાલુ નથી. વિદ્યાર્થીઓ ખુલ્લામાં જાજરું જાય છે. પેશાબખાનાની સવલત છે. પેશાબખાનું કંતાન અને પતરાના બનાવ્યા છે. આશ્રમશાળામાં દૈનિકપત્રોમાં સંદેશ, લોકસત્તા આવે છે. મા સિકમાં કૃષિ દર્શન અને સેકન્ડરી સ્કૂલ બુલેટીન પણ આવે છે.

ઉ.બુ.આશ્રમશાળામાં વિદ્યાર્થીઓ :

૧૯૮૭ના ઓગસ્ટ માસ સુધીમાં આ આશ્રમશાળામાં ૯૮ વિદ્યાર્થીઓ હતા. તેમાં ૬૧ કુમાર, ૩૭ કન્યા હતી. જે અનુસૂચિત જનજાતિના હતા. ક્ષેત્રકાર્ય દરમ્યાનના દિવસોમાં

ઉ.બુ.આશ્રમશાળામાં ૯૦ ટકા વિદ્યાર્થીઓ હાજર હતા.

ઉ.બુ.આશ્રમશાળાનો દૈનિક કાર્યક્રમ :

ઉ.બુ.આશ્રમશાળાના દૈનિક કાર્યક્રમનું આયોજન થયેલું છે. જેની વિગત કોઠા ૩.૧ માં આપી છે.

કોઠો : ૩.૧

દૈનિક કાર્યક્રમની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | સમય | વિગત | બેલની સંજ્ઞા |
|---|---|---|---|
| ૧ | ૫-૩૦(સવારના) | પ્રાતઃકાલ ઉઠવું | લાંબો બેલ |
| ૨ | ૬-૦૦ | પ્રાર્થના,ભજન,ધુન | પાંચ ટકોરા |
| ૩ | ૬-૨૦ | બુનિયાદી પ્રવૃત્તિ, ટુકડીના કામો | |
| ૪ | ૮-૦૦થી૧૦-૧૫ | ખેતી બગાયત ઉધોગ સ્વાધ્યાય | લાંબો બેલ |
| ૫ | ૧૦-૧૫થી૧૦-૪૫ | સવારનું ભોજન | સાત ટકોરા |
| ૬ | ૧૦-૪૫ | શાળામાં અભ્યાસ માટે | લાંબો બેલ |
| ૭ | ૨-૦૦ | નાસ્તો | ત્રણ ટકોરા |
| ૮ | ૬-૦૦(સાંજના) | સાંજનું ભોજન | સાત ટકોરા |
| ૯ | ૭-૦૦થી૮-૩૦ | સાંજની પ્રાર્થના અને દૈનિક ચર્ચા | પાંચ ટકોરા |
| ૧૦ | ૮-૩૦ થી ૧૧-૩૦ | અધ્યયન | |
| ૧૧ | ૧૧-૩૦ | શયન | |

આ કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે સવારના ૫-૩૦ કલાકથી રાત્રીના ૧૧-૩૦ કલાક સુધી વિદ્યાર્થીઓને કાર્યરત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, પણ એ નોંધવું જરૂરી છે કે આ કાર્યક્રમમાં સવારે ઉઠવામાં ખેતીના કાર્યમાં અને સાંજે સૂવામાં નિયમિતતા જળવાતી નથી.

ઉ.બુ.આશ્રમશાળામાં ભોજનનો દૈનિક કાર્યક્રમ :

દૈનિક કાર્યક્રમનું જેમ આયોજન થયું છે તેમ દૈનિક સવાર-સાંજના ભોજનમાં શું આપવું તેનું આયોજન બનાવ્યું છે. જેની વિગતે માહિતી કોઠા ૩.૨ માં આપી છે.

કોઠો : ૩.૨

દૈનિક ભોજનની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | વાર | સવારનું ભોજન | સાંજનું ભોજન |
|---|---|---|---|
| ૧ | સોમવાર | તુવેરદાળ-ભાત-શાક ઘઉંની રોટલી | રોટલી- મગ |
| ૨ | મંગળવાર | મગ, ભાત, શાક, ઘઉંની રોટલી | રોટલી, તુવેર |
| ૩ | બુધવાર | તુવેર દાળ, ભાત, શાક, ઘઉંની રોટલી | રોટલી-મગની દાળ |
| ૪ | ગુરુવાર | મગદાળ, ભાત, શાક ઘઉંની રોટલી | રોટલી, વટાણા |
| ૫ | શનિવાર | વટાણા દાળ, ભાત, શાક ઘઉંની રોટલી | રોટલી, મગ |
| ૬ | રવિવાર | મગ, ભાત, ઘઉંની રોટલી | રોટલી, વટાણા કે ચોળી |

દૈનિક ભોજનના આયોજન ઉપરથી ખ્યાલ આવે છે કે સાંજે જે કઠોળ બનાવ્યું હોય તેજ કઠોળની દાળ બીજા દિવસે સવારે આપવામાં આવે છે. સવારમાં દાળ, ભાત, શાક અને ઘઉંની રોટલી બનાવવાનું આયોજન છે. પણ શનિવાર અથવા તો લોટ ખલાસ થઇ ગયો હોય અને અનાજ દળાવવાનું ન હોય ત્યારે દાળ, ભાત બનાવાય છે. આવું સપ્તાહમાં બે ત્રણવાર બને છે.

આ વિસ્તારમા લોકોનો મુખ્ય ખોરાક જુવાર છે. વિધાર્થીઓ જુવારના રોટલા ખાવા પસંદ કરે છે. પણ આયોજનમાં જુવારના રોટલા દર્શાવ્યા નથી. આમ છતા સપ્તાહમાં એકાદવાર જુવારના રોટલા અથવા તો ઘઉંની થૂલી બનાવાય છે.

<u>શિક્ષકો :</u>

ઉ.બુ.આશ્રમશાળામાં ૬ શિક્ષકો છે. તેમાં ૨ અનુસૂચિત જનજાતિના, ૧ હરિજન અને ૩ બિન પછાત જાતિના છે.

શિક્ષકો શિક્ષણના કાર્ય સિવાય આશ્રમશાળાની અન્ય પ્રવૃત્તિમાં રસ લેતા નથી. તેમાં સવાર કે સાંજની પ્રાર્થનામાં પણ શિક્ષકો ભાગ લેતા નથી. તેજ રીતે સફાઇના અને ટુકડીના કામમાં, વિધાર્થીઓના ભોજનના કામમાં કે ખેતીના કામમાં શિક્ષકો રસ લેતા નથી. ખેતીનું અને ઉધોગકામ ખેતીના મુખ્ય શિક્ષક મદદનીશ શિક્ષક અને ફુ કમાટી હસ્તક થાય છે. અન્ય વિભાગના શિક્ષકો ઉ.બુ.આશ્રમશાળાની આ પ્રવૃત્તિમાં સહભાગી થતા નથી.

<u>ઉ.બુ.આશ્રમશાળાનું દફતર :</u>

આશ્રમશાળાના દફતરમાં હાજરી પત્રક, કોઠારપત્રક, વાઉચર ફાઇલ, દૈનિક રોજમેળ, મુલાકાત પોથી આશ્રમશાળાના આચાર્ય પાસે હોય છે. આવક-ખર્ચ અંગેના મુખ્ય ચોપડાઓ કે જેમાં સરકાર તરફથી અનુદાનનો હિસાબ રખાય છે તે ચોપડાઓ સંચાલક મંડળની મુખ્ય ઓફીસમાં રખાય છે. આશ્રમશાળા માટે અનાજ કે

અન્ય વસ્તુઓ ખરીદવાની જરૂર પડે ત્યારે તાલુકા મથકની નક્કી કરેલી દુકાનેથી તે વસ્તુઓ મંગાવી લેવાની જેનો હિસાબ વેપારી મંડળની મુખ્ય ઓફીસ સાથે કરી લે છે.

## ઉ.બુ.આશ્રમશાળા અને સમાજ :

આ આશ્રમશાળામાં શિક્ષકોમાં બે જૂથ હોવાથી શિક્ષણની પ્રવૃત્તિ સિવાય અન્ય પ્રવૃત્તિ ઘણી ઓછી થાય છે. કારણકે સામાજિક પ્રવૃત્તિના આયોજનમાં અને તેની સફળતામાં આચાર્યએ મુખ્ય જવાબદારી ઉપાડવી પડે જે તેના માટે મુશ્કેલ કાર્ય છે. કારણકે ઉ.બુ.આશ્રમશાળાના દૈનિક વહીવટ, વિદ્યાર્થીઓના દૈનિક પ્રશ્નોના નિરાકરણમાં અને મંડળ સાથેના વહીવટમાં આચાર્યનો ઘણો સમય અને શક્તિ ખર્ચાય છે. આથી તેઓ અન્ય પ્રવૃત્તિમાં સક્રિય રીતે સહભાગી થઇ શકતા નથી.

આશ્રમશાળામાં રહેતા શિક્ષકો ગામની જે વ્યક્તિ કે કુટુંબ દૈનિકકામમાં ઉપયોગી થાય તેની સાથે સંપર્ક રાખે છે. ગામના લોકો પણ ઉ.બુ.આશ્રમશાળામાં સક્રિય રસ લેતા નથી. આ ઉપરથી કહી શકાય કે ઉ.બુ.આશ્રમશાળા સમાજ સાથે સંપર્કમાં ઓછી રહે છે.

## મુલાકાત પોથીની વિગતો :

ઉ.બુ.આશ્રમશાળાની જે વ્યક્તિઓએ મુલાકાત લીધી હોય તેઓનો ઉ.બુ. આશ્રમશાળા વિશેનો શું અભિપાય છે તેની વિગત એકત્ર કરી છે. જેની વિગતે માહિતી કોઠા ૩.૩ માં આપી છે.

કોઠો : ૩.૩

મુલાકાતપોથીની વિગતો દર્શાવતો કોઠો

| ક્રમ | મુલાકાતની તારીખ | મુલાકાતીનો હોદ્દો | મુલાકાત પોથીમાં કરેલ નોંધ |
|---|---|---|---|
| ૧ | ૯-૧૦-૧૯૭૫ | શાસનાધિકારીશ્રી | વિજ્ઞાનના સાધનો ટાંચા છે, એસ.એસ.સી. માટે વિજ્ઞાનના સાધનો ખાસ જોઈએ, ઉચ્ચારમાં શુદ્ધિ થાય તેવા પ્રયાસ કરવા. |
| ૨ | ૨૬-૧૦-૧૯૭૭ | મદદનીશ આશ્રમશાળા અધિકારીઓ | શિક્ષક અવાજ કરે છે તે ન કરે તેવી સૂચના આપી છે. |
| ૩ | ૨૧-૧૨-૧૯૭૭ | આશ્રમશાળા અધિકારીશ્રી | મુકરર સંખ્યામાં પ્રવેશ આપ્યો નથી, છાત્રાલયના મકાનનું છાપરું બરોબર નથી. એસ.એસ.સી.નું પરિણામ સારું આવે તેવું કરવું. |

ચાલુ..

કોઠો : ૩.૩ નું ચાલુ..

| ક્રમ | મુલાકાતની તારીખ | મુલાકાતનો હોદ્દો | મુલાકાત પોથીમાં કરેલ નોંધ |
|---|---|---|---|
| ૪ | ૧૩-૪-૧૯૭૮ | આશ્રમશાળા અધિકારીશ્રી | મુકરર સંખ્યામાં પ્રવેશ આપ્યો નથી. એસ.એસ.સી.નું પરિણામ સંતોષકારક ન લાગ્યું(૨૬.૫ ટકા) હાજરી સ્થિર રહે તેવા તમામ પ્રયાસો આદરવા. શિક્ષણના મુદ્દાઓ શૈક્ષણિક સાધનો દ્વારા શીખવવા. |
| ૫ | ૫/૬-૧૨-૧૯૭૮ | આશ્રમશાળા અધિકારીશ્રી | વાર્ષિક નિરીક્ષણ હતું પણ આચાર્યશ્રી અને મંડળની વિનંતીથી તે મુલતવી રખાયું. દફતર ઉપરના પત્રકો બન્યા ન હતા. પત્રકો કાળજીથી રાખવા સૂચના આપી. ઉ.બુ.શાળા અને આશ્રમશાળાનું અનાજપત્રક જુદું જુદું રાખવું. |
| ૬ | ૧૩-૧૨-૧૯૭૯ | તકેદારી અધિકારીશ્રી ગાંધીનગર | કન્યા આશ્રમમાં બે શિક્ષકો રહે છે તે અયોગ્ય છે. આશ્રમશાળામાં કન્યા માટે ગૃહમાતા નથી. |

ચાલુ..

કોઠો : ૩.૩.૧. ચાલુ..

| ક્રમ | મુલાકાતની તારીખ | મુલાકાતનો હોદ્દો | મુલાકાત પોથીમાં કરેલ નોંધ |
| --- | --- | --- | --- |
| ૭ | ૨૩-૧-૧૯૮૨ | ઉપાચાર્ય,જી.બી. ટી.સી. કોલેજ રાજપીપળા | સાંસ્કૃતિક મૂલ્યોને પણ જીવંત રાખે છે. આદિવાસી યુવક યુવતીઓને નવજાગૃતિ, નવનિર્માણના નૂતનપંથે પ્રસ્થાનનું કાર્ય થાય છે. |
| ૮ | ૩૧-૧૨-૧૯૮૨ | શિક્ષણ નિયામકશ્રી, અમદાવાદ | શિક્ષક, વિદ્યાર્થી સારું કામ કરે છે. સાંસ્કૃતિક કાર્યક્રમ, પ્રાર્થના , ભજન સારી રીતે ગવાય છે. સાધનો ટાંચા હોવા છતાં ઘડતરનું કાર્ય થઇ રહ્યું છે. |
| ૯ | ૧૯-૯-૧૯૮૪ | આશ્રમશાળા અધિકારીશ્રી | બી.એસ.સી. અંગ્રેજી વિષયના શિક્ષકની ભરતી કરવી, એસ.એસ.સી.નું પરિણામ ( ૪૭ ટકા ) ઉ.બુ.શાળાની જમીનમાં નફાકારક ઉત્પાદન મેળવી તેમાંથી થોડોક નફો ઉ.બુ. આશ્રમશાળાના વિદ્યાર્થીઓ માટે ફાળવવો.આથી બાળકોની જરૂરિયાત સંતોષાય. |

ચાલુ..

કોઠો : ૩.૩.. ચાલુ..

| ક્રમ | મુલાકાતની તારીખ | મુલાકાતનો હોદ્દો | મુલાકાત પોથીમાં કરેલ નોંધ |
|---|---|---|---|
| ૧૦ | ૧૦-૧૧-૧૯૮૫ | આશ્રમશાળા અધિકારીશ્રી, | મકાઇ ખાવાની રજા નહીં આપવી.શૈક્ષણિક વા ક્રિડ નિરીક્ષણ નિમિત્તે મુલાકાત લીધી પણ નિરીક્ષણ થયું નહીં. |

નોંધ : ઉપરની વિગત અભ્યાસના ઉ.બુ.આશ્રમશાળાની મુલાકાત પોથીમાંથી લીધી છે.

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે સરકારી અધિકારીઓએ આશ્રમશાળાના એસ.એસ.સી.ના પરિણામ, મૂકકર સંખ્યા, કરતા ઓછા વિદ્યાર્થીની સંખ્યા અંગે અને વાર્ષિક નિરીક્ષણ સમય દફતર વિશેની ખામીઓનો ઉલ્લેખ કર્યો છે. જયારે બિન સરકારી અને શિક્ષણ સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આદિવાસીના વિકાસમાં આ સંસ્થાની ભૂમિકાની પ્રશંસા કરી છે. આ વિગતો ઉપરથી આશ્રમશાળા કેટલી અને કેવી નિયમિત ચાલે છે તેનો ખ્યાલ આવે છે.

આગળ આપણે બે ઉ.બુ. આશ્રમશાળાનું રેખાચિત્ર જોયું.આ ઉપરથી ખ્યાલ આવે છે કે ઉ.બુ.આશ્રમશાળામાં કેટલાક નિયમોનું પાલન ઓછું થાય છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન આશ્રમશાળા અધિકારીશ્રીને અને અભ્યાસ નીચે આવરી લીધેલ ગામોના આગેવાનોની મુલાકાત લેવામાં આવેલ તેઓના મંતવ્ય મુજબ ઉ.બુ.આશ્રમશાળામાં કયા નિયમો અને અન્ય ધોરણોનું પાલન ઓછું થાય છે તેની વિગત નીચે મુજબ છે.

(૧) <u>પ્રવેશ અંગેના નિયમોનું</u>

ઉ.બુ.આશ્રમશાળાની માન્ય સંખ્યાના ૫૦ ટકા કુમારો અને ૫૦ ટકા કન્યાઓને પ્રવેશ આપવાનો નિયમ છે. આ નિયમનું પાલન ઓછું થાય છે. ઉ.બુ.આશ્રમશાળાઓમાં કુમારોની સંખ્યા વધુ હોય છે. આમ થવાથી કન્યા કેળવણીના વિકાસમાં ઉ.બુ.આશ્રમશાળાએ હજુ મહત્ત્વની ભૂમિકા ભજવી નથી. વિદ્યાર્થીઓની દૈનિક હાજરી વિશે ઉદાસીનતા જોવામાં આવે છે. કયાંક દૈનિક કાર્યક્રમની તાલિકા નથી હોતી તેમજ તે પ્રમાણે કાર્યક્રમને પાળવામાં આગ્રહ રાખ્યો નથી.

✓ (૨) <u>ભોજન ગ્રાન્ટ અંગેના નિયમોનું</u>

ઉ.બુ.આશ્રમશાળામાં અભ્યાસ કરતા બાળકોના ભોજન બીલ પેટે સમાજ કલ્યાણ ખાતા દ્વારા એક વિદ્યાર્થી દીઠ માસિક ૧૫૦ રૂપિયા ચૂકવાય છે. આ રકમમાંથી સરકારે નિયત કરેલ ૧૧ આઇટમમાં ખર્ચ કરવાનો હોય છે. આમાં બે સમય ભોજન, એક સમય નાસ્તો, વર્ષમાં બે જોડ ગણવેશ બાળ કાપવાનો ખર્ચ, અઠવાડિએ એક નંગ કપડા ધોવાનો સાબુ આપવાનો નિયમ છે. પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન અને ઉ.બુ.આશ્રમશાળામાં ભણેલા વિદ્યાર્થીઓના સંપર્કથી ખ્યાલ આવ્યો કે ઉ.બુ.આશ્રમશાળામાં સવારનો નાસ્તો, પૌષ્ટિક ભોજન આપવામાં આવતું નથી. અમુક ઉ.બુ. આશ્રમશાળામાં તો કપડા ધોવાનો સાબુ પણ અપાતો નથી.

આશ્રમશાળા અધિકારી પાસે ઉ.બુ. આશ્રમશાળાની જે ફરિયાદ આવે છે તેમાં પણ ઉ.બુ.આશ્રમશાળામાં સારુ અને પૌષ્ટિક ભોજન ન મળવાની ફરિયાદ વધુ હોય છે.

(૩) <u>જમીન અંગે :</u>

ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરતા પહેલા સંચાલક મંડળે જમીન જે તે ગામે મેળવવાની હોય છે. પણ નવી શરૂ થતી ઉ.બુ.આશ્રમશાળાના સંચાલકો જમીન મેળવવામાં ઘણો વિલંબ કરે છે. આથી ઉદ્યોગને લગતું પ્રાયોગિકકાર્ય અને રહેણાકના મકાનો બનાવવામાં ઘણો વિલંબ થાય છે.

(૪) <u>સવલત અંગે</u>

ઉ.બુ. આશ્રમશાળા શરૂ કર્યા બાદ ૩ વર્ષમાં ઉ.બુ.આશ્રમશાળાએ પોતાનું મકાન બનાવી લેવાનું હોય છે. પણ જમીન ઉ.બુ. આશ્રમશાળાઓના નામે હોતી નથી.

(સંચાલક મંડળના નામે જમીન હોય છે ) આથી મકાન બાંધકામની ગ્રાન્ટ મેળવવામાં સંચાલકો મુશ્કેલી અનુભવે છે. આથી વિદ્યાર્થીઓને નિયત કરેલ રહેઠાણની વ્યવસ્થા મળતી નથી. આ સિવાય જાજરૂ, બાથરૂમ અને નાવણીયાની સવલત ઉભી કરવા અંગે ઉપેક્ષા સેવાય છે. જે ઉ.બુ.આશ્રમશાળા ઓ ઘણા લાંબા સમયથી ચાલે છે. ત્યાં પણ આ વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં હોતી નથી. જો હોય તો તેની સંભાળ બરોબર લેવાતી નથી આથી તેનો ઉપયોગ કરી શકાતો નથી.

(૫) શિક્ષક અને કર્મચારીની નિમણુંક અંગે

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૯ એપ્રિલ ૧૯૮૨ના ક્રમાંક પવછ/૧૫૮/મ-૯૫/હસ્ટેલ ઠરાવ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે તે આશ્રમશાળાઓ, ઉ.બુ.આશ્રમશાળાઓ અને છાત્રાલયના શિક્ષકો અને કર્મચારીની નિમણુંક જે તે જાતિની શૈક્ષણિક સંસ્થા હોય તેજ જાતિના શિક્ષક અને કર્મચારી લેવા. આ નિયમોનું પાલન ઓછું થાય છે. ખાસ કરીને કારકુનની ભરતીમાં મંડળને વફાદાર વ્યક્તિ જ ભરાય છે. તે હરિજન કે આદિવાસી ન હોય તો પણ તેની ભરતી થાય છે. શિક્ષકોમાં પણ અમુક અંશે આવુ બને છે.

(૬) ઓડીટ સ્ટેમેન્ટ મોકલવા અંગે

સંચાલક મંડળો દર વર્ષે ઓડીટ સ્ટેમેન્ટ મોકલવામાં ઘણો વિલંબ કરે છે. આથી જે તે વર્ષના ગ્રાન્ટનો બીજો હપ્તો ચૂકવવામાં મુશ્કેલી પડે છે.

હવે પછીના પ્રકરણ ચારમાં અભ્યાસમાં આવરી લીધેલ ઉ.બુ.આશ્રમશાળાની સંખ્યા, વિદ્યાર્થીઓની વધ-ઘટ અને ઉત્તરદાતા વિદ્યાર્થીઓ અને વાલીઓના ઉ.બુ. આશ્રમશાળા વિશેના અભિપ્રાયોની વિગતે ચર્ચા કરી છે.

## પ્રકરણ - ૪

### ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનું શૈક્ષણિક માળખું

- ઉ.બુ.આશ્રમશાળાનો પ્રકાર
- અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળા કેટલા ધોરણની છે.
- શૈક્ષણિક સંસ્થા અંગે
- ઉ.બુ.આશ્રમશાળામાં ધોરણ-૮માં દાખલ થનાર વિદ્યાર્થીઓ
- કઇ જાતિના વિદ્યાર્થીઓ ઉ.બુ. આશ્રમશાળામાં અભ્યાસ કરે છે.
- વિદ્યાર્થીઓની સંખ્યા અને તેની વધ-ઘટની માહિતી
- ઉ.બુ.આશ્રમશાળા વિશે ઉત્તરદાતાઓનો અભિપ્રાય
- ઉ.બુ.આશ્રમશાળામાં પ્રવેશ મેળવવા અંગે
- ઉ.બુ.આશ્રમશાળામાં પડતી મુશ્કેલી અંગે
- શિક્ષણ અંગેની ફરિયાદ
- વાલીઓ પોતાના બાળકો કયાં ભણે તેમ ઇચ્છે છે.

XN44

## પ્રકરણ - ૪

### ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનું શૈક્ષણિક માળખું

**ઉ.બુ.આશ્રમશાળાનો પ્રકાર :**

અમદાવાદ, વડોદરા અને સુરતમાં આશ્રમશાળા અધિકારીની કચેરી છે. ગુજરાતની તમામ આશ્રમશાળાઓ અને ઉ.બુ.આશ્રમશાળાઓ આ ત્રણે અધિકારી હસ્તક છે. અભ્યાસની ૪૫ ઉ.બુ.આશ્રમશાળા કયા વિભાગમાં આવી છે તેની માહિતી કોઠા ૪.૧ માં મૂકી છે.

કોઠા : ૪.૧

વિભાગવાર ઉ.બુ.આશ્રમશાળાના પ્રકારની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | આશ્રમશાળાના વિભાગનું નામ | આશ્રમશાળાનો પ્રકાર મિશ્ર | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫ | ૧ | - | ૬ |
| ૨ | વડોદરા | ૮ | ૭ | ૧ | ૧૬ |
| ૩ | સુરત | ૨૨ | ૧ | - | ૨૩ |
| | કુલ | ૩૫ | ૯ | ૧ | ૪૫ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અમદાવાદ અને સુરત વિભાગ કરતાં વડોદરા વિભાગમાં કુમાર અને કન્યાઓની ઉ.બુ.આશ્રમશાળા વધુ છે. ગુજરાતની એકમાત્ર કન્યાઓની

ઉ.બુ.આશ્રમશાળા આ વિભાગમાં છે. આ વિભાગમાં પંચમહાલ, વડોદરા અને ભરૂચ જિલ્લાનો સમાવેશ થયો છે. આ જિલ્લાઓમાં ભીલ, રાઠવા, વસાવા, પટેલીયા જાતિના લોકો વસે છે.આ જાતિઓમાં કન્યાઓમાં શિક્ષણ ઓછું છે.આથી કુમારની ઉ.બુ. આશ્રમશાળા અન્ય વિભાગ કરતા વધુ છે. આ ઉપરાંત આ જાતિઓમાં રાજપૂતોની સંસ્કૃતિની અસર વધુ છે. આથી આ જાતિની કન્યાઓ અન્ય અનુસૂચિત જનજાતિઓની કન્યાઓ જેટલી રોતભાતમાં છૂટછાટ લઇ શકિત નથી. આ જાતિઓની સ્ત્રીઓ ઉપર પુરુષો અને સમાજનો અંકુશ વધુ છે. આની અસર સામાજિક અને શૈક્ષણિક પ્રગતિ ઉપર પડી છે.

<u>અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળા કેટલા ધોરણની છે :</u>

ઉ.બુ.આશ્રમશાળામાં દરેક ધોરણ (૮,૯,૧૦) માં ચાલીશ, ચાલીશ વિદ્યાર્થીને પ્રવેશ અપાય છે. નવી ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવામાં આવે તે વર્ષે ધોરણ ૮માં ૪૦ વિદ્યાર્થીને, બીજા વર્ષે ધોરણ ૮ અને ૯ માં ચાલીશ, ચાલીશ વિદ્યાર્થીને અને ત્રીજા વર્ષે દરેક ધોરણમાં (૮, ૯, ૧૦) ચાલીશ, ચાલીશ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય. આમ ઉ.બુ.આશ્રમશાળા શરૂ થયા બાદ ત્રીજા વર્ષે ૧૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય છે.

સરકારશ્રીના નિયમ પ્રમાણે દરેક ધોરણમાં ૪૦ વિદ્યાર્થીએ ૮ બક્ષીપંચની જાતિઓના અને ૮ આર્થિક પછાત હોય તેવા વાલીના બાળકોને અને વિચરતી જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય છે.

અભ્યાસની ૪૫ ઉ.બુ. આશ્રમશાળામાં ૪૦ વિદ્યાર્થીઓની ગણતરીએ ધોરણવાર અનુસૂચિત જનજાતિના કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય તેની માહિતી કોઠા ૪.૨ માં મૂકી છે.

## કોઠો : ૪.૨

**ઉ.બુ.આશ્રમશાળામાં ધોરણવાર કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય અને કેટલા વિદ્યાર્થીઓ છે તેની માહિતી દર્શાવતો કોઠો**

| ક્રમ | ધોરણ | જે તે ધોરણની કેટલી ઉ.બુ. આશ્રમશાળા છે તેની સંખ્યા | ૪૦ વિદ્યાર્થીઓ તે ધોરણમાં કેટલા વિદ્યાર્થીઓ હોવા જોઈએ. | અભ્યાસની ઉ.બુ.શાળામાં જે તે ધોરણમાં કેટલા વિદ્યાર્થીઓ છે. (ઓગસ્ટ ૧૯૮૭ની સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | ૮ | ૪૫ | ૧૮૦૦ | ૨૮૬૮ |
| ૨ | ૯ | ૪૪ | ૧૭૬૦ | ૧૧૫૪ |
| ૩ | ૧૦ | ૩૯ | ૧૫૬૦ | ૧૨૦૩ |
| | | કુલ | ૫૧૨૦ | ૫૨૨૫ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળામાં ૪૦ વિદ્યાર્થીઓની ગણતરીએ ધોરણ ૮માં વધુ અને ધોરણ ૯, ૧૦માં ઓછા વિદ્યાર્થીઓ હતા. વિદ્યાર્થીઓનું ઘટનું પ્રમાણ ધોરણ ૯ કરતા ૧૦માં વધુ હતું.

૪૦ વિદ્યાર્થીઓની ગણતરીએ અભ્યાસની ઉ.બુ. આશ્રમશાળામાં કુલ વિદ્યાર્થીઓ હોવા જોઈએ તે કરતા વધુ વિદ્યાર્થીઓ હતા; કારણકે કોલમ ૫ માં જે વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવી છે તેમાં

બક્ષીપંચના વિચરતી જાતિના અને આર્થિક પછાત હોય તેવા વાલીઓના બાળકોનો સમાવેશ કર્યો છે.

ધોરણ ૮ કરતા ધોરણ ૯,૧૦માં ઓછા વિદ્યાર્થીઓ હોવા પાછળનું મુખ્ય કારણ એ છે કે ધોરણ ૮માં વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાથી આ વિદ્યાર્થીઓ જ્યારે ધોરણ ૧૦માં આવે ત્યારે આ ધોરણના વર્ગમાં નિયમ પ્રમાણેના વિદ્યાર્થીઓ મળી શકે. આ ઉપરાંત ધોરણ ૯,૧૦માં એવા જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય કે જેઓ ઉત્તર બુનિયાદીનું શિક્ષણ લીધેલું હોય.આ પ્રકારનું શિક્ષણ લેનાર મોટાભાગના વિદ્યાર્થીઓ આશ્રમશાળા કે છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા હોય છે. આથી તેઓ ધોરણે ધોરણે શાળા બદલાવાનું પસંદ કરતા નથી. આથી ધોરણ ૮ કરતા ધોરણ ૯, ૧૦માં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છે.

શૈક્ષણિક સંસ્થા અંગે :

અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકોમાં શિક્ષણનો વ્યાપ વધારવામાં આશ્રમશાળાઓએ અગત્યની ભૂમિકા ભજવી છે. પ્રાથમિક શિક્ષણની સુવિધા વધારવા આશ્રમશાળાઓ જેમ જેમ વધતી ગઇ તેમ તેમ માધ્યમિક શિક્ષણ માટે ઉ.બુ.શાળા અને ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવાની આવશ્યકતા વધી છે. માધ્યમિક શિક્ષણની આ સવલત શરૂ કરતા સમયે ગ્રામ્ય વિસ્તારના રાજકીય અને શૈક્ષણિક આગેવાનો એવી દલીલ કરતા હોય છે કે પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાં શ્રમ પ્રધાન શિક્ષણ અપાય છે. આ પ્રકારનું શિક્ષણ લીધેલા વિદ્યાર્થીઓના માધ્યમિક શિક્ષણ માટે ઉ.બુ.શાળા અને ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવી જોઇએ. સિધ્ધાંતની દ્રષ્ટિએ આ દલીલ યોગ્ય લાગે છે. પણ વ્યવહારમાં આ બાબત યોગ્ય હોય તેમ લાગતું નથી. અનુસૂચિત જનજાતિના ગ્રામ્ય વિસ્તારમાં માધ્યમિક શિક્ષણની

સંસ્થાઓ શરૂ કરવાના હેતુથી આ દલીલ આગળ કરવામાં આવે છે. કારણકે જ્યાં માધ્યમિક શિક્ષણની સંસ્થા હોય તેના દસ કિ.મી.ના ભૌગોલિક વિસ્તારમાં અન્ય માધ્યમિક શિક્ષણની સંસ્થા શરૂ કરવાની પરવાનગી આપવામાં આવતી નથી. આ નિયમના કેટલાક અપવાદ છે તેમાં એક અપવાદ છે કે દસ કિ.મી. વિસ્તારમાં હાઈસ્કૂલ હોય તો નવી ઉ.બુ.શાળા શરૂ કરવાની પરવાનગી મળે છે.

આથી આ અભ્યાસમાં ઉ.બુ.આશ્રમશાળાના દસ કિ.મી. વિસ્તારમાં અન્ય કઈ કઈ શૈક્ષણિક સંસ્થા છે તેની વિગતો તપાસી છે જેની વિગત કોઠા ૪.૩ માં મૂકી છે.

કોઠો : ૪.૩

અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળાની દસ કિ.મી.ના અંતરે અન્ય કઇ શૈક્ષણિક સંસ્થા છે તેની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | શૈક્ષણિક સંસ્થાનો પ્રકાર | માહિતી આપી નથી | એક પણ નહીં | એક | બે | ત્રણ | ચાર | પાંચ | પાંચથી વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક વિભાગની આશ્રમશાળા | ૩ | ૧૮ | ૧૫ | ૭ | ૧ | ૧ | – | – | ૪૫ |
| ૨ | ઉ.બુ.આશ્રમશાળા | ૩ | ૨૯ | ૧૩ | – | – | – | – | – | ૪૫ |
| ૩ | ઉ.બુ.શાળા | ૩ | ૨૫ | ૧૪ | – | ૨ | ૧ | – | – | ૪૫ |
| ૪ | માધ્યમિક શાળા | ૩ | ૫ | ૨૧ | ૯ | ૪ | ૧ | ૧ | ૧ | ૪૫ |
| ૫ | ઉચ્ચમાધ્યમિક શાળા | ૩ | ૨૫ | ૧૩ | ૩ | – | – | – | ૧ | ૪૫ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસની ૪૫ ઉ.બુ.આશ્રમશાળામાંથી ૨૪ ( ૫૩.૩૩ ટકા ) ઉ.બુ.આશ્રમ શાળાના દસ કિ.મી.ના વિસ્તારમાં પ્રાથમિક અભ્યાસની આશ્રમશાળા છે. આમાં ૧૫ ઉ.બુ. આશ્રમશાળા નજીક એક એક અને ૧ ઉ.બુ.આશ્રમશાળા નજીક જ પ્રાથમિક વિભાગની આશ્રમ શાળા છે. ઉ.બુ. આશ્રમશાળા નજીક પ્રાથમિક વિભાગની આશ્રમશાળા અપૂરતી હોત. ઉ.બુ. આશ્રમશાળામાં ૮માં ધોરણમાં વિદ્યાર્થીઓ મેળવવાની મુશ્કેલી રહે છે. કારણકે મોટાભાગની પ્રાથમિક વિભાગની આશ્રમશાળાઓ ૩ થી ૭ ધોરણની હોય છે. આથી દરેક ધોરણમાં અંદાજે ૧૫ થી ૨૦ વિદ્યાર્થી હોય છે.આથી દર વર્ષે અંદાજે ૨૦ થી વધુ વિદ્યાર્થીઓ ધોરણ ૮માં આવે નહીં આથી મોટાભાગની ઉ.બુ.આશ્રમશાળાઓને ૮માં ધોરણમાં પૂરતા વિદ્યાર્થીઓ મળે નહીં આથી દૂરની પોતાનીયા અન્ય સંચાલક મંડળની પ્રાથમિક વિભાગની આશ્રમશાળાના વિદ્યાર્થીઓને, અને જિલ્લા પંચાયતની શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધેલ વિદ્યાર્થીઓને ધોરણ ૮માં ઉ.બુ. આશ્રમશાળામાં દાખલ કરવા પડે છે.

આ હકીકત જોતા ખ્યાલ આવે છે કે નઇ તાલીમનું પ્રાથમિક શિક્ષણ લીધેલ વિદ્યાર્થીઓને આજ પ્રકારનું માધ્યમિક શિક્ષણ મળી રહે તે માટે ઉ.બુ.આશ્રમશાળાઓ શરૂ કરવી જોઇએ. આ દલીલને આ કોઠાની હકીકત ઉપરની બહુ બળ મળતું નથી.

## ઉ.બુ.આશ્રમશાળાઓ અને ઉ.બુ.શાળાઓ :

અભ્યાસની ૪૫ ઉ.બુ.આશ્રમશાળામાંથી ૧૩ ઉ.બુ. આશ્રમશાળાના દસ કિ.મી. વિસ્તારમાં બીજી ઉ.બુ.આશ્રમશાળા છે. જ્યારે ૧૭ ઉ.બુ.આશ્રમશાળાના દસ કિ.મી. વિસ્તારમાં

ઉ.બુ.શાળા છે. આ દરેક ઉ.બુ.શાળા સાથે છાત્રાલય પણ છે.

અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળા નજીક બીજી ઉ.બુ.આશ્રમશાળા અને ઉ.બુ. શાળા હોવાથી નઇ તાલીમના આ માધ્યમિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ મેળવવાની મુશ્કેલી પડે છે.

માધ્યમિક શાળા :

અભ્યાસની ૪૫ ઉ.બુ.આશ્રમશાળામાંથી ૩૭ ઉ.બુ. આશ્રમશાળાના દસ કિ.મી.ના વિસ્તારમાં માધ્યમિક શાળા આવેલી છે. એટલે કે એક ઉ.બુ.આશ્રમશાળા નજીક એક માધ્યમિક શાળા છે.

ઉપરોક્ત વિગત ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસની ઉ.બુ. આશ્રમશાળા નજીક પ્રાથમિક આશ્રમશાળા ઓછી હોવાથી અને દસ કિ.મી.ના વિસ્તારમાં બીજી માધ્યમિક શિક્ષણની સવલત હોવાથી વિદ્યાર્થીઓ પોતાની પસંદગીની શાળામાં સરળતાથી પ્રવેશ મેળવી શકે છે.

ઉ.બુ.આશ્રમશાળામાં શારીરિકશ્રમ વધુ કરવો પડે અને ઘડિયાળના કાંટા સાથે દૈનિક કાર્યક્રમ ગોઠવેલ હોય આથી મુક્તિનો સમય ઓછો મળે આ કારણે ઉ.બુ.આશ્રમશાળામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવાની ઇચ્છા ઓછી રાખે છે. આ વલણ સાથે તેમના વાલીઓ પણ સંમત થાય છે. પરિણામે ઉ.બુ. આશ્રમશાળામાં વિદ્યાર્થીઓની અપૂરતી સંખ્યા રહે છે.

ઉચ્ચ માધ્યમિક શાળા :

ઉ.બુ. આશ્રમશાળા નજીક માધ્યમિક શાળાઓ કેટલી છે તે તપાસ્યું છે. કારણકે ઉ.બુ. આશ્રમશાળામાંથી પાસ થયેલ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે ઉચ્ચ માધ્યમિક શાળાની જરૂરિયાત રહે છે. અભ્યાસની ૧૭ ઉ.બુ.આશ્રમશાળા નજીક ઉચ્ચ માધ્યમિક શાળા આવેલી છે. ૩ ઉ.બુ. આશ્રમશાળા દીઠ એક

ઉચ્ચ માધ્યમિક શાળા છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઉ.બુ. આશ્રમશાળામાં ભણેલા વિદ્યાર્થીઓ કે જે ધોરણ ૧૦માં પાસ થાય છે તે ઉચ્ચ માધ્યમિક શિક્ષણ લે છે, આમ ન હોત તો ઉચ્ચ માધ્યમિક શાળાની સંખ્યા આટલી ન હોત.

આ કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઉ.બુ. આશ્રમશાળાઓ નજીક બન્ને પ્રકારના માધ્યમિક શિક્ષણની પૂરતી સવલત છે.આથી ઉ.બુ.આશ્રમશાળામાં વિદ્યાર્થીઓ મેળવવામાં મુશ્કેલી થાય છે. માધ્યમિક શિક્ષણની સવલત અમુક વિસ્તારમાં જ હોવાથી ઊંડાણના વિસ્તારના આદિવાસીઓને માધ્યમિક શિક્ષણ લેવા દૂર જવું પડે છે.

ઉ.બુ.આશ્રમશાળામાં ધોરણોમાં દાખલ થનાર વિદ્યાર્થીઓ :

એક અવધારણા છે કે આશ્રમશાળામાં પ્રાથમિક શિક્ષણ લીધેલ વિદ્યાર્થી કરતા જિલ્લા પંચાયતની શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધેલા વિદ્યાર્થીઓ ધોરણ ૮નો અભ્યાસ કરવા ઉ.બુ. આશ્રમશાળામાં વધુ પ્રમાણમાં દાખલ થાય છે. આ અવધારણાને વધુ ઊંડાણથી સમજવા માટે અભ્યાસની એક ઉ.બુ.આશ્રમશાળામાં છેલ્લા પાંચ વર્ષમાં ધોરણ ૮માં દાખલ થનાર વિદ્યાર્થીઓમાંથી કેટલા વિદ્યાર્થીઓએ પ્રાથમિક અભ્યાસ આશ્રમશાળામાં કર્યો હતો તેની વિગત કોઠા ૪.૪ માં મૂકી છે.

કોઠો : ૪.૪

ધોરણ ૮માં દાખલ કરેલ વિદ્યાર્થીઓમાં વિદ્યાર્થીઓ પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાં અભ્યાસ કર્યો હતો તેની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | વર્ષ | ધોરણ-૮માં દાખલ કરેલ વિદ્યાર્થી સંખ્યા | પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાં ભણેલ વિદ્યાર્થીની સંખ્યા કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૮૩-૮૪ | ૫૪ | ૧૦ | ૫ | ૧૫ |
| | | | ૬૬.૬૭ | ૩૩.૩૩ | ૨૭.૭૮ |
| ૨ | ૧૯૮૪-૮૫ | ૬૧ | ૧૯ | ૭ | ૨૬ |
| | | | ૭૩.૦૮ | ૨૬.૯૨ | ૪૨.૬૨ |
| ૩ | ૧૯૮૫-૮૬ | ૫૩ | ૫ | ૮ | ૧૩ |
| | | | ૩૮.૪૬ | ૬૧.૫૪ | ૨૪.૫૩ |
| ૪ | ૧૯૮૬-૮૭ | ૪૧ | ૫ | ૧ | ૬ |
| | | | ૮૩.૩૩ | ૧૬.૬૭ | ૧૪.૬૩ |
| ૫ | ૧૯૮૭-૮૮ | ૩૬ | ૧૨ | ૨ | ૧૪ |
| | | | ૮૫.૭૧ | ૧૪.૨૯ | ૩૮.૮૯ |
| ૬ | સરેરાશ | ૪૯ | ૧૦ | ૫ | ૧૫ |
| | | | ૬૬.૬૭ | ૩૩.૩૩ | ૩૦.૬૧ |

L/૧૫ ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૮૩-૮૪ થી ૧૯૮૭-૮૮ના પાંચ વર્ષ દરમ્યાન અભ્યાસની ઉ.બુ.આશ્રમ શાળામાં ધોરણ ૮માં સરેરાશ ૪૯ વિદ્યાર્થી દાખલ થયા હતા. તેમાંથી ૧૫ ( ૩૦.૬૧ ટકા ) વિદ્યાર્થીઓએ પ્રાથમિક શિક્ષણ આશ્રમશાળામાં લીધુ હતું. જયારે ૩૪ (૬૯.૩૯ ટકા )વિદ્યાર્થીઓએ પ્રાથમિક શિક્ષણ જિલ્લા પંચાયતની શાળામાં લીધુ હતું.

આ કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે આશ્રમશાળામાં પ્રાથમિક શિક્ષણ લીધેલ કન્યાઓ ઉ.બુ.આશ્રમશાળામાં ઓછા પ્રમાણમાં દાખલ થઇ હતી.

**કઇ જાતિના વિદ્યાર્થીઓ ઉ.બુ. આશ્રમશાળામાં અભ્યાસ કરે છે :**

અનુસૂચિત જનજાતિના લોકોમાં શિક્ષણનો વ્યાપ વધારવા આશ્રમશાળાઓ, ઉ.બુ. આશ્રમશાળાઓ અગત્યની ભૂમિકા ભજવે છે. બૃહદ સમાજમાં એવી અવધારણા કે ઉ.બુ. આશ્રમશાળાનો લાભ વિકાસ પામેલ અનુસૂચિત જનજાતિના લોકો વધુ લે છે. આ અવધારણાને ચકાસવા માટે ૧૯૮૭-૮૮ના વર્ષમાં અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળામાં કઇ જાતિના વિદ્યાર્થીઓ ભણતા હતા તેની માહિતી એકત્ર કરી હતી. જેની વિગતો કોઠા ૪.૫ માં મૂકી છે.

## કોઠો : ૪.૫

ઉ.બુ. આશ્રમશાળામાં કઇ જાતિની વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેની માહિતી દર્શાવતો કોઠો ( ૮૭-૮૮ના વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી )

| ક્રમ | જાતિ | કુમાર | કન્યા | કુમાર કન્યા દર્શાવ્યું નથી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | જાતિ દર્શાવી નથી | ૬૧૭ | ૭૧ | ૬૯ | ૭૫૭ |
| | | ૧૮.૨૮ | ૬.૨૭ | ૧૦.૦ | ૧૭.૨૦ |
| ૨ | ભીલ | ૩૦૨ | ૧૭૫ | - | ૪૭૭ |
| | | ૯.૪૪ | ૧૫.૪૫ | | ૧૦.૮૪ |
| ૩ | ગરાસીયા | ૨૨૪ | ૧૭ | - | ૨૪૧ |
| | | ૭.૦૦ | ૧.૫૦ | | ૫.૪૭ |
| ૪ | ચૌધરી | ૨૩૧ | ૨૭૨ | - | ૫૦૩ |
| | | ૭.૨૨ | ૨૪.૦૦ | | ૧૧.૪૩ |
| ૫ | તડવી | ૩૮ | ૧ | - | ૩૯ |
| | | ૧.૧૯ | ૦.૦૯ | | ૦.૮૯ |
| ૬ | ધોડિયા | ૧૦૪ | ૧૧૪ | | ૨૧૮ |
| | | ૩.૨૫ | ૧૦.૦૬ | | ૪.૯૫ |
| ૭ | હળપતિ | ૧૧૬ | ૪૮ | - | ૧૬૪ |
| | | ૩.૬૩ | ૪.૨૪ | | ૩.૭૩ |
| ૮ | ગામીત | ૧૮૨ | ૧૭૧ | - | ૩૫૩ |
| | | ૫.૬૯ | ૧૫.૦૯ | | ૮.૦૨ |

ચાલુ...

ઉત્તમ

કોઠો :૪.૫.. ચાલુ..

| ક્રમ | જાતિ | કુમાર | કન્યા | કુમાર કન્યા દર્શાવ્યું નથી | કુલ |
|---|---|---|---|---|---|
| ૯ | કુંકણા | ૨૧૦ | ૫૫ | - | ૨૬૫ |
| | | ૬.૫૬ | ૪.૮૫ | | ૬.૦૨ |
| ૧૦ | કોલચા- | ૧૫ | ૨ | - | ૧૭ |
| | કોલઘા | ૦.૪૭ | ૦.૧૮ | | ૦.૩૯ |
| ૧૧ | કોટવાલીયા | ૧૩ | ૨ | - | ૧૫ |
| | | ૦.૪૦ | ૦.૧૮ | | ૦.૩૪ |
| ૧૨ | વારલી | ૨૭ | ૧૦ | - | ૩૬ |
| | | ૦.૮૪ | ૦.૮૮ | | ૦.૮૪ |
| ૧૩ | પટેલીયા | ૪૪ | ૧૨ | - | ૫૬ |
| | | ૧.૩૮ | ૧.૦૬ | | ૧.૨૭ |
| ૧૪ | વસાવા | ૬૫૦ | ૧૫૪ | - | ૮૦૪ |
| | | ૨૧.૩૧ | ૧૩.૫૯ | | ૧૮.૨૬ |
| ૧૫ | રાઠવા | ૩૮૪ | ૧૨ | - | ૩૯૬ |
| | | ૧૨.૦૦ | ૧.૦૬ | | ૯.૦૦ |
| ૧૬ | નાયકા | ૪૩ | ૧૭ | - | ૬૦ |
| | | ૧.૩૪ | ૧.૫૦ | | ૧.૩૫ |
| ૧ | કુલ અનુ.જનજાતિ ક્રમ ૧ થી ૧૬નું | ૩૨૦૦ | ૧૧૩૩ | ૬૯ | ૪૪૦૨ |
| ૨ | અનુસૂચિત જાતિ | ૭૩ | ૨૩ | ૧ | ૯૭ |
| | | | | | ૧.૯૭ |

ચાલુ..

(ઉમેરો)

કોઠો : ૪.૫.. ચાલુ..

| ક્રમ | જાતિ | કુમાર | કન્યા | કુમાર કન્યા દર્શાવ્યું નથી | કુલ |
|---|---|---|---|---|---|
| ૩ | બક્ષીપંચ | ૩૦૩ | ૭૬ | ૧ | ૩૮૦<br>૭.૭૧ |
| ૪ | વિમુક્ત | ૭ | ૧ | - | ૮<br>૦.૧૬ |
| ૫ | બિન પછાત | ૧૫ | ૧૩ | - | ૨૮<br>૦.૫૭ |
| ૬ | જાતિ દર્શાવી નથી | ૧૧ | ૫ | - | ૧૬<br>૦.૩૨ |
| | કુલ ૧ થી ૬ નું | ૩૬૦૯ | ૧૨૫૧ | ૭૧ | ૪૯૩૧<br>૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ગુજરાતની ૪૫ ઉ.બુ. આશ્રમશાળામાં અનુસૂચિત જનજાતિના ૪૪૦૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. તેમાં ૭૨.૬૯ ટકા કુમારો, ૨૫.૭૪ ટકા કન્યાઓ અને ૧.૫૭ ટકા વિદ્યાર્થીઓએ લિંગ ( જાતિ ) દર્શાવ્યું નથી. અગાઉ આપણે જોયું કે ગુજરાતમાં મિશ્ર પ્રકારની ઉ.બુ. આશ્રમશાળા વધુ હતી. આમ છતાં ઉ.બુ. આશ્રમશાળાઓમાં કન્યાઓની સંખ્યા ઘણી ઓછી હતી. જે દર્શાવે છે કે કન્યા

શિક્ષણના વિકાસમાં ઉ.બુ.આશ્રમશાળાઓએ અપેક્ષિત સિદ્ધિ હાંસલ કરી નથી.

ઉ.બુ. આશ્રમશાળાઓમાં જે અનુસૂચિત જનજાતિઓના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેમાંથી ૭૫૭ (૧૭.૨૦ ટકા) વિદ્યાર્થીઓ કઇ જાતિના છે તે જણાવ્યું નથી. ઉ.બુ.આશ્રમશાળામાં અનુસૂચિત જનજાતિઓના જે કુમારો અભ્યાસ કરે છે અને તેમણે પોતાની જાતિ દર્શાવે છે તેમાં વસાવા, રાઠવા, ભીલ, ચૌધરી અને ગરાસીયા જાતિના કુમારો વધુ હતા. અભ્યાસ કરતા કુમારોમાં ૬૯.૩૪ ટકા કુમારો આ પાંચ જાતિના હતા. જયારે કોલિયા, કોટવાળીયા, વારલી, હળપતિ જાતિના કુમારોનું પ્રમાણ ઘણું ઓછું હતું. આ જાતિઓ જયાં વસે છે તે વિસ્તારમાં ઉ.બુ. આશ્રમશાળાનું પ્રમાણ વધુ છે. દા.ત. સુરત, વલસાડ, ડાંગ જિલ્લામાં આ જાતિના લોકો વધુ પ્રમાણમાં વસે છે. અને આ જિલ્લાઓમાં જ અભ્યાસની ૫૧.૧૧ ટકા ઉ.બુ.આશ્રમશાળાઓ છે. આમ છતાં આ જિલ્લાઓની પછાત અને આદિમજૂથની અનુસૂચિત જનજાતિઓના વિદ્યાર્થીઓ ઉ.બુ.આશ્રમશાળાઓમાં ઓછા પ્રમાણમાં અભ્યાસ કરતા હતા. જે દર્શાવે છે કે ઉ.બુ. આશ્રમશાળાઓએ જે તે વિસ્તારની પછાત અને આદિમજૂથની જાતિના વિદ્યાર્થીઓ મેળવવામાં ઉદાસીનતા દાખવી છે. અથવા તો આ જાતિના વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉ.બુ. આશ્રમશાળામાં શિક્ષણ લેવાનું ઓછું પસંદ કરે છે.

ઉ.બુ. આશ્રમશાળામાં જે કન્યાઓ ભણતી હતી અને તેમણે પોતાની જાતિ દર્શાવી હતી, તેમાં ભીલ, ચૌધરી, ધોડિયા, ગામીત, વસાવા, જાતિની કન્યાઓનું પ્રમાણ વધુ હતું. આ જાતિની ૮૩.૪૩ ટકા કન્યાઓ હતી. જયારે હળપતિ, વારલી નાયકા અને આદિમજૂથની જાતિઓ જેવી કે કોલચા, કોલઘા,

કોટવાળીયા જાતિની કન્યાઓનું પ્રમાણ ઘણું ઓછું હતું. આ જાતિની ૬.૨૦ ટકા કન્યાઓ હતી.

આ ઉપરથી ફલિત થાય છે કે જે તે વિસ્તારની પ્રબળ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ ઉ.બુ. આશ્રમશાળાનો વધુ લાભ લે છે. જોકે આમાં કુમાર અને કન્યાના પ્રમાણમાં ઘણો તફાવત છે.

## વિદ્યાર્થીઓની સંખ્યા :

અભ્યાસની ૪૫ ઉ.બુ. આશ્રમશાળામાં નિયમ મુજબ અનુસૂચિત જનજાતિઓના જે વિદ્યાર્થીઓ હોવા જોઇએ તેના કરતા ૧૪ ટકા ઓછા વિદ્યાર્થીઓ ૧૯૮૭-૮૮ના વર્ષમાં હતા. આજ વર્ષે ૨૦૪૮ વિદ્યાર્થીઓ બક્ષીપંચની જાતિઓના, વિચરતી જાતિઓના અને આર્થિક પછાત વાલીઓના બાળકોને અભ્યાસની ઉ.બુ. આશ્રમશાળામાં પ્રવેશ આપી શકાય પણ આ જાતિઓના ફક્ત ૮૨૩ ( ૪૦.૧૯ ટકા ) વિદ્યાર્થીઓ હતા.

આ ઉપરથી ફલિત થાય છે કે ઉ.બુ.આશ્રમશાળામાં ૧૯૮૭-૮૮ના વર્ષે નિયમ કરતા ઓછા વિદ્યાર્થીઓ હતા.

## વધ-ઘટની માહિતી :

ઉ.બુ. આશ્રમશાળાની મુકકર સંખ્યા XXXXXX જાળવી રાખવામાં આશ્રમશાળાનો પ્રકાર અગત્યની ભૂમિકા ભજવે છે. આગળના કોઠામાં આપણે જોયું કે ગુજરાતની ઉ.બુ. આશ્રમશાળામાં મિશ્ર પ્રકારની ઉ.બુ. આશ્રમશાળા વધુ હતી. પ્રકારવાર ઉ.બુ. આશ્રમશાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હતી તેની માહિતી કોઠા ૪.૬ માં આપી છે.

## કોઠો : ૪.૬

**અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળાની મુકરર સંખ્યા પ્રમાણે વિદ્યાર્થીઓની વધ-ઘટની માહિતી દર્શાવતો કોઠો**

( ઓગસ્ટ ૧૯૮૭ ની રજિ. સંખ્યા પ્રમાણે )

| ક્રમ | આશ્રમશાળાનો વિભાગ | ઉ.બુ.આશ્રમશાળાની સંખ્યા | | | કુમાર | | | કન્યા | | | મિશ્ર | | | કુલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | મિશ્ર | વધ | ઘટ | બરાબર | વધ | ઘટ | બરાબર | વધ | ઘટ | બરાબર | વધ | ઘટ | બરાબર | કુલ |
| ૧ | અમદાવાદ | ૧ | - | ૫ | - | ૧ | - | - | - | - | ૩ | ૨ | - | ૩ | ૩ | - | ૬ |
| ૨ | વડોદરા | ૭ | ૧ | ૮ | ૧ | ૫ | ૧ | - | ૧ | - | - | ૫ | ૩ | ૧ | ૧૧ | ૪ | ૧૬ |
| ૩ | સુરત | ૧ | - | ૨૨ | ૧ | - | - | - | - | - | ૩ | ૧૪ | ૫ | ૪ | ૧૪ | ૫ | ૨૩ |
| | | ૯ | ૧ | ૩૫ | ૨ | ૬ | ૧ | - | ૧ | - | ૬ | ૨૧ | ૮ | ૮ | ૨૮ | ૯ | ૪૫ |

આ કોઠા ઉપરથી ફલિત થાય છે કે અભ્યાસની ૬૨.૨૨ ટકા ઉ.બુ.આશ્રમશાળામાં મુકરર સંખ્યા કરતાં ઓછા વિદ્યાર્થીઓ હતા કે અહીં એક બાબત નોંધવી જોઈએ કે પ્રકારવાર ઉ.બુ.આશ્રમશાળામાં મુકરર સંખ્યામાં વિદ્યાર્થીઓની વધ-ઘટ અને બરોબરમાં ટકાવારીની દ્રષ્ટિએ મિશ્ર પ્રકારની ઉ.બુ.આશ્રમ શાળાનો ક્રમ ઉંચો હતો.

આશ્રમશાળા અધિકારીની કચેરીના વિભાગવાર વિદ્યાર્થીઓની વધ-ઘટ જોઈએ તો અમદાવાદ વિભાગની કચેરી હસ્તકની ૫૦ ટકા ઉ.બુ.આશ્રમશાળામાં મુકરર સંખ્યા કરતા વધુ વિદ્યાર્થીઓ હતા. જ્યારે વડોદરા વિભાગની કચેરી હસ્તકની ૬૮.૭૫ ટકા આશ્રમશાળામાં મુકરર સંખ્યા કરતા ઓછા અને ૨૫.૦૦ ટકા ઉ.બુ. આશ્રમશાળામાં મુકરર સંખ્યા કરતાં વધુ વિદ્યાર્થીઓ હતા.

આ કોઠા ઉપરથી ફલિત કરી શકાય છે કે ઉ.બુ. આશ્રમશાળાનો પ્રકાર બદલવાથી ઉ.બુ.આશ્રમશાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી નથી. આથી નવી શરૂ થતી ઉ.બુ.આશ્રમશાળાઓ મિશ્ર પ્રકારની જ શરૂ કરવી જોઈએ. આ વિધાનને ઉપરોકત કોઠા બળ પૂરું પાડે છે. કોઠા ઉપર દ્રષ્ટિ કરતાં ખ્યાલ આવે છે કે મિશ્ર પ્રકારની ઉ.બુ.આશ્રમશાળામાં વિદ્યાર્થીઓની ઘટ ઓછા પ્રમાણમાં હતી.

ઉ.બુ. આશ્રમશાળામાં વિદ્યાર્થીઓની ઘટના અનેક કારણો છે. તેમના કેટલા કારણો નીચે મુજબ છે.

(૧) ઉ.બુ.આશ્રમશાળામાં દાખલ થયા બાદ વિદ્યાર્થીઓ અન્ય શાળામાં અભ્યાસ માટે ચાલ્યા જાય છે.

(૨) આદિવાસી વિસ્તારમાં પ્રતિવર્ષે જે માધ્યમિક અને ઉ.બુ.શાળાઓ જે શરૂ થાય છે તેના પ્રમાણમાં વિદ્યાર્થીઓ ઓછા મળે છે. આથી મોટાભાગની માધ્યમિક શિક્ષણની

શાળાઓમાં માન્ય સંખ્યા કરતા ઓછા વિદ્યાર્થી હોય છે.

(૩) ક્ષેત્રકાર્ય દરમ્યાન એક બાબત ધ્યાન પર આવી છે કે આદિવાસી વિસ્તારોમાં જે શાળાનું ધોરણ ૧૦નું પરિણામ સારું આવે તે શાળામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવાની ઇચ્છા વધુ રાખે છે. આમ હોવાથી જે તે શાળા સાથેના છાત્રાલયમાં પ્રવેશ ન મળે તો તે શાળાએ આવજા કરીને, અથવા તો શાળાના ગામે કે તેની નજીકના ગામે રહેવાની વ્યવસ્થા ગોઠવે છે. આ રીતે વિદ્યાર્થીઓ એકલા પણ રહે અને સગાસંબંધીને ત્યાં પણ રહે છે.

(૪) ઉ.બુ.આશ્રમશાળાઓ મોટાભાગે નાના કે મોટા શહેરની દૂર આવેલી હોય છે. આથી વિદ્યાર્થીઓ આવા સ્થળે ભણવા ઓછા તૈયાર થાય છે.

(૫) ઉ.બુ.આશ્રમશાળામાં ખેતી અને ઉદ્યોગને મહત્ત્વ આપવામાં આવે છે. આથી અહીં ભણતા વિદ્યાર્થીઓને શારીરિક શ્રમ કરવો પડે જે કરવાની વિદ્યાર્થીઓની તૈયારી નથી. કારણકે તેઓ એમ માને છે કે ખેતીનું કામ જ કરવાનું હોય તો ઘરની ખેતી શા માટે ન કરીયે ? ખેતી કરવા માટે ભણવાની જરૂર નથી.

(૬) અનુસૂચિત જનજાતિ વિસ્તારમાં મોટાભાગે ખાનગી મંડળો પાસે શિક્ષણની સંસ્થાઓ હોય છે. જે તે મંડળના સભ્યોનો પ્રભાવ જે તે ગામમાં હોય તે ગામના વિદ્યાર્થીઓને પોતાની સંસ્થામાં દાખલ કરે છે. મંડળ પાસે પ્રાથમિક વિભાગની આશ્રમશાળા હોય પણ જો માધ્યમિક શિક્ષણ મળે ઉ.બુ.શાળા કે ઉ.બુ.આશ્રમશાળા ન હોય તો આ વિદ્યાર્થીઓને પોતાની માધ્યમિક શાળામાં પ્રવેશ આપે. આથી પોતાની માધ્યમિક શાળામાં

વિદ્યાર્થીઓની સંખ્યા મેળવવામાં મુશ્કેલી ન રહે.

આવા અનેક પરિબળોને લઇને ઉ.બુ.આશ્રમશાળામાં માન્ય સંખ્યા કરતા ઓછા વિદ્યાર્થીઓ હોય છે.

## ઉત્તર બુનિયાદી આશ્રમશાળા વિશે ઉત્તરદાતાઓનો અભિપ્રાય :

ઉત્તરદાતાઓને ઉ.બુ.આશ્રમશાળામાં પ્રવેશમાં કે અન્ય કેવા પ્રકારની મુશ્કેલીઓ પડે છે અને આ શૈક્ષણિક સંસ્થાને અનુસૂચિત જનજાતિના લોકો કઇ દૃષ્ટિએ જોવે છે તેની માહિતી એકત્ર કરી હતી. જેની વિગતે ચર્ચા અહીં કરી છે.

### ઉત્તર બુનિયાદીમાં પ્રવેશ મેળવવા અંગે :

વિદ્યાર્થીઓની સંખ્યા વધતા શાળા, કોલેજમાં પ્રવેશ મેળવવાની મુશ્કેલી પડે છે. આવુ શહેરની પ્રખ્યાત શાળા, કોલેજમાં વધુ બને છે. શહેરના પ્રમાણમાં ગામડામાં અને ખાસ કરીને અનુસૂચિ જનજાતિના વિસ્તારની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવવામાં હરીફાઇ ઓછી છે. ઉ.બુ.આશ્રમશાળામાં વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવાની મુશ્કેલી પડે છે કે નહીં તે જાણવા આ અંગેના પ્રશ્નો વિદ્યાર્થી અને વાલી ઉત્તરદાતાને પૂછયા હતા. આવા પ્રત્યુત્તર માં ઉત્તરદાતાઓએ જણાવ્યું કે ઉ.બુ.આશ્રમશાળામાં અમોને પ્રવેશ મેળવવા મુશ્કેલી પડી નથી.

ઉત્તરદાતાના આ જવાબને ઉ.બુ. આશ્રમશાળાની મુકરર સંખ્યાના કોઠાની વિગતોને અનુમોદન આપે છે.

### ઉ.બુ.આશ્રમશાળામાં પડતી મુશ્કેલી અંગે :

ઉત્તરદાતાઓને ઉ.બુ.આશ્રમશાળામાં કેવા પ્રકારની મુશ્કેલી પડી છે યા પડી હતી તેની વિગત તપાસતા ખ્યાલ આવ્યો કે જે ઉત્તરદાતાએ ઉ.બુ.આશ્રમશાળાનો અભ્યાસ પૂરો

કર્યો અથવા તો અભ્યાસ છોડી દીધો હતો તેમણે આશ્રમશાળા અંગે ટીકાત્મક ચર્ચા કરીને પોતે અનુભવેલ મુશ્કેલીની માહિતી આપી હતી. આવી જ મુશ્કેલીઓ ઉ.બુ. આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓ પણ અનુભવે છે. તેવું ક્ષેત્રકાર્ય દરમ્યાન અવલોકન થી જાણ્યું છે. આમ છતાં ઉ.બુ. આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મુશ્કેલીની વિગતો આપી નથી. આમ બનવા પાછળના મુખ્ય કારણો જોઈએ તો

(૧) વિદ્યાર્થી ઉ.બુ.આશ્રમશાળાના શિક્ષકો અને સંચાલક મંડળના સભ્યોના પ્રભાવ હેઠળ હોય છે.

(૨) આ ઉપરાંત તેઓ એમ માને છે કે ઉ.બુ. આશ્રમશાળા વિશે ફરિયાદ કરવામાં આવે તો ઉ.બુ.આશ્રમશાળામાંથી રજા આપવામાં આવશે. અથવા તો ભવિષ્યમાં પોતાના નાનાભાઈ બહેન યા પોતાના ગામના અન્ય વિદ્યાર્થીઓને ઉ.બુ.આશ્રમશાળામાં દાખલ નહીં કરે.

આથી ઉ.બુ.આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉ.બુ. આશ્રમશાળા વિશે ફરિયાદ કરી નથી.

બુનિયાદી કેળવણીના સિદ્ધાંતમાં દર્શાવ્યું છે કે આ પ્રકારની કેળવણી લેવાથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થશે. આ અભ્યાસ ઉપરથી કહી શકાય છે કે આમ ઓછા પ્રમાણમાં થાય છે. કારણકે વિદ્યાર્થીઓમાં નૈતિક હિંમતનો વિકાસ ઓછો થવાથી તેઓ નીડરતાથી ઉ.બુ.આશ્રમશાળામાં અનુભવાતી મુશ્કેલીની ચર્ચા કરતા નથી, જે ઉત્તરદાતાએ મુશ્કેલી દર્શાવી છે તેની માહિતી કોઠા ૪.૭ માં આપી છે.

## કોઠો : ૪.૭

### ઉ.બુ.આશ્રમશાળામાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | મુશ્કેલીની વિગત | મુશ્કેલી જણાવનારની સંખ્યા: વિદ્યાર્થી ઉત્તરદાતા | વાલી ઉત્તરદાતા | કઇ મુશ્કેલી પડે છે. |
|---|---|---|---|---|
| ૧ | રહેવાની | ૧૭ | ૨ | ૧. સૂવાની વ્યવસ્થા યોગ્ય નથી. |
| ૨ | ભોજનની | ૬ | ૪ | ૧. ભોજન પૂરતું મળતું નથી.<br>૨. આશ્રમશાળામાં અનાજ પૂરતું હોતું નથી. |
| ૩ | શારીરિક શ્રમ અંગેની | ૧૬ | - | ૧. ખેતીમાં વધુ કામ કરવું પડે છે.<br>૨. ઉ.બુ.આશ્રમશાળામાં સફાઈ અને ભોજન બનાવવામાં વધુ કામ કરવું પડે છે. |
| ૪ | કુટુંબની ઓછી આવક અંગેની | ૩૩ | - | ૧. કુટુંબની ઓછી આવકને લઈને પુસ્તક, નોટબુક, ખરીદવામાં મુશ્કેલી પડે છે |

ચાલુ..

કોઠો : ૪.૭.. ચાલુ..

| ક્રમ | મુશ્કેલીની વિગત | મુશ્કેલી જણાવનારની સંખ્યા | | કઇ મુશ્કેલી પડે છે. |
|---|---|---|---|---|
| | | વિદ્યાર્થી ઉત્તરદાતા | વાલી ઉત્તરદાતા | |
| ૫ | વાતાવરણ અંગેની | ૮ | - | ૧. ઉ.બુ.આશ્રમશાળાના દૈનિકકાર્યક્રમમાં ભાગ લેવા અંગેની |
| ૬ | શિક્ષણ અંગેની | - | ૩ | ૧. શિક્ષકો, ભણાવવામાં ધ્યાન નથી આપતા<br>૨. ઉ.બુ.આશ્રમશાળામાં શિખવાતા વિષયો આગળ અભ્યાસમાં ઓછા ઉપયોગી થાય.<br>૩. શારીરિક શ્રમ વધુ કરાવે છે આથી વિદ્યાર્થીઓ અભ્યાસમાં ઓછું ધ્યાન આપી શકે. |
| કુલ | | ૮૦ | ૯ | |

કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ઉ.બુ.આશ્રમશાળામાં વિદ્યાર્થીઓને રહેવાની, જમવાની અને શારીરિક શ્રમની મુશ્કેલીઓ હતી. આમાં રહેવાની અને જમવાની મુશ્કેલીઓ સંચાલક મંડળની ક્ષતિ ગણી શકાય. કારણકે સરકાર આ અંગે તેઓને ( સંચાલક મંડળને ) પૂરતું અનુદાન આપે છે, જેનો યોગ્ય ઉપયોગ નહીં થતા વિદ્યાર્થીઓ આ અંગેની મુશ્કેલી અનુભવે છે. જ્યારે વિદ્યાર્થીઓના માનસ, અને સંચાલક મંડળની કાર્ય પ્રણાલીકાને લઈને વિદ્યાર્થીઓ શારીરિક શ્રમની મુશ્કેલી અનુભવે છે. કારણકે ઉત્તર બુનિયાદી અને નઈ તાલીમની કેળવણીમાં ઉદ્યોગ પ્રધાન કેળવણીને મહત્ત્વનું ગણ્યું છે. આથી આ પ્રકારનું શિક્ષણ લેતા વિદ્યાર્થીઓએ શારીરિક શ્રમ કરવો અનિવાર્ય છે. પણ નઈ તાલીમ અને માધ્યમિક શાળાના શિક્ષણ વચ્ચેના ભેદની સમજૂતિ ઉત્તરદાતા વિદ્યાર્થીઓને અને તેના વાલીને નથી. આથી તેઓ ઉ.બુ.આશ્રમશાળામાં ખેતી, પશુપાલન, રહેઠાણની સ્વચ્છતા કે રસોડાના નાના મોટા કામમાં શારીરિકશ્રમ કરવો પડે તેને તેઓ મુશ્કેલી ગણે છે. જ્યારે સંચાલક મંડળ પણ આશ્રમની ખેતીમાંથી જે અનાજ પાકે તે વેચી દે છે અને વિદ્યાર્થીઓને ભોજનમાં હલકા પ્રકારનું અનાજ આપે આથી પણ વિદ્યાર્થીઓ શ્રમના કાર્યને મુશ્કેલી રૂપ ગણે છે.

કુટુંબની આર્થિક મુશ્કેલીને લઈને અભ્યાસના સાધનો અને સામગ્રીઓ વિદ્યાર્થીઓ રાખી શકતા નથી. આ પ્રકારની મુશ્કેલીઓ ૩૩ વિદ્યાર્થીઓ અનુભવતા હતા. આ મુશ્કેલી ગરીબ વાલીઓના બાળકો અનુભવતા હતા.

૮ વિદ્યાર્થીઓએ ઉ.બુ. આશ્રમશાળાનું વાતાવરણ અનુકૂળ નથી તેવું દર્શાવેલ આમાં વહેલા ઊઠવું, પોતે રહેતા હોય તે રૂમની અને આશ્રમશાળાની ખુલ્લી જમીનની સફાઈ કરવી,

પ્રાર્થના કરવી. આવા કામો પસંદ ન પડતાં આ મુશ્કેલી વિદ્યાર્થીઓએ દર્શાવી હતી. આ મુશ્કેલી દર્શાવનાર વિદ્યાર્થીઓએ પ્રાથમિક શિક્ષણ ઘરેથી આવજા કરીને લીધું હોય છે. તેથી તેઓને ઉ.બુ. આશ્રમશાળાનું વાતાવરણ અનુકૂળ લાગતું નથી.

<u>શિક્ષણ અંગેની ફરિયાદ :</u>

વિદ્યાર્થી ઉત્તરદાતાઓએ શિક્ષણ અંગેની મુશ્કેલી જણાવી નથી. માત્ર ૩ વાલી ઉત્તરદાતાએ શિક્ષણ અંગેની મુશ્કેલી દર્શાવી હતી. આ ફરિયાદો જણાયા બાદ ક્ષેત્રકાર્યમાં આ અંગેની વધુ વિગતો મેળવવાનો પ્રયાસ કર્યો હતો જેની વિગતે ચર્ચા કરી છે.

એક વાલીએ ફરિયાદમાં જણાવ્યું કે ઉ.બુ.આશ્રમશાળાના શિક્ષકો અભ્યાસમાં ધ્યાન આપતા નથી. આ ઉ.બુ.આશ્રમશાળાનું છેલ્લાં પાંચ વર્ષનું એસ.એસ.સી.નું પરિણામ તપાસતા ખ્યાલ આવે છે કે વાલીની આ ફરિયાદ યોગ્ય નથી.

બીજા એક વાલીએ ફરિયાદ કરી કે ઉ.બુ.આશ્રમશાળામાં શીખવાતા વિષયો આગળ અભ્યાસમાં ઓછા ઉપયોગી થાય છે. આ જ અહેવાલમાં આપણે જોયું કે ઉ.બુ.આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓ કે જે એસ.એસ.સી. પાસ થઈને ઉચ્ચ અભ્યાસ કરે છે. અભ્યાસ પૂરો કરી વ્યવસાય પણ કરે છે.

આ ફરિયાદ કરનાર વાલીનું બાળક જે ઉ.બુ.આશ્રમશાળામાં ભણતું હતું તે ઉ.બુ.આશ્રમશાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ કોલેજનો અને ટેકનીકલને લગતો અભ્યાસ પણ કર્યો હતો.

આ હકીકત જાણ્યા બાદ વાલીની આ ફરિયાદ વાજૂદ વગરની હોય તેમ લાગે છે.

ત્રીજા વાલીની ફરિયાદ હતી કે ઉ.બુ.આશ્રમશાળામાં શારીરિક શ્રમ વધુ રાવાય છે. આથી વિદ્યાર્થીઓ ભણવામાં ઓછું ધ્યાન આપી શકે. ઉ.બુ.આશ્રમશાળામાં જે શારીરિક શ્રમ કરાવાય છે તે અભ્યાસના ભાગરૂપે હોય છે. આ બાબતની જાણ ફરિયાદી વાલીને ન હોય તેમ લાગે છે. તેને શ્રમનું શિક્ષણમાં મહત્ત્વ છે તેની જાણ નથી.

શિક્ષણ અંગેની ફરિયાદો પ્રથમ દ્રષ્ટિએ યોગ્ય લાગતી નથી. આમ છતાં તે નોંધવું જોઈએ કે નઈ તાલીમ અને ઉ.બુ. શિક્ષણ વિશે અભ્યાસના વાલી ઉત્તરદાતા અને સમાજમાં પૂરતી સમજ ન હોવાથી શિક્ષણ અંગેની ફરિયાદ વાલી ઉત્તરદાતાઓએ કરી હતી. આમ ન થાય તે માટે ઉ.બુ. આશ્રમશાળાના સંચાલકો, શિક્ષકો અને શિક્ષણકારોએ ઉ.બુ. શિક્ષણ અંગે વિગતે ચર્ચા કરી તેના ગુણદોષોની જાણકારી સમાજને આપવી જોઈએ.

૮ <u>વાલીઓ બાળકો ક્યાં ભણે તેમ ઇચ્છે છે:</u>

વાલી ઉત્તરદાતાઓ પોતાના બાળકો ક્યાં ભણે તેમ ઇચ્છે છે તે જાણવાનો પ્રયાસ કર્યો હતો જેની વિગત કોઠા ૪.૮ માં મુકી છે.

કોઠો : ૪.૮

વાલીઓ પોતાના બાળકો કયાં ભણે તેમ ઇચ્છે છે તેની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ઉ.બુ.આશ્રમશાળામાં | ૧૮ | ૪૫.૦૦ |
| ૨ | છાત્રાલયમાં રહીને | ૧ | ૨.૫૦ |
| ૩ | બન્નેમાં( ઉ.બુ.આશ્રમશાળા અને છાત્રાલયમાં) | ૧૧ | ૨૭.૫૦ |
| ૪ | કંઇ કહી શકાય નહીં | ૧૦ | ૨૫.૦૦ |
| | કુલ | ૪૦ | ૧૦૦.૦૦ |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે આ પ્રશ્નનો જવાબ ૧૦ (૨૫.૦૦ ટકા ) વાલીઓએ આપ્યો નથી. ૧૮(૪૫.૦૦ ટકા ) વાલીઓએ પોતાના બાળકો ઉ.બુ.આશ્રમ શાળામાં ભણે તેવી ઇચ્છા દર્શાવી હતી. ૧૧ વાલીઓમાં પોતાના બાળકો ઉ.બુ. આશ્રમશાળા કે છાત્રાલયમાં ભણે તેમ ઇચ્છતા હતા. જયારે એક વાલી પોતાના બાળકો છાત્રાલયમાં રહીને ભણે તો સારું એમ જણાવ્યું હતું.

આ વિગતો ઉપરથી ખ્યાલ આવે છે કે મોટાભાગના ઉત્તરદાતા વાલીઓ પોતાના બાળકો ઉ.બુ.આશ્રમશાળા કે છાત્રાલયમાં રહી ને ભણે તેમ ઇચ્છતા હતા. આમ ઇચ્છવાનું મુખ્ય કારણ એ હોઇ શકે કે અનુસૂચિત જનજાતિના વાલીઓ

ચોક્કસપણે માને છે કે બાળક જો આશ્રમશાળા યા છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે તો તે ઘડાય છે અને તેમનો સર્વાંગી વિકાસ પણ થાય. આ ઉપરાંત બાળકને ભણાવવા પાછળનો ખર્ચ ઓછો લાગે. બાળક જો ઘરેથી આવજા કરીને ભણે તો શાળાએ જવા આવવામાં સમય વધુ જાય આ ઉપરાંત બાળકને ઘેર વાંચવામાં સમય ઓછો મળે, ઘરે તે ધ્યાનથી વાંચી ન શકે. આ બધી બાળકોને ધ્યાનમાં રાખી વાલીઓ પોતાના બાળકોને આશ્રમશાળા કે છાત્રાલયમાં મૂકવાની ઈચ્છા રાખતા હતા.

ઉ.બુ. આશ્રમશાળાનું શૈક્ષણિક માળખું તપાસ્યા બાદ આ અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે તેમાં ખાસ કરીને સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે તેની વિગતે ચર્ચા હવે પછીના પ્રકરણમાં ( પાંચ) કરવામાં આવી છે.

# પ્રકરણ - ૫

## ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના અભ્યાસ એકમોની યથાસ્થિત શૈક્ષણિક દર્શન

- ઉત્તરદાતાના વિદ્યાર્થીઓએ પ્રાથમિક શિક્ષણ ક્યાં લીધુ
- ઉત્તરદાતાના કેટલુ ભણ્યા
- ઉત્તરદાતાના વિદ્યાર્થીઓએ શા માટે અભ્યાસ છોડયો
- ઉત્તરદાતાના કુટુંબોની સભ્ય સંખ્યા અને કુટુંબના સભ્યોનું શિક્ષણ
- કુટુંબના જે સભ્યો ભણે છે તેની માહિતી
- કુટુંબના જે સભ્યોએ અભ્યાસ છોડયો છે તેની માહિતી
- કુટુંબની અભણ સ્ત્રીઓ વિશે
- અભ્યાસના કુટુંબોનું આવકજૂથ પ્રમાણે વર્ગીકરણ
- ઉ.બુ.આશ્રમશાળામાં ભણેલા વિદ્યાર્થીઓના કુટુંબનો આર્થિક ઉત્કર્ષ કેટલા અંશે થયો છે.

# પ્રકરણ - ૫

## ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના અભ્યાસ એકમોની યથાસ્થિત શૈક્ષણિક દર્શન

### ઉત્તરદાતાના વિદ્યાર્થીઓએ પ્રાથમિક શિક્ષણ ક્યાં લીધું :

ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેના સ્ત્રોતો અંગેની માહિતી જાણવા માટે અભ્યાસના ૧૧૯ વિદ્યાર્થી ઉત્તરદાતાઓ ૧ થી ૭ ધોરણનો અભ્યાસ ક્યાં કર્યો છે તેની માહિતી એકત્ર કરી હતી. આથી ખ્યાલ આવે છે કે પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાં અભ્યાસ કર્યો હોય તેવા કેટલા વિદ્યાર્થીઓ ધોરણ ૮ નો અભ્યાસ કરવા ઉ.બુ.આશ્રમશાળામાં દાખલ XXX થયા હતા. જો પ્રાથમિક શિક્ષણ આશ્રમશાળામાં લીધેલ વિદ્યાર્થીઓ કરતા જિલ્લા પંચાયતની શાળામાં ભણનાર વિદ્યાર્થીઓ ધોરણ ૮માં ઉ.બુ. આશ્રમશાળામાં વધુ પ્રમાણમાં પ્રવેશ મેળવતા હોય તો નવી ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવા માટે પ્રાથમિક વિભાગની આશ્રમશાળા ઉપરાંત જે તે વિસ્તારમાં ૧ થી ૭ ધોરણની જિલ્લા પંચાયતની શાળાઓને પણ ધ્યાનમાં રાખવી જોઈએ. આ ઉપરાંત માધ્યમિક શિક્ષણ કરતા ઉ.બુ.ની કેળવણીની ઉપયોગીતા પણ ખ્યાલ આવે. અભ્યાસના ૧૧૯ ઉત્તરદાતા વિદ્યાર્થીઓ ૧ થી ૭ ધોરણ ક્યાં ભણ્યા છે તેની માહિતી કોઠા નંબર ૫.૧ માં મૂકી છે.

## કોઠો : ૫.૧

### વિદ્યાર્થી ઉત્તરદાતાઓએ પ્રાથમિક શિક્ષણ ક્યાં લીધું તેની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | ધોરણ-૧ | | ધોરણ-૨ | | ધોરણ-૩ | | ધોરણ-૪ | | ધોરણ-૫ | | ધોરણ-૬ | | ધોરણ-૭ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુ | કન્યા | કુ | કન્યા | કુ | કન્યા | કુ | કન્યા | કુ | કન્યા | કુ | કન્યા | કુ | કન્યા |
| ૧ | ગામમાંજ | ૪૮ | ૪૧ | ૪૭ | ૪૦ | ૪૫ | ૩૩ | ૩૯ | ૩૩ | ૩૨ | ૩૦ | ૩૨ | ૩૦ | ૩૨ | ૨૮ |
| ૨ | ઘરેથી આવજા કરી | ૨ | ૪ | ૩ | ૫ | ૩ | ૪ | ૩ | ૪ | ૭ | ૪ | ૬ | ૪ | ૬ | ૪ |
| ૩ | છાત્રાલયમાં રહીને | ૧ | - | ૧ | - | ૧ | - | ૧ | - | ૧ | - | ૧ | - | ૧ | - |
| ૪ | આશ્રમશાળામાં રહીને | ૧૮ | ૫ | ૧૮ | ૫ | ૨૦ | ૧૩ | ૨૬ | ૧૩ | ૨૯ | ૧૬ | ૩૦ | ૧૬ | ૩૦ | ૧૭ |
| ૫ | માહિતી આપી નથી | | - | - | | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| | કુલ | ૬૭ | ૫૦ | ૬૯ | ૫૦ | ૬૯ | ૫૦ | ૬૯ | ૫૦ | ૬૯ | ૫૦ | ૬૯ | ૫૦ | ૬૯ | ૫૦ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના ૧૧૯ ઉત્તરદાતાઓમાંથી ૭૪.૭૯ ટકા વિદ્યાર્થીઓએ ધોરણ-૧ નું શિક્ષણ ગામમાંજ લીધુ હતું. જેમ જેમ ઉપલા ધોરણમાં વિદ્યાર્થીઓ આવતા XXXXXX ગયા તેમ તેમ ગામમાં ભણવાની સંખ્યા ઓછી થતી ગઇ હતી.

આશ્રમશાળામાં નીચલા ધોરણ કરતા ઉપલા ધોરણમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે. અભ્યાસ હેઠળ આવરી લીધેલ વિદ્યાર્થીઓમાંથી ધોરણ ૧ માં ૧૮ કુમાર અને ૫ કન્યાઓ આશ્રમશાળામાં ભણેલ જયારે ધોરણ ૪ માં ૨૬ કુમાર અને ૧૩ કન્યાઓએ અભ્યાસ કરેલ આમ થવાનું મુખ્ય કારણ એ છે કે દરેક આશ્રમશાળામાં ધોરણ ૧થી વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો નથી. મોટાભાગની આશ્રમશાળામાં બીજા કે ત્રીજા ધોરણથી વિદ્યાર્થીઓને પ્રવેશ અપાય છે. આથી ગામમાં ૧, ૨ માં ભણનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોય છે. ૫ થી ૭ ધોરણ સુધીનો ગામમાં અભ્યાસ કરનાર ૩૨ કુમાર અને ૩૦ કન્યાઓ હતી. આ કક્ષાનો અભ્યાસ પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાં કરી ઉ.બુ.આશ્રમશાળામાં દાખલ થનાર વિદ્યાર્થીઓમાં ૩૦ કુમારો અને ૧૭ કન્યાઓ હતી. આ ઉપરથી ફલિત થાય છે કે ધોરણ ૮માં ઉ.બુ.આશ્રમશાળામાં દાખલ થનાર વિદ્યાર્થીઓમાં જિલ્લા પંચાયતની શાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ વધુ હતા.

આ કોઠા ઉપરથી નીચેના મુદ્દાઓ ફલિત થાય છે.

(૧) કુમાર - કન્યાઓ જેમ જેમ ઉપલા ધોરણમાં આવતા જાય છે તેમ તેમ ગામમાં ઓછા ભણે છે. ધોરણ ૧XXXX કરતા ધોરણ ૭માં ગામમાં ભણનાર વિદ્યાર્થીઓમાં ૩૩.૩૩ ટકા કુમાર અને ૩૧.૭૧ ટકા કન્યાઓ ઘટે છે.

(૨) કુમાર કન્યાઓ જેમ જેમ ઉપલા ધોરણમાં આવતા જાય છે તેમ તેમ આશ્રમશાળામાં વધુ ભણે છે. ધોરણ ૧ કરતા ધોરણ ૭માં આશ્રમશાળામાં ભણનાર ૬૬.૬૬ ટકા કુમારો અને ૨૪૦ ટકા કન્યાઓ વધો છે.

ઉપલા ધોરણમાં ઘરેથી ભણનારની સંખ્યા જે ઘટે છે તે કરતા આશ્રમશાળામાં સંખ્યા ઘણી વધો છે.

(૩) અભ્યાસના ૬૯ કુમારો જે ઉ.બુ. આશ્રમશાળામાં ભણ્યા છે યા ભણે છે તેમાંથી ૩૨ ( ૪૬.૩૮ ટકા ) કુમારો ૭ ધોરણ ગામમાં ભણ્યા હતા. ૩૦ ( ૪૩.૪૮ ટકા ) કુમારો ૭ ધોરણ આશ્રમશાળામાં ભણ્યા હતા. જ્યારે ૫૦ કન્યાઓ કે જે ઉ.બુ.આશ્રમશાળામાં ભણી છે યા ભણે છે તેમાંની ૨૮ ( ૫૬.૦૦ ટકા ) કન્યાઓ ૭ ધોરણ ગામમાં ભણી છે હતી. અને ૧૭ ( ૩૪.૦૦ ટકા ) કન્યાઓ આશ્રમશાળામાં ધોરણ ૭ ભણી હતી.

આ ઉપરથી ફલિત કરી શકાય કે આશ્રમશાળામાં ધોરણ ૭ ભણનાર કુમાર, કન્યાઓ ધોરણ ૮ ભણવા ઉ.બુ.આશ્રમશાળામાં ઓછા પ્રમાણમાં દાખલ થઈ હતી.

**ઉત્તરદાતા કેટલુ ભણ્યા :**

અભ્યાસના ૧૧૯ વિદ્યાર્થી ઉત્તરદાતાઓ ઉ.બુ.આશ્રમશાળામાં ભણે છે યા ભણતા હતા. આમાં ૬૯(૫૭.૫૯ ટકા) કુમારો અને ૫૦ ( ૪૨.૦૦ ટકા ) કન્યાઓ હતી, જે ઉત્તરદાતા ભણે છે તેઓ કયુ ધોરણ ભણે છે અને જે નથી ભણતા તેઓ કયા સુધી ભણ્યા તેની વિગત માહિતી કોઠા ૫.૨ માં આપી છે.

## કોઠો : ૫.૨

### ઉત્તરદાતા વિદ્યાર્થીઓ કેટલું ભણ્યા તેની વિગત દર્શાવતો કોઠો

| ક્રમ | | ચાલુ શિક્ષણ | | પૂરું કરેલું શિક્ષણ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૧ | ધો.૮ | ૫ | - | ૧ | - | ૬ | - |
| ૨ | ધો.૯ | ૩ | ૧૦ | ૨ | ૧ | ૫ | ૧૧ |
| ૩ | ધો.૧૦ | ૧૨ | ૨૧ | ૨૩ | ૬ | ૩૫ | ૨૭ |
| ૪ | ધો.૧૧ | ૯ | ૨ | - | - | ૯ | ૨ |
| ૫ | ધો.૧૨ | ૩ | ૩ | ૧ | ૧ | ૪ | ૪ |
| ૬ | પી.ટી.સી. | - | ૨ | - | - | - | ૨ |
| ૭ | વિનયનશાખા (સ્નાતક કક્ષા સુધી) | - | ૪ | - | - | - | ૪ |
| ૮ | વાણિજ્યશાખા (સ્નાતક કક્ષા સુધી) | ૧ | - | - | - | ૧ | - |
| ૯ | વિનયનશાખા અનુસ્નાતકકક્ષા | ૧ | - | - | - | ૧ | - |
| ૧૦ | કૃષિ ડીપ્લોમા | ૫ | - | - | - | ૫ | - |
| ૧૧ | આઇ.ટી.આઇ. | ૩ | - | - | - | ૩ | - |
| | | ૪૨ | ૪૨ | ૨૭ | ૮ | ૬૯ | ૫૦ |

ભણનાર વિદ્યાર્થીઓમાં ૪૭.૬૦ ટકા કુમારો અને ૭૩.૮૧ ટકા કન્યાઓ ઉ.બુ.આશ્રમશાળામાં રહી ધોરણ ૮ થી ૧૦માં ભણતા હતા. ૫૨.૩૮ ટકા કુમારો અને ૨૬.૧૯ ટકા કન્યાઓ ઉ.બુ.આશ્રમશાળાનો અભ્યાસ પૂરો કરી આગળ અભ્યાસ કરતા હતા. તેમાં અગીયાર, બાર ધોરણ ભણનાર વિદ્યાર્થીઓ વધુ હતા. ઉ.બુ. આશ્રમશાળામાં ભણેલા વિદ્યાર્થીઓ વિનયન અને વાણિજ્ય ની શાખાઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ પણ કરતા હતા. આમાં સ્નાતક કક્ષાના અભ્યાસમાં કન્યાઓ અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસમાં કુમારો વધુ હતા. જ્યારે કૃષિ ડીપ્લોમા અને આઇ.ટી.આઇ.નો અભ્યાસ કુમારો કરતા હતા. આ અભ્યાસ કરનારમાં એક પણ કન્યા ન હતી.

જે ૩૫ ઉત્તરદાતાઓ ભણતા નથી, તેમાં ૨૭ કુમારો અને ૮ કન્યાઓ હતી. ન ભણનાર ૩૩ ઉત્તરદાતા વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦માં અથવા તેની પહેલા અભ્યાસ છોડયો હતો. તેમાં ૨૬ કુમારો અને ૭ કન્યાઓ હતી. જયારે એક કુમાર અને એક કન્યાએ ધોરણ ૧૨ થી અભ્યાસ છોડયો હતો.

આ કોઠા ઉપરથી ફલિત થાય છે કે ઉ.બુ. આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓ જો ધોરણ ૧૦માં પાસ થાય તો ઉચ્ચ અભ્યાસ કરે છે. આમ કરવા માટે તેઓ ઉચ્ચ અભ્યાસની જુદી જુદી શાખાઓ અને પ્રવાહોમાં પદવીનો યા પ્રમાણપત્રનો અભ્યાસ કરે છે. જયારે કન્યાઓ ઉચ્ચ અભ્યાસની પદવીનો વધુ પ્રમાણમાં અભ્યાસ કરે છે.

ઉ.બુ.આશ્રમશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ કેવા પ્રકારનો અભ્યાસ કરે છે તે જોવા માટે વિદ્યાર્થી ઉત્તરદાતાના કુટુંબના સભ્યો ઉ.બુ.આશ્રમશાળા માં ભણ્યા છે તેઓ કેવા પ્રકારનો અભ્યાસ કરતા હતા તેની માહિતી કોઠા ૫.૩ માં આપી છે.

## કોઠો : ૫.૩

**ઉત્તરદાતાના વિદ્યાર્થીઓ કુટુંબના જે સભ્યો ઉ.બુ.આશ્રમશાળામાં ભણ્યા છે તે કયું કારણ ભણે છે તેની વિગતો**

| ક્રમ | વિગત | પુ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ધો. ૧૧-૧૨ | ૯ | ૩ | ૧૨ |
| ૨ | કોલેજ | ૨ | ૨ | ૪ |
| ૩ | પી.ટી.સી. | - | ૧ | ૧ |
| ૪ | કૃષિ ડિપ્લોમા | ૧ | - | ૧ |
| ૫ | આઇ.ટી.આઇ. | ૧ | - | ૧ |
| | કુલ | ૧૩ | ૬ | ૧૯ |

નોંધ : ઉત્તરદાતાના વિદ્યાર્થી સિવાયના કુટુંબના અન્ય સભ્યો જે ઉ.બુ.આશ્રમશાળામાં ભણ્યા હોય અને ક્ષેત્રકાર્ય દરમ્યાન તેનો અભ્યાસ ચાલુ હોય તેવા સભ્યોની વિગત છે.

ઉપરોક્ત કોઠા પરથી ખ્યાલ આવે છે કે ઉ.બુ.આશ્રમશાળામાં ભણેલ વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ લેતા હતા. આમા પદવીને લગતો યા ડિપ્લોમાનો અભ્યાસ પણ કરતા હતા.

ઉપરોક્ત બંને કોઠા ઉપરથી જે મહત્ત્વના મુદ્દા ફલિત થાય છે તેમાં

(૧) ઉ.બુ.આશ્રમશાળામાં ભણેલા કુમારોના ઉચ્ચશિક્ષણમાં વિવિધતા આવે છે કન્યાઓના શિક્ષણમાં આમ ઓછું બને છે.

(૨) ઉ.બુ.આશ્રમશાળામાં ભણેલ કન્યાઓ શિક્ષકના વ્યવસાયને લગતો અભ્યાસ વધુ પ્રમાણમાં કરે છે. આમાં પી.ટી.સી. અથવા તો વિનયનના વિષયોમાં સ્નાતકની પદવીને લગતો અભ્યાસ વધુ પ્રમાણમાં કરે છે.

ઉત્તરદાતા વિદ્યાર્થીઓએ શા માટે અભ્યાસ છોડયો :

જે ૩૫ ઉત્તરદાતા વિદ્યાર્થીઓએ અભ્યાસ છોડી દીધો હતો તેમણે શા માટે અભ્યાસ છોડયો તેની વિગતો કોઠા ૫.૪ માં આપી છે.

કોઠો : ૫.૪

ઉત્તરદાતા વિદ્યાર્થીઓએ શા માટે અભ્યાસ છોડયો તેની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | અભ્યાસ છોડવાનું કારણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | નાપાસ થવાથી | ૧૭<br>૬૨.૯૬ | ૬<br>૭૫.૦૦ | ૨૩<br>૬૫.૭૧ |
| ૨ | આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી | ૮<br>૨૯.૬૪ | - | ૮<br>૨૨.૮૫ |
| ૩ | ઘરકામ અંગે | ૧<br>૩.૭૦ | - | ૧<br>૨.૮૬ |
| ૪ | તબીયત નબળી થવાથી | - | ૧<br>૧૨.૫૦ | ૧<br>૨.૮૬ |
| ૫ | લગ્ન થવાથી | - | ૧<br>૧૨.૫૦ | ૧<br>૨.૮૬ |
| ૬ | લશ્કરમાં ભરતી થવાથી | ૧<br>૩.૭૦ | - | ૧<br>૨.૮૬ |
| | | ૨૭<br>૧૦૦.૦૦ | ૮<br>૧૦૦.૦૦ | ૩૫<br>૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે નાપાસ થવાથી ઉત્તરદાતાઓએ અભ્યાસ છોડયો હતો. આ કારણથી અભ્યાસ છોડનાર ઉત્તરદાતાઓનું પ્રમાણ વધુ હતું. આમ કરનારમાં કન્યાઓ કરતા કુમારોનું પ્રમાણ વધુ હતું. આ સિવાયના અન્ય કારણોમાં કુમારોએ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી ઘરકામ, અંગે અને નોકરી મળવાથી અભ્યાસ છોડયો હતો. જયારે કન્યાઓએ માંદગી અને લગ્ન થવાથી અભ્યાસ છોડયો હતો.

આ કોઠા ઉપરથી કહી શકાય છે કે ઉ.બુ.આશ્રમશાળામાં ભણનાર વિદ્યાર્થીઓમાં લગ્ન અને આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી અભ્યાસ છોડનારનું પ્રમાણ ઓછું છે.

સભ્ય સંખ્યા :

અભ્યાસના ૧૧૯ વિદ્યાર્થીના કુટુંબના કુલ ૮૨૨ સભ્યો હતા, તેમાં ૪૩૫ ( ૫૨.૯૨ ટકા ) પુરુષો અને ૩૮૭ (૪૭.૦૮ ટકા ) સ્ત્રીઓ હતી. ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની અનુસૂચિત જનજાતિઓમાં હજાર પુરુષોએ ૯૭૬ સ્ત્રીઓ હતી જયારે અભ્યાસના કુટુંબોમાં હજાર પુરુષોએ ૮૯૦ સ્ત્રીઓ હતી. આમ અભ્યાસના કુટુંબોમાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું હતું. અભ્યાસના કુટુંબોના સભ્યોનું વયજૂથ પ્રમાણેનું વર્ગીકરણ કોઠા ૫.૫ માં મૂકયું છે.

## કોઠો : ૫.૫

### કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો

| ક્રમ | વયજૂથ | પુ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૬ વર્ષ | ૪૦ | ૨૭ | ૬૭ |
| | | ૯.૨૦ | ૬.૯૬ | ૮.૧૫ |
| ૨ | ૭ થી ૧૪ વર્ષ | ૮૭ | ૯૭ | ૧૮૪ |
| | | ૨૦.૦૦ | ૨૫.૦૬ | ૨૨.૬૮ |
| ૩ | ૧૫ થી ૨૪ વર્ષ | ૧૬૬ | ૧૨૬ | ૨૯૨ |
| | | ૩૮.૧૬ | ૩૨.૫૬ | ૩૫.૫૨ |
| ૪ | ૨૫ થી ૩૫ વર્ષ | ૩૫ | ૫૧ | ૮૬ |
| | | ૮.૦૫ | ૧૩.૧૮ | ૧૦.૪૬ |
| ૫ | ૩૬થી ૫૫ વર્ષ | ૯૯ | ૮૧ | ૧૮૦ |
| | | ૨૨.૭૬ | ૨૦.૯૩ | ૨૧.૯૦ |
| ૬ | ૫૬ થી ૬૦ વર્ષ | ૭ | ૪ | ૧૧ |
| | | ૧.૬૧ | ૧.૦૩ | ૧.૩૫ |
| ૭ | ૬૦થી વધુ | ૧ | ૧ | ૨ |
| | | ૧.૨૨ | ૦.૨૬ | ૦.૨૪ |
| | કુલ | ૪૩૫ | ૩૮૭ | ૮૨૨ |
| | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

નોંધ : અભ્યાસના ૧૧૯ વિદ્યાર્થીઓના કુટુંબના સભ્યોની માહિતી.

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના કુટુંબોમાં ૦ થી ૧૪ વર્ષની વયના ૩૦.૫૩ ટકા સભ્યો હતા. સન્ડબર્ગની થિયરી મુજબ અભ્યાસના કુટુંબોની વસ્તી સ્થિર હતી.

અભ્યાસના કુટુંબોમાં સૌથી વધુ સભ્યો ૧૫ થી ૨૪ વર્ષના વયજૂથના હતા. આ વયજૂથમાં કુલ સભ્યોના ૩૫.૨૨ ટકા સભ્યો હતા. આ કોઠા ઉપરથી જે મુદ્દા ફલિત થાય છે તેમાં

(૧) અભ્યાસ હેઠળના કુટુંબોમાં ૧૫ થી ૩૫ વયના યુવાન સભ્યો ( ૪૫.૯૮ ટકા ) વધુ હતા. કુટુંબની આર્થિક, રાજકીય, શૈક્ષણિક પ્રગતિમાં તેઓની સહભાગીતા અગત્યની ગણયા.

(૨) અભ્યાસ હેઠળના કુટુંબોમાં શિક્ષણ લેનાર (૭ થી ૨૪ વર્ષમાં ) વયજૂથમાં કુટુંબદીઠ ૪ સભ્યો હતા.

## કુટુંબના સભ્યોનું શિક્ષણ :

ઉત્તરદાતા વિદ્યાર્થીઓના કુટુંબના સભ્યોમાં શિક્ષણ કેટલું હતું તે તપાસ્યું છે જેની વિગતે માહિતી કોઠા ૫.૬ માં આપી છે.

### કોઠો : ૫.૬

ઉત્તરદાતા વિદ્યાર્થીઓના કુટુંબના સભ્યોની શૈક્ષણિક પરિસ્થિતિ દર્શાવતો કોઠો.

| ક્રમ | વિગત | પુ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અભણ | ૧૩૬ | ૨૦૬ | ૩૪૨ |
| | | ૩૧.૨૬ | ૫૩.૨૩ | ૪૧.૬૧ |
| ૨ | અભ્યાસ છોડી દીધેલ | ૧૩૪ | ૬૨ | ૧૯૬ |
| | | ૩૦.૮૦ | ૧૬.૦૨ | ૨૩.૮૪ |
| ૩ | ભણવા જતા | ૧૬૫ | ૧૧૯ | ૨૮૪ |
| | | ૩૭.૯૪ | ૩૦.૭૫ | ૩૪.૫૫ |
| | કુલ | ૪૩૫ | ૩૮૭ | ૮૨૨ |
| | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના કુટુંબોમાં કુટુંબદીઠ સરેરાશ ૩ સભ્યો અભણ, ૨ સભ્યોએ અભ્યાસ છોડી દીધેલ અને ૨ સભ્યો ભણવા જતા હતા.

અભણ સભ્યોમાં સ્ત્રીઓનું પ્રમાણ વધુ હતું. અભ્યાસ છોડનાર સભ્યોમાં પુરુષો સભ્યોનું પ્રમાણ વધુ હતું અને ભણવા જનાર સભ્યોમાં સ્ત્રી પુરુષોનું પ્રમાણમાં બહુ મોટો તફાવત નથી.

અભ્યાસના કુટુંબોમાં કુટુંબદીઠ સરેરાશ ૪ પુરુષો અને ૩ સ્ત્રીઓ હતી. આમાં શાળાએ ભણવા ગયેલ કે જનાર સભ્યોમાં ૩ પુરુષો અને ૧ સ્ત્રી સભ્ય હતી.

અભ્યાસના કુટુંબના સભ્યોમાં જે શિક્ષણ લઈ શકે તે વયના ( ૭ થી ૨૫ વર્ષના ) સભ્યો હતા, તેમાં ૫૯.૬૬ ટકા સભ્યો ભણવા જતા હતા. આ વયના ૬૫.૨૨ ટકા પુરુષો અને ૫૩.૩૬ ટકા સ્ત્રીઓ ભણવા જતી હતી.

આ ઉપરથી ફલિત થાય છે કે અભ્યાસના કુટુંબોમાં સ્ત્રીઓમાં શિક્ષણનો વ્યાપ વધ્યો નથી. અલબત્ત ભણવા જનાર સ્ત્રી પુરુષોના પ્રમાણમાં બહુ મોટો તફાવત નથી તે દર્શાવે છે કે સ્ત્રીઓમાં શિક્ષણ વધતું જાય છે.

<u>કુટુંબના જે સભ્યો ભણે છે તેની માહિતી :</u>

બૃહદ સમાજમાં એવી માન્યતા છે કે અનુસૂચિત જનજાતિમાં કુટુંબના ભણતા બાળકોમાંથી મોટાભાગના બાળકો છાત્રાલય કે આશ્રમશાળામાં રહીને ભણતા હોય છે. આ માન્યતા ચકાસવા માટે ઉ.બુ.આશ્રમશાળામાં ભણતા કે ભણી ગયેલા વિદ્યાર્થીઓના કુટુંબના અન્ય સભ્યો કે જે ક્ષેત્રકાર્ય દરમ્યાન ભણતા હતા તે ક્યાં કેટલુ ભણતા તેની વિગત એકત્ર કરી હતી. જે કોઠા ૫.૭ માં મૂકી છે.

## કોઠો : ૫.૭

કુટુંબના ભણતા સભ્યો ક્યાં, કેટલુ ભણે છે તેની વિગત દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | ધોરણ ૧ થી ૪ પુ | ધોરણ ૧ થી ૪ સ્ત્રી | ધોરણ ૫ થી ૭ પુ | ધોરણ ૫ થી ૭ સ્ત્રી | ધોરણ ૮ થી ૧૦ પુ | ધોરણ ૮ થી ૧૦ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ગામમાં જ | ૩૦<br>૮૮.૨૪ | ૨૭<br>૮૭.૧૦ | ૨૩<br>૬૫.૭૧ | ૧૧<br>૬૪.૭૧ | ૩<br>૧૪.૨૯ | ૪<br>૧૭.૩૯ |
| ૨ | ઘરેથી આવજા કરી | ૧<br>૨.૯૪ | ૧<br>૩.૨૭ | ૮<br>૨૨.૮૬ | ૨<br>૧૧.૭૬ | ૫<br>૨૩.૮૦ | ૬<br>૨૬.૧ |
| ૩ | છાત્રાલયમાં રહીને | ૧<br>૨.૯૪ | - | - | - | ૪<br>૧૯.૦૫ | - |
| ૪ | આશ્રમશાળામાં | ૨<br>૫.૮૮ | ૩<br>૯.૬૭ | ૪<br>૧૧.૪૩ | ૪<br>૨૩.૫૩ | ૬<br>૨૮.૫૭ | ૧૨<br>૫૨.૧૭ |
| ૫ | અન્ય | - | - | - | - | ૩<br>૧૪.૨૯ | ૧<br>૪.૩૫ |
| | કુલ | ૩૪<br>૨૭.૬૪ | ૩૧<br>૪૦.૨૫ | ૩૫<br>૨૮.૪૬ | ૧૭<br>૨૨.૦૮ | ૨૧<br>૧૭.૦૭ | ૨૩<br>૨૯.૮૭ |

ચાલુ..

કોઠો : ૫.૭.. ચાલુ..

| ક્રમ | વિગત | ધોરણ૧૧ થી૧૨ પુ | ધોરણ૧૧ થી૧૨ સ્ત્રી | કોલેજ અને અન્ય શિક્ષણ પુ | કોલેજ અને અન્ય શિક્ષણ સ્ત્રી | કુલ પુ | કુલ સ્ત્રી | પુ + સ્ત્રી કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧ | ગામમાં જ | ૮<br>૪૨.૧૧ | - | ૨<br>૧૪.૨૯ | ૧ | ૬૬<br>૫૩.૬૬ | ૪૩<br>૫૫.૮૪ | ૧૦૯<br>૫૪.૫૦ |
| ૨ | ઘરેથી આવજા કરી | ૬<br>૩૧.૫૮ | - | ૭<br>૫૦.૦૦ | - | ૨૭<br>૨૧.૯૫ | ૯<br>૧૧.૬૯ | ૩૬<br>૧૮.૦૦ |
| ૩ | છાત્રાલયમાં રહીને | ૨<br>૧૦.૫૩ | ૨<br>૬૬.૬૭ | ૩<br>૨૧.૪૨ | ૨ | ૧૦<br>૮.૧૩ | ૪<br>૫.૨૦ | ૧૪<br>૭.૦૦ |
| ૪ | આશ્રમશાળામાં | ૨<br>૧૦.૫૩ | ૧<br>૩૩.૩૩ | - | - | ૧૪<br>૧૧.૩૮ | ૨૦<br>૨૫.૯૭ | ૩૪<br>૧૭.૦૦ |
| ૫ | અન્ય | ૧<br>૫.૨૫ | - | ૨<br>૧૪.૨૯ | - | ૬<br>૪.૮૮ | ૧<br>૧.૩૦ | ૭<br>૩.૫૦ |
| | કુલ | ૧૯<br>૧૫.૪૫ | ૩<br>૩.૯૦ | ૧૪<br>૧૧.૩૮ | ૩<br>૩.૯૦ | ૧૨૩<br>૧૦૦.૦૦ | ૭૭<br>૧૦૦.૦૦ | ૨૦૦<br>૧૦૦.૦૦ |

૩૩૨

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ઉત્તરદાતા વિદ્યાર્થીના કુટુંબના ૨૦૦ સભ્યો જે ભણતા હતા, તેમાં ૧૨૩ (૬૧.૫૦ ટકા ) કુમારો અને ૭૭ ( ૩૮.૫૦ ટકા ) કન્યાઓ હતી. આમાં ધોરણ ૫ થી ૭ માં ૩૫ કુમારો ભણતા હતા. જે ભણનાર કુમારોની સંખ્યામાં સૌથી વધુ હતા. કોલેજમાં ભણનાર કુમારોની સંખ્યા સૌથી ઓછી હતી. કન્યાઓમાં ૧ થી ૪ ધોરણ ભણનારની સૌથી વધુ સંખ્યા હતી. કોલેજમાં ભણનાર કન્યાઓ ઓછી હતી.

ઉત્તરદાતા વિદ્યાર્થીઓના કુટુંબના જે સભ્યો ૧ થી ૭ ધોરણ ભણતા હતા. તેઓ ગામમાં કે ઘરેથી આવજા કરી વધુ પ્રમાણમાં ભણતા હતા. આમ કરવામાં કુમારોનું પ્રમાણ વધુ હતું. જ્યારે કન્યાઓનું પ્રમાણ ઓછું હતું. આ ધોરણમાં ભણનાર વિદ્યાર્થીઓ કે જે છાત્રાલયમાં કે આશ્રમશાળામાં રહીને ભણતા હતા. તેમાં કન્યાઓનું પ્રમાણ વધુ હતું. ધોરણ ૮ થી ૧૦ માં ભણનાર વિદ્યાર્થીઓ છાત્રાલય કે આશ્રમશાળામાં રહીને વધુ પ્રમાણમાં ભણતા હતા. આમ થવાનું જે મુખ્ય કારણ છે. તેમાં ગુજરાતમાં આ ધોરણમાં ભણનાર વિદ્યાર્થીઓ માટે છાત્રાલય અને ઉ.બુ.આશ્રમશાળાની સવલત સારી છે. આથી જે વિદ્યાર્થીઓના ગામમાં કે તેની નજીકના ગામમાં માધ્યમિક શિક્ષણની સવલત ન હોય તેઓ આશ્રમશાળા કે છાત્રાલયમાં રહીને ભણતા હતા. અહીં એક બાબત ધ્યાન ખેંચે છે કે ધોરણ ૧૧-૧૨ અને કોલેજમાં ભણનાર વિદ્યાર્થીઓ ઘરેથી આવજા કરીને યા અન્ય વ્યવસ્થા કરીને અભ્યાસ કરનારનું પ્રમાણ વધુ હતું. માધ્યમિક શિક્ષણ છાત્રાલય કે ઉ.બુ.આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓના જ કુટુંબના અન્ય સભ્યો ઉચ્ચશિક્ષણ ઘરેથી આવજા કરીને લેતા હતા કારણકે આ ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓને છાત્રાલયમાં પ્રવેશ અપાતો નથી.

આ સિવાયના કારણમાં ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની ઉંમર પણ ૧૮ થી ૨૨ વર્ષની હોય છે. આ સભ્યો ઘરની ખેતીમાં અને અન્ય કામમાં મદદરૂપ થવા માટે તેઓ ઘરેથી આવજા કરી અભ્યાસ કરવાનું પસંદ કરે છે.

માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પોતાની પસંદગીની શાળામાં પ્રવેશ ન મળે તો પસંદગીની શાળાના ગામમાં કે તેના નજીકના ગામે રહેવાની વ્યવસ્થા કરે છે. આમા મકાન ભાડે રાખીને અથવા તો સગાસંબંધીના ઘરે રહીને પણ ભણે છે. બૃહદ સમાજની અવધારણા છે કે અનુસૂચિત જનજાતિના કુટુંબોના ભણતા સભ્યોમાં મોટાભાગના સભ્યો છાત્રાલય યા આશ્રમશાળામાં રહી ભણે છે. આ અવધારણા સાચી હોય તેમ લાગતું નથી. કારણકે અભ્યાસ હેઠળના કુટુંબોમાં કુલ ભણતા સભ્યોમાં ફક્ત ૨૪ ટકા વિદ્યાર્થીઓ જ છાત્રાલય કે આશ્રમશાળામાં રહીને ભણતા હતા.

## કુટુંબના જે સભ્યોએ અભ્યાસ છોડયો છે તેની માહિતી :

અભ્યાસ હેઠળના કુટુંબના જે ૨૩.૮૪ ટકા સભ્યોએ શિક્ષણ છોડી દીધું હતું. આ સભ્યોએ કયાં સુધી અભ્યાસ કર્યો તેની માહિતી કોઠા : ૫.૮ માં આપી છે.

**કોઠો : ૫.૮**

**કુટુંબના જે સભ્યોએ અભ્યાસ છોડી દીધો છે તેની વિગત દર્શાવતો કોઠો**

| ક્રમ | વિગત | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ધો. ૧ થી ૪ | ૨૫ | ૧૨ | ૩૭ |
| | | ૧૮.૬૬ | ૧૯.૩૫ | ૧૮.૮૮ |
| ૨ | ધો.૫ થી ૭ | ૨૫ | ૧૬ | ૪૧ |
| | | ૧૮.૬૬ | ૨૫.૮૧ | ૨૦.૯૨ |
| ૩ | ધો.૮ થી ૧૦ | ૫૦ | ૨૪ | ૭૪ |
| | | ૩૭.૩૧ | ૩૮.૭૧ | ૩૭.૭૬ |
| ૪ | ધો.૧૧ થી ૧૨ | ૭ | ૩ | ૧૦ |
| | | ૫.૨૨ | ૪.૮૪ | ૫.૧૦ |
| ૫ | કોલેજ | ૨૭ | ૪ | ૩૧ |
| | | ૨૦.૧૫ | ૬.૪૫ | ૧૫.૮૧ |
| ૬ | ટેકનીકલ | - | ૩ | ૩ |
| | | | ૪.૮૪ | ૧.૫૩ |
| | કુલ | ૧૩૪ | ૬૨ | ૧૯૬ |
| | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસ છોડનાર કુટુંબના સભ્યોમાં ૩૯.૮૦ ટકા સભ્યોએ ૭ ધોરણથી યા તેની પહેલા અભ્યાસ છોડયો હતો. ધોરણ ૮ થી ૧૦ સુધી ભણીને

અભ્યાસ છોડનાર ૩૭.૭૬ ટકા સભ્યો હતા. પ્રાથમિક અને માધ્યમિક કક્ષા સુધી અભ્યાસ કરી અભ્યાસ છોડનાર સભ્યોમાં સ્ત્રીઓની સંખ્યા વધુ હતી. જ્યારે ઉચ્ચશિક્ષણ અને ટેકનીકશિક્ષણ ભણીને અભ્યાસ છોડનાર ૧૭.૩૪ ટકા સભ્યો હતા. આ કારણ સુધી ભણીને અભ્યાસ છોડનાર સભ્યોમાં પુરુષો વધુ હતા.

આ કોઠા ઉપરથી કહી શકાય છે કે ઉ.બુ.આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓના કુટુંબના સભ્યોમાં અભણ સ્ત્રીઓનું પ્રમાણ વધુ હતું અને ઉચ્ચશિક્ષણ લઇ અભ્યાસ છોડનાર સ્ત્રીઓનું પ્રમાણ ઘણું ઓછું હતું.

અભણ સ્ત્રીઓ વિશે :

આગળના ફકરાઓમાં આપણે જોયું કે અભ્યાસના કુટુંબોમાં સ્ત્રી સભ્યો અભણ વધુ હતી. ઉ.બુ. આશ્રમશાળામાં ભણનાર વિદ્યાર્થીઓના કુટુંબોમાં જ સ્ત્રીઓ વધુ અભણ છે કે કેમ તે તપાસવા માટે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા અનુસૂચિત જનજાતિના શિક્ષણ અંગેના ૧૯૮૩ થી ૧૯૮૮ સુધી થયેલા અહેવાલમાં અભ્યાસ હેઠળના કુટુંબોના કેટલા સભ્યો અભણ હતા તેની માહિતી કોઠા ૫.૯ માં મૂકી છે.

## કોઠો : ૫.૯

### જુદા જુદા અભ્યાસોમાં અભણ સભ્યોની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | થયેલ અભ્યાસનું વર્ષ | અભ્યાસમાં પસંદ કરેલા કુટુંબોની સંખ્યા | અભ્યાસXXની કુટુંબોની સભ્ય સંખ્યા | | તેમાંથી અભણ સભ્યોની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|
| | | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧ | ૧૯૮૩X | ૪૬૯ | ૧૬૬૭ | ૧૪૦૫ | ૭૬૨ | ૧૦૦૯ |
| | | | | | ૪૫.૭૧ | ૭૧.૮૧ |
| ૨ | ૧૯૮૬XX | ૨૯૪ | ૭૬૪ | ૮૧૯ | ૧૬૪ | ૩૨૯ |
| | | | | | ૨૧.૪૭ | ૪૦.૧૭ |
| ૩ | ૧૯૮૭XXX | ૧૫૦ | ૪૩૪ | ૫૫૨ | ૫૯ | ૧૨૩ |
| | | | | | ૧૩.૫૯ | ૨૨.૨૮ |
| ૪ | ૧૯૮૮-૧XXXX | ૧૧૯ | ૪૩૫ | ૩૮૭ | ૧૩૬ | ૨૦૬ |
| | | | | | ૩૧.૨૬ | ૫૩.૨૩ |
| ૫ | ૧૯૮૮-૨ | ૪૦ | ૧૪૦ | ૧૨૫ | ૪૦ | ૭૪ |
| | | | | | ૨૮.૫૭ | ૫૯.૨૦ |

નોંધ :

૧ X પટેલ અરૂણ - ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણ
અહેવાલ નંબર-૧૨૩

૨ XX દેસાઇ ભારતી - ગુજરાતની આદિવાસી સ્ત્રીઓમાં
ભટ્ટ ગિરીશ શિક્ષણ અને રોજગારી- અહેવાલ નં. ૧૭૦

૩ XXX દેસાઇ ભારતી -( ઉચ્ચ શિક્ષણ લેતી આદિવાસી વિદ્યાર્થીની
રાઠોડ જશવંતસિંહ ઓની સમસ્યાઓ- અહેવાલ નં.૨૨૬

૪ XXXX ભટ્ટ ગિરીશ - ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનો
મૂલ્યાંકન અભ્યાસ

૫ ૧૯૮૮-૧ માં વિદ્યાર્થીના પત્રકની માહિતી છે.

૬ ૧૯૮૮-૨ માં વાલીપત્રકની માહિતી છે.

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે આદિવાસી ઓમાં સ્ત્રીઓ વધુ અભણ હોય છે. અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓ માં શિક્ષણ અંગેના અહેવાલોમાં પણ ૨૨ થી ૬૦ ટકા સ્ત્રીઓ અભણ હતી. ૧૯૮૭માં ઉચ્ચશિક્ષણ લેતી આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાના અભ્યાસમાં પસંદ થયેલા કુટુંબની સ્ત્રીઓ ઓછી અભણ હતી. અનુસૂચિત જનજાતિઓમાં સ્ત્રીઓ વધુ અભણ હોવાથી ઉ.બુ. આશ્રમશાળામાં કન્યાઓનું પ્રમાણ ઓછું રહે છે.

## કઇ ઉંમરની સ્ત્રીઓ અભણ છે :

આગળના મુદ્દાઓમાં આપણે જોયું કે અનુસૂચિત જનજાતિઓની સ્ત્રીઓ અભણ વધુ હતી. આ હકીકત ભણ્યા બાદ તે ભણવું જરૂરી છે કે કઇ ઉંમરની સ્ત્રીઓ વધુ અભણ હોય છે. અભ્યાસના વિદ્યાર્થી ઉત્તરદાતાઓના કુટુંબોની કઇ ઉંમરની સ્ત્રીઓ અભણ હતી તેની માહિતી કોઠા ૫.૧૦ માં આપી છે.

કોઠો : ૫.૧૦

કઇ ઉંમરની સ્ત્રીઓ અભણ છે તેની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | વયજૂથ | કુલ સ્ત્રીઓ | અભણ સ્ત્રીઓ | કુલ કેટલા ટકા સ્ત્રી અભણ છે. |
|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૬ | ૨૭ | ૧૮ | ૬૬.૬૭ |
| ૨ | ૭ થી ૧૪ | ૯૭ | ૨૧ | ૨૧.૬૫ |
| ૩ | ૧૫ થી ૨૪ | ૧૨૬ | ૪૦ | ૩૧.૭૫ |
| ૪ | ૨૫થી વધુ | ૧૩૭ | ૧૨૭ | ૯૨.૭૦ |
| | કુલ | ૩૮૭ | ૨૦૬ | ૫૩.૨૩ |

નોંધ : અભ્યાસના ૧૧૯ વિદ્યાર્થીઓના કુટુંબની અભણ સ્ત્રીઓની માહિતી

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૭ થી ૨૪ વર્ષની ઉંમરની ૨૭.૩૫ ટકા સ્ત્રીઓ અભણ હતી. જ્યારે ૨૫ વર્ષથી વધુ ઉંમરની ૯૨.૭૦ ટકા સ્ત્રીઓ અભણ હતી. આ ઉપરથી ખ્યાલ આવે છે કે આઝાદી બાદ અનુસૂચિત જનજાતિઓની સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાન વધ્યું છે.

એક બાબત ધ્યાન ખેંચે છે કે ૬ વર્ષ કે તેથી નાની ઉંમરની કન્યાઓના ૩૩.૩૩ ટકા કન્યાઓ શાળાએ જવા લાગી હતી. આ ઉંમરની કન્યાઓમાં મોટાભાગની કન્યાઓ બાલવાડી અને આંગણવાડીમાં બેથી ત્રણ વર્ષ રહે છે. આવી કન્યા પાંચ વર્ષ પૂરા કરે કે તુરત જ તેને પ્રાથમિક શાળામાં મા-બાપ દાખલ કરી દે છે.

<u>અભ્યાસના કુટુંબોનું આવક જૂથ પ્રમાણે વર્ગીકરણ :</u>

આપણા દેશમાં આર્થિક, સામાજિક, પરિવર્તન માટે શિક્ષણને અગત્યનું ગણવામાં આવ્યું છે. જે કુટુંબની આર્થિક પરિસ્થિતિ સારી હોય તેવા કુટુંબના બાળકો વધુ પ્રમાણમાં અભ્યાસ કરે છે. અનુસૂચિત જનજાતિઓમાં કઇ આવકવાળા કુટુંબના બાળકો શિક્ષણ લે છે તે તપાસવા માટે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૧૯૭૬ થી ૧૯૮૮ સુધીમાં થયેલા શિક્ષણ અંગેના જુદા જુદા અભ્યાસ હેઠળના કુટુંબોની વાર્ષિક આવક કેટલી હતી તેની માહિતી કોઠા ૫.૧૧ માં આપી છે.

કોઠો : ૫.૧૧

અભ્યાસના કુટુંબોની વાર્ષિક આવકના જૂથ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | અહેવાલનું વર્ષ | ૧થી૪૮૦૦ | ૪૮૦૧થી ૭૨૦૦ | ૭૨૦૧થી ૯૬૦૦ | ૯૬૦૧થી ૨૦૦૦૦ | ૨૦૦૦૧થી ૩૦૦૦૦ | ૩૦૦૦૦થી વધુ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૧૯૭૬X | ૩૨૦ | - | ૧ | | | |
| | | ૯૯.૬૯ | | ૦.૩૧ | | | |
| ૨ | ૧૯૮૩XX | આ વિગતો નથી | | | | | |
| ૩ | ૧૯૮૬XXX | ૪૬ | ૫૦ | ૨૨ | ૭૦ | ૫ | ૧ |
| | | ૨૩.૭૧ | ૨૫.૭૭ | ૧૧.૩૪ | ૩૬.૦૮ | ૨.૫૮ | ૦.૫૨ |
| ૪ | ૧૯૮૭XXXX | ૪૯ | ૨૦ | ૯ | ૨૯ | ૩૪ | ૯ |
| | | ૩૨.૬૭ | ૧૩.૩૩ | ૬.૦૦ | ૧૯.૩૩ | ૨૨.૬૭ | ૬.૦૦ |

ચાલુ..

કોઠો : ૫.૭.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧૯૮૮-૧ XXXXX | ૪૨ | ૧૬ | ૨૪ | ૩૫ | - | - |
| | | ૩૫.૨૯ | ૧૩.૪૫ | ૨૦.૧૭ | ૨૯.૪૧ | | |
| ૬ | ૧૯૮૯-૨ | ૧૭ | ૧૦ | ૩ | ૪ | ૫ | ૧ |
| | | ૪૨.૫૦ | ૨૫.૦૦ | ૭.૫૦ | ૧૦.૦૦ | ૧૨.૫૦ | ૨.૫૦ |
| ૭ | કુલ | ૪૭૪ | ૯૬ | ૫૯ | ૧૩૮ | ૪૪ | ૧૧ |
| | | ૫૭.૫૨ | ૧૧.૬૫ | ૭.૧૬ | ૧૬.૭૫ | ૫.૩૪ | ૧.૩૩ |

નોંધ : ૧ X ડૉ. સિદ્ધરાજ સોલંકી ઉચ્ચશિક્ષણ લેતા આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યા-અહેવાલ - ૧૬

૨ XX પટેલ અરૂણ ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણ ,, ૧૨૩

૩ XXX દેસાઈ ભારતી અને ભટ્ટ ગિરીશ ગુજરાતની આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ અને રોજગારી,, ૧૭૦

૪ XXXX દેસાઈ ભારતી અને રાઠોડ જશવંતસિંહ - ઉચ્ચશિક્ષણ લેતી આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાઓ - ૨૨૬

૫ XXXXX ભટ્ટ ગિરીશ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનો મુલ્યાંકન અભ્યાસ
વિદ્યાર્થી પત્રકની માહિતી

૬ XXXXXX ભટ્ટ ગિરીશ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનો મુલ્યાંકન અભ્યાસ -
વાલીપત્રકની માહિતી

(ઉમેર)

કોઠો : ૫.૧૧ .. ચાલુ..

| ક્રમ | આવકની માહિતી આપી નથી | કુલ કુટુંબ | કુટુંબદીઠ વાર્ષિક આવક રૂપિયામાં | માથાદીઠ વાર્ષિક આવક (રૂપિયામાં) |
|---|---|---|---|---|
| | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ૪૪ | ૩૨૧<br>૧૦૦.૦૦ | માહિતી નથી | |
| ૨ | | ૪૯૯<br>૧૦૦.૦૦ | ૨૭૨૦.૦૦ | ૪૧૫.૦૦ |
| ૩ | - | ૧૯૪<br>૧૦૦.૦૦ | ૮૮૬૫.૦૦ | ૧૧૮૪.૦૦ |
| ૪ | - | ૧૫૦<br>૧૦૦.૦૦ | ૧૩૧૭૭.૦૦ | ૧૯૯૮.૦૦ |

ચાલુ..

કોઠો : ૫.૧૧ ચાલુ..

| ક્રમ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|
| ૫ | ૨ | ૧૧૯ | ૭૭૬૬.૦૦ | ૧૦૦૧.૦૦ |
| | ૧.૬૮ | ૧૦૦.૦૦ | | |
| ૬ | | ૪૦ | ૭૯૮૦.૦૦ | ૧૨૦૫.૦૦ |
| | | ૧૦૦.૦૦ | | |
| ૭ | ૨ | ૮૨૪ | | |
| | ૦.૨૫ | ૧૦૦.૦૦ | | |
| ૮ સરેરાશ | | | ૮૧૦૧.૬૦ | ૧૧૬૦.૬૦ |

ઉપરોક્ત કોઠામાં ૧૯૭૬ થી ૧૯૮૮ સુધી શિક્ષણને લગતા અભ્યાસમાં ૮૨૪ કુટુંબોની માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ કુટુંબોમાં ૪૭૪ ( ૫૭.૫૨ ટકા ) કુટુંબોની વાર્ષિક આવક ૪૮૦૦ રૂપિયા સુધીની હતી. ૧૯૭૬માં થયેલ અભ્યાસમાં ૩૨૧ કુટુંબોને આવરી લીધા હતા. આ અભ્યાસમાં ઉચ્ચ શિક્ષણ લેતા આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યા વિશે અભ્યાસ કરવામાં આવેલ આ અભ્યાસના ૩૨૦ કુટુંબોની વાર્ષિક આવક ૪૮૦૦ રૂપિયા સુધીની હતી. જે ટકાવારીની દ્રષ્ટિએ અન્ય અભ્યાસ કરતા સૌથી વધુ છે. આ સિવાયના અભ્યાસોમાં ૨૩ થી ૪૨ ટકા કુટુંબોની વાર્ષિક આવક ૪૮૦૦ રૂપિયા સુધીની હતી. આમાં ૧૯૮૮ના ઉ.બુ. આશ્રમશાળાના અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોના ૩૫ થી ૪૨ ટકા કુટુંબોની વાર્ષિક આવક ૪૮૦૦ રૂપિયા સુધીની હતી. જે ટકાવારીની દ્રષ્ટિએ ૧૯૭૬ના અભ્યાસ બાદ બીજા ક્રમ આવે છે. ૧૯૭૬માં જે કુટુંબોની વાર્ષિક આવક ૪૮૦૦ રૂપિયાની હોય તેને ગરીબ ગણી શકાય નહીં. આ વર્ષોમાં જેની વાર્ષિક આવક ૩૬૦૦ રૂપિયા હોય તેઓ ગરીબ ગણાતા. ૪૮૦૦ થી ૯૬૦૦ રૂપિયા સુધીની વાર્ષિક આવકવાળા ૧૧૫ (૧૮.૮૧ ટકા) કુટુંબો હતા. ૯૬૦૦ રૂપિયાથી વધુ આવકવાળા ૧૯૩ ( ૨૩.૪૨ ટકા ) કુટુંબો હતા. આમાં ૨૦ હજારથી વધુ વાર્ષિક આવકવાળા ૫૫ કુટુંબો હતા.

મુજબ અનુસૂચિત જનજાતિના લોકો ગ્રામ્ય વિસ્તારમાં રહેતા હોય અને તેમની કુટુંબદીઠ વાર્ષિક આવક ૪૮૦૦ રૂપિયા કરતા ઓછી હોય તેઓને ગરીબ ગણવામાં આવ્યા છે. આ મુજબ અભ્યાસના જે કુટુંબોની વાર્ષિક આવક ૪૮૦૦ રૂપિયા હોય તેને ગરીબ ગણ્યા છે. ૪૮૦૧ થી ૯૬૦૦ રૂપિયાની વાર્ષિક આવક વાળાને મધ્યમ આવકવાળા કુટુંબ તરીકે ગણ્યા છે અને ૯૬૦૦થી

વધુ આવકવાળાને સમૃધ્ધ કુટુંબ ગણ્યા છે. આ મુજબ ૧૯૮૬માં થયેલ અભ્યાસમાં મધ્યમ આવકવાળા અને ૧૯૮૭માં થયેલ અભ્યાસમાં સમૃધ્ધ કુટુંબો વધારે હતા. આ બાબત ઉપરથી ફલિત થાય છે કે અનુસૂચિત જનજાતિઓમાં ગરીબ અને સમૃધ્ધ કુટુંબોના બાળકો વધુ પ્રમાણમાં અભ્યાસ કરે છે, જયારે મધ્યમ આવકવાળા કુટુંબોના બાળકો ઓછા પ્રમાણમાં અભ્યાસ કરે છે. ઉ.બુ. આશ્રમ શાળામાં ગરીબ કુટુંબોના વિદ્યાર્થીઓની સંખ્યા ૩૫ થી ૪૨ ટકા જેટલી હોય છે.

કોઠા ૫.૧૧ ના પાછલા ભાગ ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૮૩ થી ૧૯૮૮ સુધીમાં થયેલ અભ્યાસમાં સમાવેલ કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક ૮૧૦૧.૬૦ રૂપિયાની હતી. ૧૯૮૩ અને ૧૯૮૮ માં થયેલ અભ્યાસમાં સમાવેલ કુટુંબોની વાર્ષિક આવક સરેરાશ આવક કરતા ઓછી હતી. આમાં ૧૯૮૩માં થયેલ અભ્યાસમાં ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણ કેટલું છે તેની માહિતી એકત્ર કરી હતી. આમા પ્રાથમિક શિક્ષણ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. આથી આ અભ્યાસના એકમોમાં જે વાલીના બાળકો પ્રાથમિક શિક્ષણ લેતા હોય તેનો સમાવેશ કર્યો હતો. જયારે ૧૯૮૮માં થયેલ અભ્યાસમાં અભ્યાસના એકમ તરીકે ઉ.બુ. આશ્રમશાળામાં અભ્યાસ કરતા કે કરી ગયેલા વિદ્યાર્થીઓને અને તેના વાલીઓને અભ્યાસના એકમ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ૧૯૮૬ અને ૧૯૮૭માં થયેલ અભ્યાસમાં કુટુંબોની વાર્ષિક કુટુંબદીઠ આવક સરેરાશ આવક કરતા વધુ હતી. આમાં ૧૯૮૭માં થયેલ અભ્યાસમાં કુટુંબોની કુટુંબદીઠ આવક સૌથી વધુ હતી. આ અભ્યાસ ઉચ્ચશિક્ષણ લેતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓની સમસ્યાઓનો અભ્યાસ છે. આ અભ્યાસમાં ઉચ્ચશિક્ષણ લેતી બહેનોને અભ્યાસના એકમ તરીકે પસંદ કરવામાં આવેલ. જયારે ૧૯૮૯માં થયેલ અભ્યાસમાં ગુજરાતની આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ અને

નોંધ આખું પાનું ઉમેરો

રોજગારી અંગેનો અભ્યાસ હતો. આમાં પ્રાથમિક કક્ષાથી ઉચ્ચ અભ્યાસ કરતી અને વ્યવસાય કરતી સ્ત્રીઓને અભ્યાસના એકમ તરીકે પસંદ કરવામાં આવેલ.

માથાદીઠ આવકમાં પણ આમ જ બન્યું છે. અપવાદરૂપે ૧૯૮૮માં થયેલ અભ્યાસના વાલીપત્રકોમાં વાલીઓનાં કુટુંબોની માથાદીઠ વાર્ષિક આવક સરેરાશ આવક કરતા થોડી વધુ હતી. ૧૯૮૭માં થયેલ અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોની માથાદીઠ વાર્ષિક આવક-સરેરાશ માથાદીઠ આવક કરતા ઘણી વધુ હતી. આ કોઠા ઉપરથી બે ત્રણ મુદ્દા તારવી શકાય છે તેમાં

(૧) ઉ.બુ.આશ્રમશાળામાં ગરીબ અને મધ્યમ આવકવાળા વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ કરે છે.

(૨) અનુસૂચિત જનજાતિઓમાં સમૃધ્ધ કુટુંબના બાળકો જ ઉચ્ચ શિક્ષણ વધુ પ્રમાણમાં લે છે.

(૩) અનુસૂચિત જનજાતિઓમાં પૈસાદાર કુટુંબોની કન્યાઓ માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ વધુ પ્રમાણમાં લે છે.

કોઠા ૫.૧૧ માં આપણે જોયું કે અનુસૂચિત જનજાતિઓમાં કુટુંબદીઠ અને માથાદીઠ વધુ આવકવાળા કુટુંબોના વિદ્યાર્થીઓ વધુ ભણતા હતા. આના પ્રમાણમાં ઉ.બુ.આશ્રમશાળામાં ઓછી આવકવાળા કુટુંબોના વિદ્યાર્થીઓ ભણતા હતા. આ હકીકતને સમજવા માટે ઉ.બુ. આશ્રમશાળાના મૂલ્યાંકન અભ્યાસમાં સમાવેલ વિદ્યાર્થીઓ અને વાલીઓના કુટુંબોની વાર્ષિક આવક કેટલી છે તેની માહિતી ચકાસવી જરૂરી છે. કારણકે બૃહદ સમાજમાં અને અનુસૂચિત જનજાતિઓમાં એવી માન્યતા છે કે આર્થિક પરિસ્થિતિ સારી હોય તેવા કુટુંબના સભ્યો છાત્રાલય અને આશ્રમશાળામાં રહીને ભણે છે. આ માન્યતા ચકાસવા અને ઉ.બુ. આશ્રમશાળા

યોજનાનો લાભ ઓછી આવકના કુટુંબો સુધી પહોંચ્યો છે કે નહીં ? તે તપાસવા માટે અભ્યાસના ૧૧૯ ઉત્તરદાતા વિદ્યાર્થીઓના કુટુંબોની વાર્ષિક આવક કેટલી હતી તેની વિગત કોઠા ૫.૧૨ માં આપી છે.

કોઠો : ૫.૧૨

અભ્યાસ હેઠળના કુટુંબોની વાર્ષિક આવક દર્શાવતો કોઠો

| ક્રમ | વાર્ષિક આવક જુથ (રૂા.માં) | કુમારના વાલીઓની વાર્ષિક આવક | કન્યાઓના વાલીઓની વાર્ષિક આવક |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૪૮૦૦ | ૩૨ | ૧૨ |
| | | ૪૮.૩૮ | ૨૪.૦૦ |
| ૨ | ૪૮૦૧ થી ૭૨૦૦ | ૧૧ | ૦૫ |
| | | ૧૫.૯૪ | ૧૦.૦૦ |
| ૩ | ૭૨૦૧ થી ૯૬૦૦ | ૭ | ૬ |
| | | ૧૦.૧૪ | ૧૨.૦૦ |
| ૪ | ૯૬૦૦ થી વધુ | ૧૯ | ૨૭ |
| | | ૨૭.૫૪ | ૫૪.૦૦ |
| | કુલ | ૬૯ | ૫૦ |
| | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

આવકના જુદા જુદા જૂથોની વિગતો ઉપરથી ખ્યાલ આવે છે કે ઉ.બુ.આશ્રમશાળામાં ૯૬૦૦થી વધુ આવકવાળા કુટુંબોના વિદ્યાર્થીઓના વધુ હતા. અભ્યાસના ૧૧૯ વિદ્યાર્થીઓમાં ૪૬ ( ૩૮.૬૬ ટકા ) વિદ્યાર્થીઓના કુટુંબોની વાર્ષિક આવક ૯૬૦૦ રૂપિયા કરતા વધુ હતી. આમાં કુમાર કરતા કન્યાઓના કુટુંબોની સંખ્યા વધુ હતી.

ગ્રામ્ય વિસ્તારમાં રહેતા અનુસૂચિત જાતિ અને જનજાતિના જે કુટુંબોની વાર્ષિક આવક ૪૮૦૦ રૂપિયા હોય તેઓ ગરીબ રેખા નીચે જીવે છે. તેવું

માં જણાવ્યું છે. અભ્યાસના ૪૨ ( ૩૫.૨૯ ટકા ) વિદ્યાર્થીઓના કુટુંબોની વાર્ષિક આવક ૪૮૦૦ રૂપિયા હતી. આમાં કન્યા કરતા કુમારોનું પ્રમાણ વધુ હતું. અભ્યાસના કુમાર ઉત્તરદાતાઓના ૪૬.૩૮ ટકા કુમારોના કુટુંબોની વાર્ષિક આવક ૪૮૦૦ રૂપિયા હતી.

આ વિગતો ઉપરથી ફલિત થાય છે કે

(૧) ઉ.બુ.આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેવા અને આર્થિક પરિસ્થિતિ સારી હોય તેવા કુટુંબના લોકો અભ્યાસ કરે છે. ટકાવારીની દ્રષ્ટિએ આ બન્ને પ્રકારના કુટુંબો સરખા હતા.

(૨) જ્યારે મધ્યમ આવકવાળા કુટુંબોના વિદ્યાર્થીઓ ઉ.બુ. આશ્રમશાળામાં ઓછા પ્રમાણમાં દાખલ થાય છે.

(૩) ગરીબ કુટુંબની કન્યાઓ અને પૈસાદાર કુટુંબના કુમારો ઉ.બુ. આશ્રમશાળામાં ઓછા પ્રમાણમાં ભણતા હતા.

(૪) ઓછી આવકવાળા કુટુંબના વિદ્યાર્થીઓમાં માધ્યમિક શિક્ષણનો વ્યાપ વધારવામાં ઉ.બુ. આશ્રમશાળાઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

ઉ.બુ. આશ્રમશાળામાં ભણેલ વિદ્યાર્થીઓના કુટુંબનો આર્થિક ઉત્કર્ષ કેટલા અંશે થયો છે ?

આપણા દેશમાં શિક્ષણ લેવાનો મુખ્ય ઉદ્દેશ્ય નોકરી મેળવવાનો છે. શિક્ષણ લીધેલ વ્યકિતને તેના શિક્ષણને યોગ્ય કે અયોગ્ય નોકરી ન મળે તો તે વ્યકિતની સમાજમાં ચર્ચા થાય છે. આવી ચર્ચાઓ અનુસૂચિત જનજાતિઓમાં પણ થાય છે. અન્ય સમાજ કરતા આ જાતિના સમાજમાં લોકો દઢ પણે માને છે કે શિક્ષણ લીધેલ વ્યકિતએ નોકરી કરવી જ જોઇએ અને જો આમ ન કરવું હોય તો શિક્ષણ લેવાની જરૂર નથી. આ માન્યતા ઉ.બુ. અને નઇ તાલીમના શિક્ષણના મૂળ હેતુ સાથે સંગત નથી. આ પ્રકારના શિક્ષણ પાછળનો મૂળ હેતુ વ્યકિતનો સર્વાંગી વિકાસ કરવાનો છે. આમ કરવામાં આર્થિક પાસુ અગત્યનું છે. આથીજ આ પ્રકારનું શિક્ષણ લીધેલ વ્યકિત સ્વરોજગારી કે પરંપરાગત વ્યવસાયમાં કાર્ય કરી પોતાની આર્થિક પરિસ્થિતિ સુધારી શકે તેવા વિષયો ઉત્તર બુનિયાદીના શિક્ષણમાં શીખવવામાં આવે છે. આમાં ખેતી અને પશુપાલનના વિષયો શીખવાય છે. આ પ્રકારનું શિક્ષણ લીધેલ વ્યકિત પોતે પોતાનું ગામડું અને તેમાં વસતો સમુદાયને આર્થિક ક્ષેત્રે સ્વાવલંબન બનાવશે તેવો આદર્શ રખાયો છે. ઉત્તર બુનિયાદીના શિક્ષણનો મૂળ આદર્શનું વાસ્તવિક જીવનમાં ઓછું પાલન થાય છે. આવી શિક્ષણ લીધેલ વ્યકિત નોકરી કરીને આર્થિક પાસુ મજબૂત કરે છે. આ અભ્યાસના વાલી ઉત્તરદાતા પાસેથી જાણવાનો પ્રયાસ કર્યો હતો કે ઉ.બુ. આશ્રમશાળાનું શિક્ષણ રોજબરોજના વ્યવહારમાં અને વ્યવસાયમાં ઉપયોગી થાય છે. કે નહીં ? આ અંગે ૨૪ ( ૬૦.૦૦ ટકા ) વાલીઓનું મંતવ્ય છે કે ઉ.બુ.આશ્રમશાળાનું શિક્ષણ વ્યવહારમાં અને વ્યવસાયમાં ઉપયોગી થાય છે.

૧૩(૩૨.૫૦ ટકા ) વાલીઓએ આ અંગે પોતાનો અભિપ્રાય આપ્યો નથી. શિક્ષણ અંગે કોઇ ચોક્કસ માહિતી ન હોય તેવા વાલીઓએ આમ કર્યું હતું.

આ હકીકત ઉપરથી ખ્યાલ આવે છે કે વાલીઓના મંતવ્ય પ્રમાણે રોજબરોજના જીવનના વ્યવહારમાં અને વ્યવસાય મેળવવામાં ઉ.બુ.આશ્રમશાળાનું શિક્ષણ ઉપયોગી થાય છે.

આ બાબતને વધુ સમજવા માટે અભ્યાસના વિદ્યાર્થી અને વાલી ઉત્તરદાતાના કુટુંબના જે સભ્યો ઉ.બુ. આશ્રમશાળામાં ભણ્યા છે તેઓનો હાલનો વ્યવસાય કયો છે તેની વિગત કોઠા ૫.૧૩ માં મૂકી છે.

## કોઠો : ૫.૧૩

### ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ભણેલા વિદ્યાર્થીઓના વ્યવસાયની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧ | ખેતી | ૭ | ૩ | ૧૦ | ૩૧.૨૪ |
| ૨ | મજૂરી | ૧ | - | ૧ | ૩.૧૩ |
| ૩ | મીલમાં/કારખાનામાં નોકરી | ૨ | - | ૨ | ૬.૨૬ |
| ૪ | નોકરી | ૨ | ૧ | ૩ | ૯.૩૭ |
| ૫ | શિક્ષક(પ્રાથમિક વિભાગ) | ૧ | - | ૧ | ૩.૧૨ |
| ૬ | શિક્ષક(માધ્યમિક વિભાગ) | ૨ | - | ૨ | ૬.૨૬ |
| ૭ | મદદનીશ ખેતી અધિકારી | ૧ | - | ૧ | ૩.૧૨ |
| ૮ | મધ્યાહ્ન ભોજનના સંચાલક | ૨ | - | ૨ | ૬.૨૬ |
| ૯ | આંગણવાડી/ બાલવાડીમાં | - | ૨ | ૨ | ૬.૨૬ |
| ૧૦ | કારકુન | - | ૧ | ૧ | ૩.૧૨ |
| ૧૧ | હિરા ઘસવાનું કામ | ૩ | - | ૩ | ૯.૩૭ |
| ૧૨ | દરજીનું કામ | ૨ | - | ૨ | ૬.૨૬ |
| ૧૩ | ટાઇપ કામ | ૨ | - | ૧ | ૩.૧૨ |
| ૧૪ | બેકાર | ૧ | - | ૧ | ૩.૧૨ |
| | કુલ | ૨૫ | ૭ | ૩૨ | ૧૦૦.૦૦ |

નોંધ : ૧. ઉત્તરદાતા વિદ્યાર્થી સિવાયના કુટુંબના સભ્યો

૨. ક્ષેત્રકાર્ય દરમ્યાન વાલી સાથે કુટુંબના જે સભ્યો રહે છે તેનો સમાવેશ કર્યો છે.

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ઉ.બુ. આશ્રમશાળામાં ભણેલ ૩૨ વ્યક્તિઓમાં ૧૧ ( ૩૪.૩૭ ટકા ) વ્યક્તિઓ ખેતી અને મજૂરીનુ કામ કરતા હતા. ૨ ( ૬.૨૬ ટકા ) વ્યક્તિઓ મીલમાં કે કારખાનામાં મજૂરી કરતા હતા. જયારે ૧ વ્યક્તિ બેકાર હતી. આમ ૪૩.૭૫ ટકા વ્યક્તિઓ ખેતી અને મજૂરીનું કામ કરતા હતા. આમ કરનાર વ્યક્તિઓએ એસ.એસ.સી.માં એકવાર નાપાસ થયા બાદ આગળ અભ્યાસ કર્યો ન હોય તેવી વ્યક્તિ વધુ હતી. જે લોકો એસ.એસ.સી. પાસ કરી આગળ અભ્યાસ કર્યો હોય અથવા તો એસ.એસ.સી. માં સારા ગુણ મેળવી નોકરી કરવા લાગ્યા હતા. આમ ન કરનાર વ્યક્તિઓ સ્વરોજગારીના ક્ષેત્રોમાં પ્રગતિ હાંસલ કરી હતી. આમ કરનાર ૬ વ્યક્તિઓમાં ૩ વ્યક્તિ હિરા ઘસવાનું, ૨ વ્યક્તિ દરજીનું કામ અને ૧ વ્યક્તિ ટાઇપનું કામ કરતી હતી. જે ૧૨ વ્યક્તિ નોકરી કરતી તેમાં શિક્ષણના ક્ષેત્રમાં કાર્ય કરનાર વધુ લોકો હતા.

આ કોઠા ઉપરથી ફલિત થાય છે કે ઉ.બુ. આશ્રમ શાળામાં શિક્ષણ લીધેલ વ્યક્તિઓમાં જે લોકોએ એસ.એસ.સી. માં સારા ગુણ મેળવ્યા હોય અથવા તો ઉચ્ચ અભ્યાસ કર્યો હોય તેઓ જુદા જુદા ખાતાઓમાં નોકરી કરતા હતા. જેઓ એસ.એસ.સી.માં નાપાસ થયા હોય અથવા તો ઓછા ગુણ આવ્યા હોય તેઓ સ્વરોજગારીના ક્ષેત્રમાં પ્રગતિ કરી હતી. નોકરી કરનારમાં પુરુષો કરતા સ્ત્રીઓનું પ્રમાણ વધુ હતું. જયારે ટેકનિકલ તાલીમ લઇ સ્વરોજગારીનો વ્યવસાય કરનાર સ્ત્રીઓ ઓછી હતી. ઉ.બુ. આશ્રમશાળામાં ભણેલ એક પણ સ્ત્રીએ ટેકનીકલ શિક્ષણ લીધું નથી. અહીં એક બાબત નોંધવા જેવી છે કે ઉ.બુ.આશ્રમશાળામાં ભણેલ વ્યક્તિઓ વિજ્ઞાન અને

ટેકનીકલ વિભાગોમાં ઉચ્ચશિક્ષણ નહીંવત લે છે. આવું જ વકીલ અને સી.એ. જેવા ઉચ્ચ વ્યવસાયો નહિવત્ પ્રમાણમાં કરે છે. છતાં પણ કહેવામાં વાંધો ન આવે કે નોકરી કે અન્ય વ્યવસાયોમાં પડવાથી સંબંધિત કુટુંબોની આવક વધી છે. ક્ષેત્રમાં જોવામાં આવ્યું છે કે કેટલાકે જમીન ખરીદી છે, ઘર સુધરાવ્યા છે, થોડોક મોજ શોખનો સરસામાન પણ ખરીદ્યો છે. આ વિગતો ઉપરથી કહી શકાય છે કે ઉ.બુ. આશ્રમશાળામાં અભ્યાસ કરેલ વ્યક્તિઓ પોતાની આર્થિક પરિસ્થિતિ સુધારે છે. પણ ઉચ્ચ વ્યવસાયો કે ઉચ્ચ પ્રકારની નોકરીમાં ઓછા પ્રમાણમાં જાય છે.

આ હકીકત ઉપરથી કહી શકાય છે કે આ યોજનાથી લાભાર્થી કુટુંબોનો આર્થિક ઉત્કર્ષ મહદ્અંશે થયો છે.

અભ્યાસ હેઠળના કુટુંબોની શૈક્ષણિક પરિસ્થિતિ વિશે વિગતે જાણકારી મેળવ્યા બાદ હવે પછીના પ્રકરણમાં ઉ.બુ. આશ્રમશાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ કેટલું છે અને એસ.એસ.સી.નું વિભાગવાર પરિણામ કેટલું આવે છે તેની ચર્ચા કરી છે.

# પ્રકરણ - ૬

## અપવ્યય, સ્થગિતતા અને વિદ્યાર્થીઓનું પરિણામ

- વિદ્યાર્થીઓની સંખ્યા અંગે
- અપવ્યય અને સ્થગિતતા
- ધોરણવાર કેટલા વિદ્યાર્થીઓ પાસ થયા હતા તેની માહિતી
- એસ.એસ.સી.નું વિષયવાર પરિણામ
- દસમા ધોરણમાં કોણ પાસ થયા હતા.

## પ્રકરણ - ૬

## અપવ્યય, સ્થગિતતા અને વિદ્યાર્થીઓનું પરિણામ

### વિદ્યાર્થીઓની સંખ્યા અંગે :

આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ ઓછું છે.[X] આ બાબતને તપાસવા અને ઉ.બુ. આશ્રમશાળામાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ એસ.એસ.સી. સુધી અભ્યાસ કરે છે કે નહીં ? તે જાણવા માટે અભ્યાસની ઉ.બુ. આશ્રમશાળાઓની છેલ્લા પાંચ વર્ષની ધોરણવાર જુલાઇ અને એપ્રિલ માસની રજિસ્ટર સંખ્યાની માહિતી એકત્ર કરી હતી. કારણકે સામાન્ય રીતે ઉ.બુ.આશ્રમશાળાઓમાં જુલાઇ માસમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા બાદ નવા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો નથી અને એપ્રિલ માસ સુધી ઉ.બુ.આશ્રમશાળામાં જે વિદ્યાર્થી રહયા હોય તે વિદ્યાર્થીનું નામ વાર્ષિક પરીક્ષા સુધી ચાલુ રખાય છે. આમ ન કરે તો વિદ્યાર્થીના ખર્ચ પેટે મળતા અનુદાનની ગણતરીમાં મુશ્કેલી પડે છે. આ અંગેની વિગતે માહિતી કોઠા ૬.૧ માં આપી છે.

---

X વધુ માહિતી માટે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા થયેલા શિક્ષણ અંગેના ૧૨૩, ૧૭૦ ક્રમના અહેવાલ જુઓ.

કોઠો : ૬.૧

અભ્યાસ હેઠળની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની ધોરણવાર છેલ્લા પાંચ વર્ષની સરેરાશ હાજરી દર્શાવતો કોઠો.

| ક્રમ | ધોરણ | જુલાઈ | | | એપ્રિલ | | | વધ | | | ઘટ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧ | ધોરણ-૮ | ૧૧૨૮ | ૪૦૩ | ૧૫૩૧ | ૧૦૩૬ | ૩૭૯ | ૧૪૧૫ | ૨૧ | ૧૨ | ૩૩ | ૧૧૩ | ૩૬ | ૧૪૯ |
| | | | | | | | | ૧.૮૬ | ૨.૯૯ | ૨.૧૪ | ૧૦.૨ | ૮.૯૩ | ૯.૭૩ |
| ૨ | ધોરણ-૯ | ૮૭૯ | ૩૧૭ | ૧૧૯૬ | ૮૩૦ | ૩૦૯ | ૧૧૩૯ | ૧૧ | ૧૦ | ૨૧ | ૬૦ | ૧૮ | ૭૮ |
| | | | | | | | | ૧.૨૫ | ૩.૧૫ | ૧.૭૬ | ૬.૮૩ | ૫.૬૮ | ૬.૫૨ |
| ૩ | ધોરણ-૧૦ | ૭૩૦ | ૨૩૪ | ૯૬૪ | ૬૮૧ | ૨૨૨ | ૯૦૩ | ૭ | ૪ | ૧૧ | ૫૬ | ૧૬ | ૭૨ |
| | | | | | | | | ૦.૯૬ | ૧.૭૧ | ૧.૧૪ | ૭.૬૭ | ૬.૮૪ | ૭.૪૭ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ઉ.બુ.આશ્રમ શાળામાં જુલાઇ માસ કરતા એપ્રિલ માસમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાનું પ્રમાણ ઓછું હતું. જેમ જેમ વિદ્યાર્થીઓ ઉપલા ધોરણમાં આવે તેમ તેમ સંખ્યા ઘટવાનુ પ્રમાણ ઓછું થતું જતુ હતુ. આ કોઠા ઉપરની ત્રણ મુદ્દા તારવી શકાય છે. તેમાં

(૧) ઉપલા ધોરણમાં વિદ્યાર્થીઓની વધનું અને ઘટનું પ્રમાણ ઓછું થતુ જાય છે.

(૨) કુમાર કરતા કન્યાઓમાં હાજરીની વધનુ પ્રમાણ થોડું વધુ હતું. આમાં કુમાર, કન્યા વચ્ચે હાજરીની વધનો તફાવત નવમાં ધોરણમાં વધુ અને દસમા ધોરણમાં ઓછો હતો.

(૩) કન્યાઓ કરત કુમારોમા હાજરીની ઘટનું પ્રમાણ વધુ હતું. આ બન્ને વચ્ચે આઠમાં ધોરણમાં તફાવતનો ગાળો વધુ અને દસમા ધોરણમાં તફાવતનો ગાળો ઓછો હતો.

(૪) ધોરણવાર વિદ્યાર્થીઓની સંખ્યામાં એપ્રિલ માસમાં જે ઘટ થઇ હતી તેમાં આઠમાં ધોરણમાં વધુ અને નવમા ધોરણમાં ઓછી ઘટ થઇ હતી.

ઉ.બુ.આશ્રમશાળામાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ જે તે વર્ષ અધવચ્ચેથી ઉ.બુ. આશ્રમશાળા શા માટે છોડે છે તેના અનેક કારણો છે તેમાંના કેટલાક જોઇએ તો

(૧) સારી શાળામાં વિદ્યાર્થીઓને પ્રવેશ મળે તો

(૨) વિદ્યાર્થીના ગામના કે નજીકના ગામના વિદ્યાર્થીઓ જ્યાં વધુ અભ્યાસ કરતા હોય તે શાળામાં વિદ્યાર્થીઓને પ્રવેશ મળે તો

(૩) ઉ.બુ.આશ્રમશાળા શરૂ થયા બાદ ત્રણ, ચાર માસ કે તેથી વધુ સમય બાદ કુટુંબની આર્થિક, સામાજિક પરિસ્થિતિ અને ભણતા વિદ્યાર્થીઓના લગ્ન થવાથી તેઓ ઉ.બુ. આશ્રમશાળા છોડી દેતા હોય છે.

ઉ.બુ. આશ્રમશાળામાં દાખલ થનાર વિદ્યાર્થીઓમાંથી કેટલા વિદ્યાર્થીઓ દાખલ થયાના વર્ષે જ ઉ.બુ.આશ્રમશાળા છોડી જતા હોય છે. તેની વિગતે તપાસ કરી છે. આ માટે અભ્યાસની એક ઉ.બુ. આશ્રમશાળામાં છેલ્લા પાંચ વર્ષોમાં આઠમા ધોરણમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓમાંથી કેટલા વિદ્યાર્થીઓ દાખલ થયાના વર્ષે જ ઉ.બુ. આશ્રમશાળા છોડી જતા તેની વિગત કોઠા ૬.૨ માં આપી છે.

કોઠો : ૬.૨

ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ધોરણ-૮માં દાખલ થનાર વિદ્યાર્થીઓમાંથી કેટલા વિદ્યાર્થીઓ દાખલ થયાના વર્ષે જ આશ્રમશાળા છોડી છે તેની વિગત દર્શાવતો કોઠો

| ક્રમ | વર્ષ | ધો.૮માં દાખલ કરેલ વિદ્યાર્થી | તેમાંથી દાખલ કરેલ વર્ષમાં શાળા છોડનાર વિદ્યાર્થીઓ | કેટલા ટકા વિદ્યાર્થી ઉ.બુ.આશ્રમશાળા છોડે છે. |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૮૩ | ૫૪ | ૧૧ | ૨૦.૩૭ |
| ૨ | ૧૯૮૪ | ૬૧ | ૨ | ૩.૨૮ |
| ૩ | ૧૯૮૫ | ૫૩ | ૪ | ૭.૫૫ |
| ૪ | ૧૯૮૬ | ૪૧ | ૨ | ૪.૮૮ |
| ૫ | ૧૯૮૭ | ૩૬ | ૧ | ૨.૭૮ |
| ૬ | સરેરાશ | ૪૯ | ૪ | ૮.૧૬ |

નોંધ : આ વિદ્યાર્થીઓએ શાળા છોડયાનું પ્રમાણપત્ર લીધું હતું.

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસની ઉ.બુ. આશ્રમશાળામાં ૧૯૮૩ થી ૧૯૮૭ના વર્ષ સુધીમાં દર વર્ષે સરેરાશ ૪૯ વિદ્યાર્થીઓ આઠમા ધોરણમાં દાખલ થયા હતા. તેમાંથી પ્રતિવર્ષ સરેરાશ ૪ વિદ્યાર્થીઓ દાખલ થયાના વર્ષમાં જ ઉ.બુ. આશ્રમશાળા છોડી હતી. આમ કરતા સમયે તેમણે શાળા છોડયાનું પ્રમાણપત્ર પણ લીધું હતું. આ ઉપરથી કહી શકાય છે કે ઉ.બુ. આશ્રમશાળામાં દાખલ થયેલા વિદ્યાર્થીઓમાં દાખલ થયાના વર્ષમાં જ ઉ.બુ. આશ્રમશાળા ઓછા પ્રમાણમાં છોડી ગયા હતા.

## અપવ્યય અને સ્થગિતતા :

ઉપરોક્ત હકીકતથી ખ્યાલ આવે છે કે ઉ.બુ. આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં ભગાડનું પ્રમાણ ઓછું છે. આ હકીકતને સમજવા માટે ઉ.બુ. આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં અપવ્યય અને સ્થગિતતા કેટલા પ્રમાણ છે તે તપાસવા માટે અભ્યાસની ચાર ઉ.બુ. આશ્રમશાળામાં આઠમા ધોરણમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓમાંથી કેટલા વિદ્યાર્થીઓએ દસમું ધોરણ પાસ કર્યું તેની માહિતી એકત્ર કરી હતી જે કોઠા ૬.૩ માં આપી છે.

AMU2T.old

## કોઠો : ૬.૩

### ધોરણવાર અપવ્યય અને સ્થગિતતાની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | ધોરણ | રજિ. સંખ્યા | | | પાસ | | | નાપાસ સ્થગિતતા | | | પરીક્ષામાં ગેરહાજર (બગાડ) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ✓ ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | ૮ | ૯૩ | ૮૫ | ૧૭૮ | ૮૧ | ૭૭ | ૧૫૮ | ૨ | ૬ | ૮ | ૧ | ૨ | ૩ |
| | ~~૧૦૦~~૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૮૭.૧૦ | ૯૦.૫૯ | ૮૮.૭૬ | ૨.૧૫ | ૭.૦૬ | ૪.૪૯ | ૧.૦૮ | ૨.૩૫ | ૧.૬૯ |
| ૨ | ૯ | ૭૬ | ૭૨ | ૧૪૮ | ૬૭ | ૭૦ | ૧૩૭ | ૨ | - | ૨ | - | ૨ | ૨ |
| | | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૮૮.૧૬ | ૯૭.૨૨ | ૯૨.૫૭ | ૨.૬૩ | - | ૧.૩૫ | - | ૨.૭૮ | ૧.૩૫ |
| ૩ | ૧૦ | ૬૩ | ૬૯ | ૧૩૨ | ૨૭ | ૨૮ | ૫૫ | ૩૨ | ૩૭ | ૬૯ | - | ૪ | ૪ |
| | | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૪૨.૮૬ | ૪૦.૫૭ | ૪૧.૬૭ | ૫૦.૭૯ | ૫૩.૬૩ | ૫૨.૨૭ | | ૫.૮૦ | ૩.૦૩ |

ચાલુ..

કોઠો : ૬.૩.. ચાલુ..

| ક્રમ | ધોરણ | અભ્યાસ છોડી દીધો (ભંગાણ) | | | પાસ થયા બાદ જે તે શાળામાં આગળનું ધોરણ ન ભણનાર | | | આગલા ધોરણમાં અભ્યાસ ચાલુ રાખનાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| | | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| 1 | ૮ | ૯ | - | ૯ | ૫ | ૫ | ૧૦ | ૭૬ | ૭૨ | ૧૪૮ |
| | | ૯.૬૭ | | ૫.૦૬ | ૬.૧૭ | ૬.૪૯ | ૬.૩૩ | ૯૩.૧૮ | ૯૩.૫૧ | ૯૩.૬૭ |
| ૨ | ૯ | ૭ | - | ૭ | ૪ | ૧ | ૫ | ૬૩ | ૬૯ | ૧૩૨ |
| | | ૯.૨૧ | | ૪.૭૩ | ૫.૯૭ | ૧.૪૩ | ૩.૬૫ | ૨.૦૩ | ૯૮.૫૭ | ૯૬.૩૫ |
| 3 | ૧૦ | ૪ | - | ૪ | - | - | - | - | - | - |
| | | ૬.૩૫ | | ૩.૦૩ | | | | | | |

આ કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ઉ.બુ. આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં આઠમા અને નવમા ધોરણમાં બગાડ અને સ્થગિતતાનું પ્રમાણ ઓછું હતું. જ્યારે દસમા ધોરણમાં સ્થગિતતાનું પ્રમાણ ( ૫૨.૨૭ ટકા ) ઘણું વધુ હતું. દસમા ધોરણમાં બગાડનું પ્રમાણ આઠ, નવ ધોરણ જેટલું હતું. બગાડ બે પ્રકારે થાય છે. (૧) વિદ્યાર્થીઓ વાર્ષિક પરીક્ષામાં ગેરહાજર રહીને અને જે તે (૨) ધોરણમાં અધવચ્ચેથી અભ્યાસ છોડી દઈને બગાડ કરે છે. વાર્ષિક પરીક્ષામાં ગેરહાજર રહીને બગાડ કરનાર વિદ્યાર્થીઓમાં કન્યાઓનું પ્રમાણ વધુ હતું. આમ બનવા પાછળનું મુખ્ય કારણ એ છે કે ગુજરાતની મોટાભાગની અનુસૂચિત જનજાતિઓમાં ફાગણ માસમાં હોળી બાદ લગ્ન થાય છે. ઉ.બુ. આશ્રમશાળામાં ભણતી કન્યાઓમાં જેમના લગ્ન થઈ જાય તે કન્યાઓ વાર્ષિક પરીક્ષા આપતી નથી તેઓ અભ્યાસ છોડી દે છે.

કુમારો અધવચ્ચેથી અભ્યાસ વધુ છોડે છે. આમ બનવા પાછળનું મુખ્ય કારણ એ છે કે માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરતા કુમારો ઘરની ખેતીનું કામ સંભાળી શકે તેટલી ઉંમરના હોય છે. ગરીબ કુટુંબના કુમારો ઘરની ખેતી કરવા અભ્યાસ અધવચ્ચેથી છોડી દે છે. કુમારો લગ્ન થવાથી અભ્યાસ છોડતા નથી.

ઉ.બુ.આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં આઠ, નવ ધોરણમાં પાસ થતા વિદ્યાર્થીઓ કરતા અડધા વિદ્યાર્થીઓ દસમા ધોરણમાં પાસ થયા હતા. આઠમા અને નવમા ધોરણમાં જે વિદ્યાર્થીઓ પાસ થયા હતા તેમાં કુમાર કરતા કન્યાઓનું પ્રમાણ વધુ હતું. જ્યારે દસમા ધોરણમાં કન્યાઓ કરતા કુમારો વધુ પાસ થયા હતા.

ધોરણવાર કેટલા વિદ્યાર્થીઓ પાસ થયા હતા તેની માહિતી :

ઉ.બુ.આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં અપવ્યય અને સ્થગિતતના કેટલી છે તેની માહિતી તપાસી, આ માહિતીને વધુ વિગતે અને ઊંડાણની તપાસવા માટે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આદિવાસી શિક્ષણ અંગેના જુદા જુદા અભ્યાસોમાં અપવ્યય અને સ્થગિતતાના પ્રમાણ કરતા ઉ.બુ.આશ્રમ શાળાના વિદ્યાર્થીઓમાં અપવ્યય અને સ્થગિતતાનાં કેટલી હતી તેની માહિતી ચકાસી છે. જે કોઠા : ૬.૪ માં આપી છે.

## કોઠો : ૬.૪

### ધોરણવાર કેટલા વિદ્યાર્થીઓ પાસ થાય છે તેની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | ધોરણ | થયેલ અભ્યાસનું વર્ષ | રજિ. સંખ્યા | | | પાસ થયેલ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧ | ૮ | ૧૯૮૩X | ૩૮૨ | ૧૮૭ | ૫૬૯ | ૩૦૯ | ૧૫૯ | ૪૬૮ |
| | | | | | | ૮૦.૯૦ | ૮૫.૦૩ | ૮૨.૨૫ |
| | | ૧૯૮૬XX | - | ૩૯૭ | ૩૯૭ | - | ૩૨૨ | ૩૨૨ |
| | | | | | | | ૮૧.૧૧ | ૮૧.૧૧ |
| | | ૧૯૮૮XXX | ૯૩ | ૮૫ | ૧૭૮ | ૮૧ | ૭૭ | ૧૫૮ |
| | | | | | | ૮૭.૧૦ | ૯૦.૫૯ | ૮૮.૭૬ |
| ૨ | ૯ | ૧૯૮૩ | ૩૦૯ | ૧૫૯ | ૪૬૮ | ૨૧૪ | ૧૦૬ | ૩૨૦ |
| | | | | | | ૬૯.૨૬ | ૬૬.૬૭ | ૬૮.૩૮ |
| | | ૧૯૮૬ | - | ૩૦૯ | ૩૦૯ | - | ૨૭૦ | ૨૭૦ |
| | | | | | | | ૮૭.૩૮ | ૮૭.૩૮ |
| | | ૧૯૮૮ | ૭૬ | ૭૨ | ૧૪૮ | ૬૭ | ૭૦ | ૧૩૭ |
| | | | | | | ૮.૧૫ | ૯૭.૨૨ | ૯૨.૫૯ |
| ૩ | ૧૦ | ૧૯૮૩ | ૨૧૪ | ૧૦૬ | ૩૨૦ | ૧૧૨ | ૫૭ | ૧૬૯ |
| | | | | | | ૫૨.૩૪ | ૫૩.૭૭ | ૫૨.૮૧ |
| | | ૧૯૮૬ | - | ૨૬૨ | ૨૬૨ | - | ૯૮ | ૯૮ |
| | | | | | | | ૩૭.૪૦ | ૩૭.૪૦ |
| | | ૧૯૮૮ | ૬૩ | ૬૯ | ૧૩૨ | ૨૭ | ૨૮ | ૫૫ |
| | | | | | | ૪૨.૮૬ | ૪૦.૫૮ | ૪૧.૬૬ |
| ૪ | ધો. ૮માં દાખલ થયેલ વિ. ટકા ૧૦ પાસ કર્યું | ૧૯૮૩ | | | | ૨૯.૩૨ | ૩૦.૪૯ | ૨૯.૭૦ |
| | | ૧૯૮૬ | | | | - | ૨૪.૬૯ | ૨૪.૬૯ |
| | | ૧૯૮૮ | | | | ૨૯.૦૩ | ૩૨.૯૪ | ૩૦.૯૦ |

નોંધ : X પટેલ અરૂણ - ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણ અહે-૧૨૩
XX દેસાઇ ભારતી- ગુજરાતની આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ અને રોજગારી એક અભ્યાસ

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૮૩ અને ૧૯૮૬ના આદિવાસીના શિક્ષણ અંગેના અભ્યાસોમાં અભ્યાસની શાળાઓમાં ધોરણ આઠમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓમાંથી દસમા ધોરણમાં અનુક્રમે ૨૯.૭૦ અને ૨૪.૬૯ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા હતા. જયારે ઉ.બુ. આશ્રમશાળા ધોરણ આઠમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓમાંથી ૩૦.૯૦ ટકા વિદ્યાર્થીઓ દસમા ધોરણ પાસ થયા હતા. ૧૯૮૩ અને ૧૯૮૬ના અભ્યાસમાં ઉ.બુ.શાળા અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં અપવ્યય અને સ્થગિતતા કેટલી હતી તે તપાસ્યુ હતું. આ ઉપરની કહી શકાય છે કે ઉ.બુ. આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં સ્થગિતતા અને બગાડનું પ્રમાણ ઓછું જણાયું હતું. એ નોંધવું જોઇએ કે

(૧) આ ત્રણે અભ્યાસોમાં ધોરણ આઠમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓ માંથી દસમા ધોરણમાં કન્યાઓ વધુ પ્રમાણમાં પાસ થઇ હતી.

(૨) ઉ.બુ.આશ્રમશાળામાં અભ્યાસ કરતા કુમારો કરતા કન્યાઓમાં અપવ્યય અને સ્થગિતતા ઓછી હતી.

(૩) આ ઉપરથી ફલિત કરી શકાય કે ઉ.બુ. આશ્રમશાળાના વિકાસથી કન્યા શિક્ષણનો વ્યાપ વધ્યો નથી, પણ જે કન્યાઓ શિક્ષણ લેવા આવે છે તેઓ માધ્યમિક શિક્ષણ પૂરું કરે છે.

<u>એસ.એસ.સી. નું વિષયવાર પરિણામ :</u>

ઉ.બુ.આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ કેટલું હતું તેની માહિતી જોઇ. આ સાથે એ પણ જોયું કે જિલ્લા પંચાયત કે આશ્રમશાળામાં પ્રાથમિક શિક્ષણ લઇને ઉ.બુ. આશ્રમશાળામાં માધ્યમિક શિક્ષણ લેનાર

વિદ્યાર્થીઓમાંથી કયા વિદ્યાર્થીઓ દસમા ધોરણમાં વધુ પાસ થયા, અહીં ઉ.બુ. આશ્રમશાળાનું છેલ્લા પાંચ વર્ષનું દસમા ધોરણનું વિષયવાર સરેરાશ પરિણામ કેટલું હતું તેની માહિતી કોઠા ૬.૫ માં આપી છે.

કોઠો : ૬.૫

૧૯૮૨થી૧૯૮૭ સુધીનું ધોરણ-૧૦ નું સરેરાશ પરિણામ ની માહિતી દર્શાવતો કોઠો (પરિણામ ટકામાં છે)

| ક્રમ | વિષય | પરિણામ કુમાર<br>૧ | કન્યા<br>૨ | કુમાર કન્યા નથી દર્શાવ્યું તેવા વિદ્યાર્થીઓ<br>૩ | ૧ થી ૩ કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૭૪.૧૬ | ૭૫.૨૧ | ૮૦.૪૫ | ૭૫.૫૭ |
| ૨ | હિંદી | ૪૬.૩૭ | ૮૦.૨૭ | ૮૪.૮૨ | ૫૯.૯૫ |
| ૩ | અંગ્રેજી | ૫૪.૫૨ | ૩૩.૫૩ | ૫૯.૬૯ | ૫૩.૯૧ |
| ૪ | અંકગણિત | ૫૪.૨૦ | ૪૪.૮૪ | ૬૦.૦૪ | ૫૪.૦૦ |
| ૫ | માનવજીવન વિજ્ઞાન | ૭૧.૯૩ | ૫૨.૮૬ | ૮૩.૩૩ | ૭૧.૬૮ |
| ૬ | સમાજનવનિર્માણ | ૭૪.૩૨ | ૬૯.૨૯ | ૮૧.૯૦ | ૭૪.૨૯ |
| ૭ | કૃષિ-૧ | ૯૫.૬૩ | ૯૩.૧૫ | ૯૩.૫૦ | ૯૪.૮૭ |
| ૮ | કૃષિ-૨ | ૯૪.૯૪ | ૯૨.૩૫ | ૯૫.૩૪ | ૯૪.૫૩ |

ચાલુ...

કોઠો : ૬.૫.. ચાલુ..

| ક્રમ | વિષય | પરિણામ કુમાર | કન્યા | કુમાર કન્યા નથી દર્શાવ્યું તેવા વિદ્યાર્થીઓ | ૧થી૩ કુલ |
|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | |
| ૯ | ગૃહવિજ્ઞાન_૧ | - | ૧૦૦.૦૦ | - | ૧૦૦.૦૦ |
| ૧૦ | ગૃહવિજ્ઞાન-૨ | - | ૧૦૦.૦૦ | - | ૧૦૦.૦૦ |
| ૧૧ | વિજ્ઞાન | ૭૪.૩૮ | - | - | ૭૫.૩૧ |
| ૧૨ | ગણિત | ૬૪.૫૦ | - | - | ૬૬.૨૫ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે કૃષિ અને ગૃહવિજ્ઞાન વિષયનું પરિણામ ઘણું સારું હતું. કૃષિના વિષયોનું છેલ્લા પાંચ વર્ષનું સરેરાશ પરિણામ ૯૪ ટકાની વધુ આવ્યું હતું. જ્યારે ગૃહવિજ્ઞાન વિષયનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું હતું. બીજા વિષયોનું પરિણામ આટલું સારું ન હતું.

ગુજરાતી, માનવજીવન વિજ્ઞાન, સમાજનવનિર્માણ, વિષયનું સરેરાશ પરિણામ ૭૦ થી ૭૫ ટકા હતું. આમાં ગુજરાતી વિષયને બાદ કરતા બાકીના વિષયોમાં કુમારોનું પરિણામ કન્યાઓના પરિણામ કરતા સારું હતું.

હિંદી, અંકગણિત વિષયનું સરેરાશ પરિણામ ૫૦ થી ૬૦ ટકા હતું. આમાં હિંદી વિષયનું કન્યાઓનું અને અંકગણિતના વિષયનું કુમારોનું પરિણામ સારું હતું.

ઉ.બુ.આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓ અંગ્રેજી અને વિજ્ઞાનના પ્રવાહના વિજ્ઞાન અને ગણિતના વિષયો ઓછા રાખે છે.અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળામાંથી ૧૯૮૨ થી ૧૯૮૭ ના વર્ષોમાં સરેરાશ ૮૪૬ વિદ્યાર્થીઓએ એસ.એસ.સી.ની પરીક્ષા આપી હતી.આમાંથી અંગ્રેજી વિષય રાખનાર સરેરાશ ૬૬ ( ૭.૮૦ ટકા ) વિદ્યાર્થીઓ હતા. અંગ્રેજી વિષય રાખનાર વિદ્યાર્થીઓમાંની ૩૩ (૫૦.૦૦ટકા) વિદ્યાર્થીઓ પાસ થયા હતા. ઉ.બુ.આશ્રમશાળામાં અભ્યાસ કરતી કન્યાઓ અંગ્રેજી વિષય બહુજ ઓછા પ્રમાણમાં લે છે.

દર વર્ષે સરેરાશ ૯ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહના વિજ્ઞાન અને ગણિતના વિષયો રાખ્યા હતા, આમાંથી વિજ્ઞાનના વિષયમાં ૭ ( ૭૭.૭૮ ટકા ) અને ગણિતના વિષયમાં ૫ (૫૫.૫૬ ટકા) વિદ્યાર્થીઓ પાસ થયા હતા. અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળામાં છેલ્લા પાંચ વર્ષોમાં આ વિષય કુમારો એ જ રાખ્યો હતો. એસ.એસ.સી.ના વિષયવાર પરિણામ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઉ.બુ. આશ્રમશાળામાં ભણેલા વિદ્યાર્થીઓ વિનયન અથવા તો કૃષિને લગતા વિષયોમાં ઉચ્ચ શિક્ષણ લે છે. વિજ્ઞાન પ્રવાહના વિષયો વિદ્યાર્થીઓ ઓછા પ્રમાણમાં રાખે છે. તેમાં કન્યાઓનું પ્રમાણ ઘણું ઓછું છે. આથી આ પ્રવાહના ઉચ્ચ અભ્યાસમાં ઉ.બુ. આશ્રમશાળાના વિદ્યાર્થીઓ નહિંવત્ પ્રમાણમાં જઇ શકે.

## દસમા ધોરણમાં કોણ પાસ થયા હતા :

પ્રાથમિક વિભાગની આશ્રમશાળા અને જિલ્લા પંચાયતની શાળામાં ભણેલ વિદ્યાર્થીઓ ધોરણ આઠ ભણવા ઉ.બુ.આશ્રમશાળામાં દાખલ થાય છે. આ વિદ્યાર્થીઓમાં દસમા ધોરણનું પરિણામ કોનું સારું આવે છે તેની માહિતી એકત્ર કરી છે જે કોઠા ૬.૬ માં આપી છે.

## કોઠો : ૬.૬

**૧૯૮૩માં ધોરણ ૮ માં દાખલ થયેલ વિદ્યાર્થીઓમાં કેટલા વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ પાસ થયા હતા તેની માહિતી દર્શાવતો કોઠો**

| ક્રમ | ધોરણ-૭ ક્યાંથી પાસ થયું. | કુમાર | કન્યા | કુલ | ધોરણ-૧૦ સુધી કેટલા વિદ્યાર્થી પહોંચ્યા: કુમાર | કન્યા | કુલ | ધોરણ ૧૦ પાસ થયેલા વિદ્યાર્થી: કુમાર | કન્યા | કુલ | ધોરણ-૧૦ નાપાસ થયેલા વિદ્યાર્થી: કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જિલ્લા પંચાયતની શાળાના | ૩૧ | ૪ | ૩૫ | ૧૦ | - | ૧૦ | ૬ | - | ૬ | ૪ | - | ૪ |
| | | ૬૭.૩૯ | ૫૦.૦૦ | ૬૪.૮૧ | ૩૨.૨૬ | | ૨૮.૫૭ | ૬૦.૦૦ | | ૬૦.૦ | ૪૦.૦ | | ૪૦.૦ |
| ૨ | આશ્રમશાળાના | ૧૨ | ૩ | ૧૫ | ૪ | ૨ | ૬ | ૧ | ૧ | ૨ | ૩ | ૧ | ૪ |
| | | ૨૬.૦૯ | ૩૭.૫૦ | ૨૭.૭૮ | ૩૩.૩૩ | ૬૬.૬૭ | ૪૦.૦૦ | ૨૫.૦૦ | ૫૦.૦ | ૩૩.૩૩ | ૭૫.૦ | ૫૦.૦ | ૬૬.૩૭ |
| ૩ | ઉ.બુ.શાળાના X | - | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - |
| | | | ૧૨.૫૦ | ૧.૮૫ | | | | | | | | | |
| ૪ | માધ્યમિક શાળાના X | ૩ | - | ૩ | ૧ | - | ૧ | ૧ | - | ૧ | - | - | - |
| | | ૬.૫૨ | | ૫.૫૬ | ૩૩.૩૩ | | ૩૩.૩૩ | ૧૦૦.૦ | | ૧૦૦.૦ | | | |
| | કુલ | ૪૬ | ૮ | ૫૪ | ૧૫ | ૨ | ૧૭ | ૮ | ૧ | ૯ | ૭ | ૧ | ૮ |
| | | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૩૨.૬૧ | ૨૫.૦ | ૩૧.૪૮ | ૫૩.૩૩ | ૫૦.૦ | ૫૨.૯૪ | ૪૬.૬૭ | ૫૦.૦ | ૪૦.૦૬ |

X ધોરણ-૮ નાપાસ થયેલ વિદ્યાર્થીએ ઉ.બુ.માં પ્રવેશ આપેલ

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૮૩ના વર્ષે અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળામાં જિલ્લા પંચાયતની શાળામાં અભ્યાસ કરેલ ૩૧ કુમાર અને ૪ કન્યાઓ ધોરણ આઠ ભણવા ઉ.બુ.આશ્રમશાળામાં દાખલ થયા હતા. આ વિદ્યાર્થીઓમાંની ૧૦ ( ૩૨.૨૬ ટકા ) કુમારો ધોરણ આઠ અને નવ પાસ કરી ત્રીજા વર્ષે ધોરણ દસમાં આવ્યા હતા. આ ૧૦ કુમારોમાં ૬ ( ૬૦.૦૦ ટકા ) કુમારો દસમા ધોરણમાં પ્રથમ વર્ષે પાસ થયા હતા. જ્યારે એક પણ કન્યા આઠ, નવ ધોરણમાં પ્રથમ વર્ષે પાસ થઇ ન હતી.

પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાંથી સાત ધોરણ ભણેલ વિદ્યાર્થીઓમાંની ૪ ( ૩૩.૩૩ ટકા ) કુમારો આઠ, નવ ધોરણમાં પ્રથમ પ્રયત્ને પાસ થઇ ત્રીજા વર્ષે દસમા ધોરણમાં આવ્યા હતા. આમાંથી ૧ ( ૨૫.૦૦ ટકા ) કુમારો દસમાં ધોરણમાં પ્રથમ વર્ષે પાસ થયો હતો. જ્યારે અહીંથી અભ્યાસ કરેલ ૨ ( ૬૬.૬૭ ટકા ) કન્યાઓ આઠ, નવ ધોરણમાં પ્રથમ પ્રયત્ને પાસ થઇ, ત્રીજા વર્ષે દસમા ધોરણમાં આવી હતી. આમાંથી એક કન્યા દસમા ધોરણમાં પ્રથમ પ્રયત્ને પાસ થઇ હતી.

આ વિગત ઉપરથી લાગે છે કે પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાં અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓમાં કે જે ઉ.બુ.આશ્રમશાળામાં અભ્યાસ કર્યો હતો તેઓ દસમા ધોરણમાં વધુ પ્રમાણમાં પહોંચ્યા હતા. અને તેમનું પરિણામ પણ સારું આવ્યું હતું. જે કન્યાઓએ પ્રાથમિક શિક્ષણ આશ્રમશાળામાંથી લીધું હતું, તેમનું દસમા ધોરણનું પરિણામ સારું આવ્યું હતું.

## પ્રકરણ - ૭

### નવી ઉત્તર બુનિયાદી આશ્રમશાળા શરૂ કરવા અંગે

- નવી ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવા અંગે
- જિલ્લાવાર આશ્રમશાળાઓ
- જિલ્લાવાર ઉ.બુ. આશ્રમશાળાની પરિસ્થિતિ
- વિદ્યાર્થીઓના પ્રમાણમાં કેટલી ઉ.બુ.આશ્રમ શાળા છે.
- વસ્તીના ધોરણે ૨૦૦૧ સુધીમાં નવી કેટલી ઉ.બુ. આશ્રમશાળાની જરૂર પડશે
- નવી કેટલી ઉ.બુ. આશ્રમશાળાની જરૂર છે.

તા.૫.૧ ૨૦૦૬ની ૧૧) સુધીનું ફોર્મ મળ્યું નથી. વાંચવાનું બાકી.

Annex7A

## પ્રકરણ - ૭

### નવી ઉત્તર બુનિયાદી આશ્રમશાળા શરૂ કરવા અંગે

ભવિષ્યમાં નવી કેટલી ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવાની જરૂર છે તેના અંગે પણ ક્ષેત્રકાર્યમાંથી વિગતો એકત્ર કરી છે. આ અંગે વધુ વિચારણા કરતા પહેલા ૧૯૮૭-૮૮માં અભ્યાસની ૪૫ ઉ.બુ.આશ્રમશાળામાં જિલ્લાવાર કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા તેની વિગતો માહિતી કોઠા : ૭.૧ માં દર્શાવી છે.

## કોઠો : ૭.૧

ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની માહિતી દર્શાવતો કોઠો

(વર્ષ - ૮૭-૮૮માં)

| ક્રમ | જિલ્લાનું નામ | ઉ.બુ.આશ્રમશાળાની સંખ્યા | અનુસૂચિત જનજાતિના છાત્રો કુમાર | કન્યા | કુમાર કન્યા દર્શાવ્યું નથી | કુલ ૪+૫+૬ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ડાંગ | ૧ | ૮૭<br>૧૦૦.૦૦ | - | - | ૮૭<br>૧૦૦.૦૦ |
| ૨ | વલસાડ | ૭ | ૪૩૪<br>૭૨.૦૯ | ૧૬૮<br>૨૭.૯૧ | - | ૬૦૨<br>૧૦૦.૦૦ |
| ૩ | સુરત | ૧૯ | ૮૮૮<br>૫૩.૬૯ | ૬૯૭<br>૪૨.૧૪ | ૬૯<br>૪.૧૭ | ૧૬૫૪<br>૧૦૦.૦૦ |

ચાલુ..

કોઠો : ૭.૧ ... ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૪ | ભરૂચ | ૪ | ૩૭૯ | ૪૫ | - | ૪૨૪ |
| | | | ૮૯.૩૯ | ૧૦.૬૧ | | ૧૦૦.૦૦ |
| ૫ | પંચમહાલ | ૫ | ૫૦૪ | ૧૬૯ | | ૬૭૩ |
| | | | ૭૪.૮૯ | ૨૫.૧૧ | | ૧૦૦.૦૦ |
| ૬ | વડોદરા | ૩ | ૪૬૧ | ૬ | | ૪૬૭ |
| | | | ૯૮.૭૨ | ૧.૨૮ | | ૧૦૦.૦૦ |
| ૭ | બનાસકાંઠા | ૧ | ૩૬ | ૪ | | ૪૦ |
| | | | ૯૦.૦૦ | ૧૦.૦૦ | | ૧૦૦.૦૦ |
| ૮ | સાબરકાંઠા | ૪ | ૪૧૧ | ૪૪ | | ૪૫૫ |
| | | | ૯૦.૩૩ | ૯.૬૭ | | ૧૦૦.૦૦ |
| | કુલ | | ૩૨૦૦ | ૧૧૩૩ | ૬૯ | ૪૪૦૨ |
| | | | ૭૨.૬૯ | ૨૫.૭૪ | ૧.૫૭ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે સુરત, વલસાડ પંચમહાલ જિલ્લાની ઉ.બુ. આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં ૨૫ ટકા થી ૪૨ ટકા કન્યાઓ અભ્યાસ કરતા હતા.

સુરત જિલ્લામાં ગામીત, ચોધરી અને ઘોડિયા જાતિના લોકો વસે છે. આ જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ સારું છે. કારણકે આ જિલ્લામાં આશ્રમશાળા, ઉ.બુ. આશ્રમશાળા અને છાત્રાલયની સવલત અન્ય જિલ્લા કરતા વધુ છે. આ સવલતોનો લાભ આ જાતિના લોકોએ વધુ લીધો છે. આમ થવાથી આ જાતિની કન્યાઓમાં શિક્ષણની ભૂખ વધી છે. આથી જ આ જિલ્લાની ઉ.બુ.આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં ૪૨.૧૪ ટકા કન્યાઓ હતી. ગુજરાતના અન્ય જિલ્લાની ઉ.બુ. આશ્રમશાળામાં આટલા પ્રમાણમાં કન્યાઓની સંખ્યા ન હતી.

પંચમહાલ જિલ્લાની ઉ.બુ. આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં ૨૫.૧૧ ટકા કન્યાઓ હતી. આમ બનવાનું કારણ એ છે કે આ જિલ્લામાં કન્યાઓ માટેની એક અલગ ઉ.બુ. આશ્રમશાળા છે.

વલસાડ જિલ્લામાં ધરમપુર, વાંસદા અને પારડીમાં એક એક ઉ.બુ. આશ્રમશાળા છે. આ વિસ્તારના ઉંડાણના ગામોમાં પ્રાથમિક શિક્ષણની સવલત છે પણ માધ્યમિક શિક્ષણની ઓછી સવલત છે. આથી આ જિલ્લાની ઉ.બુ.આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં ૨૭.૯૧ ટકા કન્યાઓ હતી.

**ઉ.બુ.આશ્રમશાળાની માન્ય સંખ્યા અંગે :**

ઉ.બુ.આશ્રમશાળામાં વિદ્યાર્થીઓની માન્ય સંખ્યા ૧૨૦ની હોય છે, મિશ્ર પ્રકારની ઉ.બુ.આશ્રમશાળામાં સામાન્ય રીતે ૬૦ કુમારો અને ૬૦ કન્યાઓને પ્રવેશ આપવાનો હોય છે. આગળ પ્રકરણ-૬ અનુસૂદા નંબર ૬ માં વિદ્યાર્થીઓની સંખ્યા અંગે દર્શાવ્યું

છે કે મોટા ભાગની ઉ.બુ.આશ્રમશાળામાં માન્ય સંખ્યા કરતા ઓછી સંખ્યા છે. આમ મિશ્ર પ્રકારની એક પણ ઉ.બુ.આશ્રમશાળામાં આ નિયમ પળાતો નથી.

અહીં એક બાબત નોંધવી જોઈએ કે અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળામાં આશ્રમશાળા દીઠ સરેરાશ ૯૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા એટલે કે માન્ય સંખ્યા કરતા ઓછા વિદ્યાર્થીઓ હતા. આમ બનવાના જે અનેક કારણો છે એમાં મુખ્ય કારણો જોઈએ તો વર્તમાન સમયમાં સમાજમાં શ્રમને ઓછું મહત્ત્વ આપવામાં આવે છે. અનુસૂચિત જનજાતિના સમાજમાં પણ આવુ બનવા લાગ્યુ છે. આથી આદિવાસી વિદ્યાર્થીઓ પણ ઉ.બુ. આશ્રમશાળામાં ભણવા ઓછા તૈયાર થાય છે કારણકે શાળામાં ઉત્પાદક પ્રવૃત્તિઓ માટે અનેક પ્રકારના કામો કરવા પડતા હોય છે. આ ઉપરાંત ઉ.બુ.આશ્રમશાળાના સંચાલકો પોતાના વિસ્તારની માધ્યમિક શિક્ષણની અન્ય સંસ્થા સાથે સંકળાયેલા હોય છે. આ સંસ્થામાં વિદ્યાર્થીની મહત્તમ સંખ્યા જાળવી રાખવા માટે પોતાની ઉ.બુ. આશ્રમશાળામાં વિદ્યાર્થીઓને ઓછા પ્રમાણમાં પ્રવેશ આપે અથવા તો વિદ્યાર્થીને પ્રવેશ આપતા સમયે પોતાની બીજી શૈક્ષણિક સંસ્થામાં પૂરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા બાદ ઉ.બુ.આશ્રમશાળામા વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા હોય છે. આ કારણથી ઉ.બુ. આશ્રમશાળામાં નિયત સંખ્યાના પ્રમાણમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય છે. આથી નવી ઉ.બુ.આશ્રમશાળા શરૂ ન કરવી તેમ માનવુ યોગ્ય નથી. કારણકે ઉ.બુ.આશ્રમશાળાના શૈક્ષણિક સંસ્થાના સ્વરૂપ સામે સમાજને વિરોધ નથી પણ તે સંચાલનની કાર્ય પ્રણાલિકા સામે વિરોધ છે. આથી ઉ.બુ. આશ્રમશાળાની કાર્ય પ્રણાલિકા સુધારવાની જરૂર છે. આમ કરી નવી ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવી જોઈએ. આમ થશે તો આ શૈક્ષણિક સંસ્થાનો યોગ્ય ઉપયોગ થશે અને સરકારને શિક્ષણના વિકાસમાં મહદઅંશે મદદરૂપ થશે.

ઉ.બુ.આશ્રમશાળાની મુલાકાત સમયે અને ક્ષેત્રકાર્યમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને જે તે વિસ્તારના સામાજિક શૈક્ષણિક આગેવાનો સાથે ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવા અંગે ચર્ચા કરેલ આ ઉપરથી અને ક્ષેત્રકાર્યના અનુભવથી એવું જરૂર લાગે છે કે સઘન આદિવાસી વસ્તિ વાળા વિસ્તારમાં નવી ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવી જોઈએ. ક્ષેત્રકાર્ય દરમ્યાન એવું જોવામાં આવ્યું છે કે મોટા ગામોમાં અને વાહનવ્યવહારની સવલત હોય તેવા સ્થળે નવી માધ્યમિક અને ઉ.બુ.શાળાઓ શરૂ થઈ છે. આવી શાળાઓ સાથે છાત્રાલય હોય છે. ઉ.બુ. આશ્રમશાળા પણ કંઈક અંશે આવા સ્થળોએ જ શરૂ થઈ છે. અંતરિયાળના વિસ્તારમાં માધ્યમિક શિક્ષણની સવલત અપૂરતી છે. આ સવલત ઊભી કરવા માટે ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવી જોઈએ. વસબત છાત્રાલયના પ્રમાણમાં ઉ.બુ.આશ્રમશાળામાં ખર્ચ વધુ થાય પણ અનુસૂચિત જનજાતિઓના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં ઉ.બુ. આશ્રમશાળા ઉપયોગી છે. આ પ્રકારની શિક્ષણથી વિદ્યાર્થીઓની શૈક્ષણિક પરિસ્થિતિનો સુધારો છે આથી શિક્ષણના નબળા પાસાંનો પ્રભાવ આ વિદ્યાર્થીઓમાં ઓછો રહે તે સ્વાભાવિક છે. અંતરિયાળના વિસ્તારમાં ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવાથી વિદ્યાર્થીઓ ઘર સાથે સંપર્ક વધુ રાખી શકે છે અને મૂળ સમાજ સાથે જીવંત લાગણી અનુભવી શકે છે. આથી આ સંસ્થા સામાજિક પરિવર્તનનું અગત્યનું સંસ્થાકીય સાધન બની શકે તેમ છે.

## જિલ્લાવાર આશ્રમશાળાઓ :

૧૯૮૪-૮૫ના વર્ષમાં ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં પ્રાથમિક વિભાગની આશ્રમશાળાઓ કેટલી હતી અને તેમાં અનુસૂચિત જનજાતિની આશ્રમશાળા કેટલી હતી, તેની માહિતી એકત્ર કરી હતી. આ સાથે પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાંથી ધોરણ-૭માં પાસ થનાર વિદ્યાર્થીઓમાં કેટલા વિદ્યાર્થીઓને આઠમા ધોરણમાં ઉ.બુ.આશ્રમશાળામાં પ્રવેશ આપી શકાય તે જોવાનો પ્રયાસ કર્યો છે. જેની વિગતો કોઠા ૭.૨ માં આપી છે.

## કોઠો : ૭.૨

જિલ્લાવાર આશ્રમશાળાની સંખ્યા અને તેના કેટલા વિદ્યાર્થીઓને ઉ.બુ.આશ્રમશાળામાં પ્રવેશ આપી શકાય તેમ છે તેની માહિતી દર્શાવતો કોઠો ( વર્ષ ૧૯૮૪-૮૫ )

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રાથમિક શિક્ષણની આશ્રમશાળા કુલ સંખ્યા | પ્રાથમિક શિક્ષણની આશ્રમશાળા તેમાં આદિવાસીની આશ્રમશાળાની સંખ્યા | ઉ.બુ. આશ્રમ શાળા સંખ્યા | પ્રાથમિક શિક્ષણની આશ્રમશાળામાંથી ધોરણ-૭માં અંદાજે એક વર્ષમાં કેટલા વિદ્યાર્થી પાસ થયા | ઉ.બુ. આશ્રમશાળામાં ધોરણ-૮માં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય. | પ્રાથમિક શિક્ષણની આશ્રમશાળામાંથી ધોરણ-૭માં પાસ થનાર વિદ્યાર્થીઓમાં કેટલા ટકા વિદ્યાર્થીઓને ઉ.બુ.આશ્રમશાળામાં પ્રવેશ આપી શકાય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | અમદાવાદ | ૧૫ | ૧ | ૧ | ૩૦૦ | ૪૦ | ૧૩.૩૩ |
| ૨ | વડોદરા | ૨૪ | ૧૯ | ૩ | ૪૮૦ | ૧૨૦ | ૨૫.૦૦ |

ચાલુ..

કોઠો : ૭.૨.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | રાજકોટ | ૫ | - | - | ૧૦૦ | - | |
| ૪ | સુરત | ૬૦ | ૫૬ | ૧૯ | ૧૨૦૦ | ૭૬૦ | ૬૩.૩૩ |
| ૫ | ખેડા | ૧૪ | - | - | ૨૮૦ | - | |
| ૬ | પંચમહાલ | ૪૧ | ૩૩ | ૫ | ૮૨૦ | ૨૦૦ | ૨૪.૩૯ |
| ૭ | સાબરકાંઠા | ૨૮ | ૧૨ | ૪ | ૫૬૦ | ૧૬૦ | ૨૮.૫૭ |
| ૮ | જુનાગઢ | ૧૧ | ૪ | - | ૨૨૦ | - | |
| ૯ | મહેસાણા | ૧૩ | - | - | ૨૬૦ | - | |
| ૧૦ | ભાવનગર | ૭ | - | - | ૧૪૦ | - | |
| ૧૧ | જામનગર | ૪ | - | - | ૮૦ | - | |
| ૧૨ | અમરેલી | ૪ | - | - | ૮૦ | - | |
| ૧૩ | કચ્છ | ૫ | ૨ | - | ૧૦૦ | - | |

ચાલુ..

કોઠો : ૭.૨.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ભરૂચ | ૨૯ | ૨૭ | ૪ | ૬૬૦ | ૧૬૦ | ૨૪.૨૪ |
| ૧૫ | વલસાડ | ૩૭ | ૩૬ | ૭ | ૭૪૦ | ૨૮૦ | ૩૭.૮૪ |
| ૧૬ | બનાસકાંઠા | ૧૯ | ૮ | ૧ | ૩૪૦ | ૪૦ | ૧૧.૭૬ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૫ | ૧ | - | ૧૦૦ | - | |
| ૧૮ | ગાંધીનગર | ૨ | - | - | ૪૦ | - | |
| ૧૯ | ડાંગ | ૧૨ | ૧૨ | ૧ | ૨૪૦ | ૪૦ | ૧૬.૬૭ |
| | કુલ | ૩૩૩ | ૧૧૧ | ૪૫ | ૬૬૬૦ | ૧૮૦૦ | ૨૭.૦૨ |

પ્રાપ્તિ સ્થાન : ( ક્રમ ૩,૪,૫ ની માહિતી ) શૈક્ષણિક આંકડાકીય માહિતી
પ્રાથમિક અને પ્રૌઢ શિક્ષણ - પુસ્તિકા વર્ષ- ૧૯૮૪-૮૫

પ્રાથમિક વિભાગની એક આશ્રમશાળામાંથી અંદાજે ધોરણ ૭માં દર વર્ષે ૨૦ વિદ્યાર્થીઓ પાસ થશે તેમ માની જે તે જિલ્લામાં દર વર્ષે કેટલા વિદ્યાર્થીઓ પાસ થશે તેની માહિતી કોલમ ૬માં મૂકી છે. જ્યારે કોલમ સાતમાં એક ઉ.બુ.આશ્રમશાળામાં પ્રતિવર્ષે આઠમા ધોરણમાં ૪૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય તેમ માની પ્રતિવર્ષે જે તે જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને ઉ.બુ.આશ્રમશાળામાં ધોરણ ૮ ધોરણ આઠમાં પ્રવેશ આપી શકાશે તેની વિગત મૂકી છે. જ્યારે કોલમ નંબર આઠમાં પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાંથી સાત ધોરણ પાસ થનાર વિદ્યાર્થીઓમાં કેટલા ટકા વિદ્યાર્થીઓને ઉ.બુ. આશ્રમશાળામાં પ્રવેશ આપી શકાય તેમ છે તેની વિગત દર્શાવી છે. આ કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ગુજરાતની કુલ ૩૩૩ પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાંથી પ્રતિવર્ષે ૬૬૬૦ વિદ્યાર્થીઓ ધોરણ ૭માં પાસ થાય, તેમાંથી ફક્ત ૨૭.૦૨ ટકા વિદ્યાર્થીઓને જ ઉ.બુ. આશ્રમશાળામાં પ્રવેશ આપી શકાય તેમ છે. જિલ્લાવાર આ પરિસ્થિતિ જોઈએ તો તેમાં સુરત જિલ્લામાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય તેમ છે. આ જિલ્લામાં પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાંથી ધોરણ ૭માં પાસ થનાર વિદ્યાર્થીઓના ૬૩.૩૩ ટકા વિદ્યાર્થીઓને ઉ.બુ. આશ્રમશાળામાં પ્રવેશ આપી શકાય તેમ છે. કારણકે આ જિલ્લામાં પ્રાથમિક વિભાગની અને ઉ.બુ. આશ્રમશાળાની સંખ્યામાં બહુ મોટો તફાવત નથી. જ્યારે પંચમહાલ, સાબરકાંઠા, ભરૂચ જિલ્લામાં પ્રાથમિક વિભાગની આશ્રમશાળાના પ્રમાણમાં ઉ.બુ.આશ્રમશાળાની સંખ્યા ઓછી છે. આથી આ જિલ્લાઓમાંની પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાંથી ધોરણ સાતમાં પાસ થનાર વિદ્યાર્થીઓમાંથી ૩૦ ટકા કરતા ઓછા વિદ્યાર્થીઓને ઉ.બુ.આશ્રમશાળામાં પ્રવેશ આપી શકાય તેમ છે. બનાસકાંઠામાં તો પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાંથી ધોરણ-૭ પાસ થનાર વિદ્યાર્થીઓમાં ફક્ત ૧૧.૭૬ ટકા વિદ્યાર્થીઓ તે જ ઉ.બુ.આશ્રમશાળામાં પ્રવેશ આપી શકાય તેમ

છે. આ સવલત અન્ય જિલ્લા કરતા ઘણી ઓછી છે.

આ કોઠા ઉપરથી ફલિત થાય છે કે સુરત જિલ્લા સિવાયના અન્ય જિલ્લાઓમાં પ્રાથમિક વિભાગની આશ્રમશાળા અને ઉ.બુ. આશ્રમશાળાની સંખ્યામાં ઘણો તફાવત છે. નવી ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરતા સમયે દરેક જિલ્લાની પ્રાથમિક વિભાગની આશ્રમશાળાના ધોરણ-૭ના વિદ્યાર્થીઓમાં ૪૦ ટકા વિદ્યાર્થીઓને ઉ.બુ.આશ્રમશાળામાં પ્રવેશ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ, આ ટકાવારી વધવી જોઈએ પણ ઓછી થાય તે યોગ્ય નથી. જે જિલ્લામાં વર્તમાન સમયમાં આટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય તેટલી ઉ.બુ.આશ્રમશાળા ન હોય તો ત્યાં નવી ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવી જોઈએ આમ થશે તો જ ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં જે પ્રાથમિક વિભાગની અને ઉ.બુ.આશ્રમશાળાની અસમાનતા છે તે દૂર થશે અને સમગ્ર ગુજરાતના અનુસૂચિત જનજાતિના લોકોને શિક્ષણની સુવિધા પ્રાપ્ત બનશે.

જિલ્લાવાર ઉ.બુ.આશ્રમશાળાની પરિસ્થિતિ :

ગુજરાતના નવ જિલ્લાઓમાં ઉ.બુ. આશ્રમશાળા છે.આમાંથી આઠ જિલ્લાઓમાં અનુસૂચિત જનજાતિઓની વસ્તી વધુ છે.જ્યારે અમદાવાદ જિલ્લામાં આ જાતિની વસ્તી ઓછી છે. પણ અનુસૂચિત જાતિ અને વિચરતી જાતિની વસ્તી સારી એવી છે. ઉ.બુ. આશ્રમશાળા જ્યાં છે તે નવ જિલ્લાઓમાં ભૌગોલિક વિસ્તાર, વસ્તી, શાળાદીઠ ઉ.બુ.આશ્રમશાળા કેટલી છે તેની માહિતી કોઠા ૭.૩ માં આપી છે.

કોઠો : ૭.૩

ઉ.બુ.આશ્રમશાળા જે જિલ્લાઓમાં છે તેના સંબંધી વિગતો દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લાનું નામ | વિસ્તાર ચો.કિ.મી.માં | ઉ.બુ. આશ્રમ શાળાની સંખ્યા | કેટલા ચો.કિ.મી એ એક ઉ.બુ. આશ્રમ શાળા છે. | ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે દર ચો. કિ.મી. દીઠ આદિવાસીની ગીચતા | ૩૦-૯-૮૩ ના રોજ ધો.૮થી૧૨ ની શાળા સંખ્યા | ૧૦૦ શાળાએ ઉ.બુ. આશ્રમ શાળાની સંખ્યા | ૧૯૮૧ની આદિવાસીની વસ્તી પ્રમાણે કેટલી વસ્તીએ એક ઉ.બુ. આશ્રમશાળા છે. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ડાંગ | ૧૬૮૩ | ૧ | ૧૬૮૩.૦૦ | ૬૩.૩૪ | ૧૩ | ૭.૬૯ | ૧૦૪૯૧૮ |
| ૨ | વલસાડ | ૫૨૩૮ | ૭ | ૭૪૮.૨૯ | ૧૮૪.૯૦ | ૧૭૩ | ૪.૦૫ | ૧૩૯૮૬૦ |

ચાલુ..

કોઠો : ૭.૩.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | સુરત | ૭૭૪૫ | ૧૯ | ૪૦૭.૬૩ | ૧૩૪.૦૪ | ૧૯૦ | ૧૦.૦૦ | ૫૪૬૨૪૨ |
| ૪ | ભરૂચ | ૯૦૪૫ | ૪ | ૨૨૬૧.૨૫ | ૬૩.૮૪ | ૧૪૩ | ૨.૮૦ | ૧૪૪૩૪૮ |
| ૫ | પંચમહાલ | ૮૮૬૬ | ૫ | ૧૭૭૩.૨ | ૧૦૯.૩૫ | ૩૧૫ | ૧.૫૯ | ૧૯૩૧૮૫ |
| ૬ | વડોદરા | ૭૭૮૮ | ૩ | ૨૫૯૬. | ૮૩.૨૫ | ૨૭૮ | ૧.૦૮ | ૨૦૬૧૨૪ |
| ૭ | બનાસકાંઠા | ૧૨૭૦૨ | ૧ | ૧૨૭૦૨.૦૦ | ૮.૮૧ | ૧૩૦ | ૦.૭૭ | ૧૧૧૯૩૬ |
| ૮ | સાબરકાંઠા | ૭૩૯૦ | ૪ | ૧૮૪૭.૫ | ૩૩.૯૮ | ૨૯૯ | ૧.૩૪ | ૬૨૭૮૨ |
| ૯ | અમદાવાદ | ૮૭૦૭ | ૧ | ૮૭૦૭ | ૦૩.૭૩ | ૪૯૦ | ૦.૨૦ | ૩૨૫૦૧ |
| | ૨થી૯ કુલ | ૬૯૧૬૪ | ૪૫ | ૧૫૩૭.૦૦ | ૭૬.૧૪ | ૨૦૩૧ | ૨.૨૨ | ૧૧૬૬૯૯ |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે સુરત જિલ્લામાં ઓછા અંતરે ઉ.બુ. આશ્રમશાળા હતી. ૧૯૮૧ની અનુસૂચિત જનજાતિની વસ્તીને ખ્યાલમાં રાખતા ૫૪૬૪૨ ની વસ્તીએ એક ઉ.બુ.આશ્રમ શાળા હતી. અન્ય જિલ્લાઓમાં આ કરતા વધુ વસ્તીએ ઉ.બુ. આશ્રમશાળા હતી. ધોરણ ૮ થી ૧૨ની શાળાની દ્રષ્ટિએ પણ સુરત જિલ્લામાં ૧૦૦ શાળાએ સૌથી વધુ ઉ.બુ.આશ્રમશાળા હતી. બાકીના જિલ્લાઓમાં આના કરતા ઓછા ઉ.બુ.આશ્રમશાળા હતી.

આ કોઠા ઉપરથી એક હકીકત ફલિત થાય છે કે જિલ્લાવાર વિસ્તાર, વસ્તી અને શાળાની દ્રષ્ટિએ ઉ.બુ.આશ્રમશાળાનો અસમાન વિકાસ થયો છે. તેમાં સુરત જિલ્લામાં આ ત્રણેની દ્રષ્ટિએ વધુ અને આદર્શ પરિસ્થિતિએ ઉ.બુ. આશ્રમશાળા હતી. આથી આ જિલ્લાની અનુસૂચિત જનજાતિઓમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે. આની અસર તેમના સામાજિક, રાજકીય અને આર્થિક જીવન ઉપર પણ પડેલી દેખાય છે. જયારે ડાંગ, સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલમાં આ ત્રણે માપદંડમાં ઉ.બુ.આશ્રમશાળાઓ ઓછા પ્રમાણ હતી. આની સીધી અસર આ જિલ્લાઓના અનુસૂચિત જનજાતિઓના શિક્ષણ ઉપર પડી છે. આથી આ જિલ્લાના અનુસૂચિત જનજાતિઓના સામાજિક, રાજકીય અને આર્થિક જીવનની વિકાસની ગતિ ધીમી રહી છે.

વિદ્યાર્થીઓના પ્રમાણમાં કેટલી ઉત્તર બુનિયાદી આશ્રમશાળા છે :

સમાજમાં એવી માન્યતા પ્રચલિત થતી જાય છે કે સરકાર જરૂરિયાત કરતા વધુ પ્રમાણમાં આશ્રમશાળા, ઉ.બુ. આશ્રમશાળા અને છાત્રાલયો શરૂ કરે છે. આ બાબત ઉપર પ્રકાશ પાડવા માટે ગુજરાતમાં ધોરણ ૮, ૯, ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પ્રમાણમાં કેટલા વિદ્યાર્થીઓને ઉ.બુ.આશ્રમશાળાની સવલત મળે છે

તે તપાસવાની સાચી સ્થિતિનો ખ્યાલ આવશે. સમગ્ર રાજ્યમાં તા.૩૦-૯-૧૯૮૪ના રોજ ધોરણ ૮, ૯, ૧૦માં ૪૦૭૦૦૦[X] વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. તેમાંથી ૫૪૦૦ ( ૧.૩૩ ટકા ) વિદ્યાર્થીઓ ઉ.બુ. આશ્રમશાળામાં રહી અભ્યાસ કરી શકે તેટલી ઉ.બુ. આશ્રમશાળા હતી. ગુજરાતમાં કુલ ભણતા વિદ્યાર્થીઓના ૨ ટકા વિદ્યાર્થીને ઉ.બુ. આશ્રમશાળામાં ભણવાની સવલત આપવી હોય તો તાત્કાલીક નવી ૨૬ ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવી જોઈએ. ગુજરાતમાં ૧૯૮૦-૮૧ થી ૧૯૮૯-૯૦ના વર્ષોમાં કેટલા વિદ્યાર્થીઓ ઉ.બુ.આશ્રમશાળા છે અને હોવી જોઈએ તેની ચર્ચા હવે પછીના મુદ્દાઓમાં કરી છે.

ધોરણ ૮, ૯, ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં કેટલા વિદ્યાર્થીઓએ એક ઉ.બુ.આશ્રમશાળા હતી અને હોવી જોઈએ તેની વિગત તપાસી છે જેની વર્ષવાર માહિતી કોઠા :૭.૪ માં આપી છે.

---

X શૈક્ષણિક આંકડાકીય માહિતી, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક અને ઉચ્ચશિક્ષણની પુસ્તિકા વર્ષ- ૧૯૮૫

A5U3B

## કોઠો : ૭.૪

ધોરણ ૮, ૯, ૧૦ માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના કેટલા વિદ્યાર્થીઓ એક અંતર સુવિધા દી આશ્રમશાળા છે તેની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | વર્ષ | ધોરણ ૮,૯,૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની સંખ્યા | ઉ.બુ.આશ્રમશાળા ની સંખ્યા | કેટલા વિદ્યાર્થી એક ઉ.બુ. આશ્રમશાળા છે. | કેટલી ઉ.બુ. આશ્રમશાળા જોઈએ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧૯૮૦-૮૧ | ૫૨૭૪૬X | ૩૪ XX | ૧૫૫૧ | - |
| ૨ | ૧૯૮૧-૮૨ | ૬૨૧૫૯ X | ૩૬ XX | ૧૭૨૭ | |
| ૩ | ૧૯૮૨-૮૩ | ૬૭૨૬૪ X | ૩૬ XX | ૧૮૬૯ | - |

ચાલુ..

(ઉમેશ)

કોઠો : ૭.૪.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૪ | ૧૯૮૩-૮૪ | ૭૩૪૭૮ | ૪૦ | ૧૮૦૮ | - |
| ૫ | ૧૯૮૪-૮૫ | ૮૦૨૩૧ | ૪૫ | ૧૭૨૧ | - |
| ૬ | ૧૯૮૫-૮૬ | ૮૭૬૦૪ | - | - | ૫૧ |
| ૭ | ૧૯૮૬-૮૭ | ૯૫૬૫૫ | | | ૫૫ |
| ૮ | ૧૯૮૭-૮૮ | ૧૦૪૪૪૫ | | | ૬૦ |
| ૯ | ૧૯૮૮-૮૯ | ૧૧૪૦૪૪ | | | ૬૬ |
| ૧૦ | ૧૯૮૯-૯૦ | ૧૨૪૫૨૪ | | | ૭૨ |

X શૈક્ષણિક આંકડાકીય માહિતી, માધ્યમિક ઉચ્ચ માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ-પુસ્તિકા વર્ષ- ૧૯૮૧, ૧૯૮૨
૧૯૮૩, ૧૯૮૪, ૧૯૮૫

XX ગુજરાત રાજય આશ્રમશાળા સમિતિ અહેવાલ - ૧૯૮૨-૮૩

ઉમેરો

ઉપરોક્ત કોઠામાં જે માહિતી આપી છે તેમાં ૧૯૮૦-૮૧ થી ૧૯૮૩-૮૪ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ચોક્કસ સંખ્યા મળી હતી. ત્યારબાદના વર્ષોમાં ચોક્કસ સંખ્યા નહીં મળતા આ ત્રણે વર્ષોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં સરેરાશ કેટલો વધારો થયો છે તે તપાસી ૧૯૮૪-૮૫થી ૧૯૮૯-૯૦ સુધીમાં વર્ષવાર કેટલા વિદ્યાર્થી હોય તેની વિગત મૂકી છે. આવુ ઉ.બુ.આશ્રમશાળાની સંખ્યામાં કર્યું છે. આમાં ૧૯૮૪-૮૫ સુધી ઉ.બુ.આશ્રમશાળાની ચોક્કસ સંખ્યા મળી છે. ત્યારબાદના વર્ષોમાં ૧૯૮૦-૮૧ની ૧૯૮૨-૮૩ના વર્ષોમાં સરેરાશ કેટલા વિદ્યાર્થીએ એક ઉ.બુ.આશ્રમશાળા હતી. તે તપાસી ૧૯૮૫ થી ૧૯૯૦ સુધીમાં કેટલી ઉ.બુ.આશ્રમ શાળા હોવી જોઈએ તેની વિગત દર્શાવી છે.

આ કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૮૦-૮૧ના વર્ષમાં જેટલા વિદ્યાર્થીએ એક ઉ.બુ.આશ્રમશાળા હતી તેના કરતા વધુ વિદ્યાર્થીઓએ એક ઉ.બુ. આશ્રમશાળા ૧૯૮૨-૮૩ના વર્ષોમાં અને ત્યારબાદના વર્ષોમાં હતી. જેમ જેમ શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થતો જાય તેમ તેમ શૈક્ષણિક સંસ્થાનો વધારો થવો જોઈએ. અલબત અનુસૂચિત જનજાતિના વિસ્તારોમાં માધ્યમિક શાળા અને છાત્રાલયની સવલત જ વધી છે તે યોગ્ય છે. પણ અક્ષરજ્ઞાન ની કેળવણી સાથે વ્યક્તિ ઘડતર અને ખાસ કરીને ચારિત્ર ઘડતરમાં અને સમાજ પરિવર્તનમાં અગત્યની ભૂમિકા ભજવે છે તેવી આશ્રમશાળા સંસ્થાનો વિકાસ ~~ઓછા~~ ઓછા પ્રમાણમાં થાય તે આયોજીત વિકાસમાં યોગ્ય ન ગણાય. શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા જેમ વધે તેમ આ સંસ્થાનો પણ વિકાસ થવો જોઈએ.

૧૯૮૦-૮૧ થી ૧૯૮૨-૮૩માં સરેરાશ ૧૭૧૬ વિદ્યાર્થીએ એક ઉ.બુ.આશ્રમશાળા હતી. આ પ્રમાણ વધુ ગણયા. આમ છતાં આ ધોરણ જાળવી રાખવા માટે ૧૯૮૪-૮૫ કરતાં ૧૯૮૯-૯૦ સુધીમાં

૬૦ ટકા વધુ ઉ.બુ. આશ્રમશાળાઓ શરૂ કરવી જોઈએ.

**વસ્તીના ધોરણે ૨૦૦૧ સુધીમાં નવી કેટલી ઉ.બુ.આશ્રમશાળાની જરૂર પડશે :**

આગળ આપણે વસ્તી, વિસ્તાર, શાળા અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કેટલી ઉ.બુ.આશ્રમશાળા હતી તેની માહિતી તપાસી આ ઉપરથી ખ્યાલ આવે છે કે વર્તમાન સમયમાં નવી ઉ.બુ.આશ્રમ શાળા ઓછી છે. વસ્તીને આધારે ૨૦૦૧ સુધીમાં નવી કેટલી ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવી જોઈએ તેની વિગત કોઠામાં ૭.૫ માં આપી છે.

**કોઠો : ૭.૫**

**અનુસૂચિત જનજાતિની વસ્તી વધતાં નવી કેટલી ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવી જોશે.**

| ક્રમ | વર્ષ | અનુસૂચિત જનજાતિની વસ્તી | ઉ.બુ.આશ્રમશાળાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૧૯૮૧ | ૪૮૪૮૫૮૬ | ૪૫ |
| ૨ | ૧૯૯૧ | ૬૩૦૩૧૬૧ | ૫૯ |
| ૩ | ૨૦૦૧ | ૮૧૯૪૧૧૦ | ૭૬ |

ઉપરોક્ત કોઠામાં ૧૯૭૧થી ૧૯૮૧માં અનુસૂચિત જનજાતિની વસ્તી વધારાના દરને પાયાનો ગણી ૧૯૯૧ માં અને ૨૦૦૧ માં કેટલી વસ્તી વધારો તેની માહિતી આપી છે. આમાં હાલના

ધોરણને જાળવીને ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરીએ તો ૨૦૦૧માં વધુ ૩૧ ઉ.બુ. આશ્રમશાળાની જરૂર પડશે એટલે કે ૧૯૮૮ના વર્ષથી પ્રતિવર્ષ ૩ ઉ.બુ.આશ્રમશાળા નવી શરૂ કરવી જોઈએ.આ ગણતરીમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં માધ્યમિક શિક્ષણ વધી રહ્યું છે તેનો સમાવેશ કર્યો નથી.

**નવી કેટલી ઉ.બુ.આશ્રમશાળાની જરૂર છે :**

વિસ્તાર, વસ્તી, વિદ્યાર્થીઓ અને પ્રાથમિક વિભાગની આશ્રમશાળાના માપદંડથી તપાસતાએ બાબતનો ખ્યાલ આવે છે કે ગુજરાતના સઘન અનુસૂચિત જનજાતિના વિસ્તારોમાં ઉ.બુ. આશ્રમશાળાનો વિકાસ અસમાન થયો છે.

શૈક્ષણિક સંસ્થાના વિકાસની ગતિ સુરત જિલ્લામાં ઝડપી છે અને પંચમહાલ, બનાસકાંઠામાં ધીમી છે. આ અસમાનતા દૂર કરવા માટે અભ્યાસના વર્ષોમાં સુરત જિલ્લાની પરિસ્થિતિને આદર્શ પરિસ્થિતિ ગણી છે. આમ ગણવાથી એવું ફલિત થતું નથી કે સુરત જિલ્લામાં નવી ઉ.બુ. આશ્રમશાળાની જરૂર નથી. આ જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાનો વિકાસ થવા છતાં ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ બિનપછાત અને અનુસૂચિત જનજાતિમાં લોકોમાં અક્ષરજ્ઞાનની ટકાવારીમાં ખૂબજ તફાવત હતો. તેની માહિતી કોઠામાં ૭.૬ આપી છે.

કોઠો : ૭.૬

(ઉમેરો)

સુરત જિલ્લામાં બિનઆદિવાસી અને અનુસૂચિત જનજાતિમાં શિક્ષણની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | વસ્તી | અક્ષરજ્ઞાન ધરાવનારની સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| ૧ | અનુસૂચિત જનજાતિ સિવાયની વસ્તી | ૧૪૫૪૮૦૦ (૫૮.૩૬) | ૯૧૬૪૫૫ (૬૩.૦૦) | ૭૮.૬૭ |
| ૨ | અનુસૂચિત જનજાતિની વસ્તી | ૧૦૩૮૨૦૦ (૪૧.૬૪) | ૨૪૮૫૪૫ (૨૩.૯૪) | ૨૧.૩૩ |
| ૩ | ૧ ને ૨ નું કુલ | ૨૪૯૩૦૦૦ (૧૦૦.૦૦) | ૧૧૬૫૦૦૦ (૪૬.૭૩) | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે સુરત જિલ્લામાં અક્ષરજ્ઞાન ધરાવનાર વસ્તીમાં અનુસૂચિત જનજાતિની વસ્તી ઘણી ઓછી હતી. xxxxxxxx આ બાબત ઉપર વધુ પ્રકાશ પાડવા આપણે જોવું જોઈએ કે સુરત જિલ્લામાં અક્ષરજ્ઞાન ધરાવનાર ૧૦૦ વ્યક્તિઓમાં ૭૯ વ્યક્તિ બિન આદિવાસી અને ૨૧ વ્યક્તિ અનુસૂચિત જનજાતિની હતી. આ ઉપરથી ફલિત થાય છે કે આ જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓનો વિકાસ થવા છતાં બિન આદિવાસી કરતા અનુસૂચિત જનજાતિના લોકોમાં અક્ષરજ્ઞાનનો વિકાસ ઓછો થયો છે. આમ છતાં સુરત જિલ્લાની પરિસ્થિતિ સારી હોવાથી અને પ્રાથમિક ગણી અન્ય જિલ્લામાં કેટલા નવી ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવી જોઈએ તેની માહિતી તારવી છે. જે કોઠા ૭.૭ માં આપી છે.

કોઠો : ૭.૭

નવી કેટલી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની જરૂર છે તેની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લાનું નામ | વિસ્તારને આધારે નવી કેટલી ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવી જોઈએ | અનુસૂચિત જનજાતિની વસ્તીને આધારે નવી કેટલી ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવી જોઈએ. | ૩૦-૯-૮૩ના રોજ ધો.૮થી૧૨ શાળાના આધારે નવી કેટલી ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવી જોઈએ. | પ્રાથમિક આશ્રમશાળામાં દર વર્ષે ધો.૭માં પાસ થયેલ વિદ્યાર્થીઓના ૪૦ ટકા વિદ્યાર્થીને ધોરણ ૮માં ઉ.બુ. આશ્રમશાળામાં પ્રવેશ મળી રહે તે માટે નવી કેટલી ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવી જોઈએ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ડાંગ | ૩ | ૧ | - | ૧ |
| ૨ | વલસાડ | ૫ | ૧૧ | ૧૦ | ૧ |
| ૩ | સુરત | - | - | - | - |

ચાલુ..

(ઉમેરો)

કોઠો : ૭.૭.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૪ | ભરૂચ | ૧૮ | ૭ | ૧૦ | ૨ |
| ૫ | પંચમહાલ | ૧૭ | ૧૩ | ૨૭ | ૩ |
| ૬ | વડોદરા | ૧૬ | ૯ | ૨૫ | ૨ |
| ૭ | બનાસકાંઠા | ૩૦ | ૧ | ૧૨ | ૨ |
| ૮ | સાબરકાંઠા | ૧૪ | ૧ | ૨૬ | ૨ |
| ૯ | અમદાવાદ | ૨૨ | - | ૪૮ | ૧ |

નોંધ: ૧ : અહીં દર્શાવેલ દરેક પાસા જેટલી યા તેનાથી વધુ ઉ.બુ. આશ્રમશાળા સુરતમાં છે આથી સુરતમાં નવી ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવાની ભલામણ કરી નથી.

૨ : ક્રમ ૩, ૪, ૫ માં સુરતની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી છે.

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે સઘન આદિવાસી વિસ્તારવાળા ૮ જિલ્લાઓમાં જુદા જુદા ચાર માપદંડથી તપાસતા ખ્યાલ આવે છે કે પંચમહાલ જિલ્લામાં ત્રણ માપદંડોમાં અનુસૂચિત જનજાતિની વસ્તી, શાળાની દ્રષ્ટિએ અને પ્રાથમિક આશ્રમશાળાની દ્રષ્ટિએ આ જિલ્લામાં વધુમાં વધુ ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવાની જરૂર છે. જ્યારે વિસ્તારની દ્રષ્ટિએ બનાસકાંઠામાં સૌથી વધુ ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવાની જરૂર છે.

વર્તમાન સમયમાં નવી ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવા પ્રાથમિક વિભાગની આશ્રમશાળા અને વસ્તીનો માપદંડ ખ્યાલમાં રાખવો જોઈએ, કારણકે જેમ તેમ વધુ વસ્તીને આ યોજનાનો લાભ મળે તેવી સવલત ઊભી કરવાથી અનુસૂચિત જનજાતિના લોકોમાં જાગૃતિ આવશે પરિણામે તેમનામાં અક્ષરજ્ઞાનનો વિકાસ થશે.સાથોસાથ તેમની સામાજિક આર્થિક પરિસ્થિતિ પણ સુધરશે, જ્યારે પ્રાથમિક વિભાગની આશ્રમશાળાની માપદંડ અગત્યનો ગણવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે ઉ.બુ. આશ્રમશાળામાં પ્રાથમિક વિભાગની આશ્રમશાળાના વિદ્યાર્થીઓને વધુ પ્રવેશ મળે તો તેમનામાં જે નાની ઉંમરથી આશ્રમ કેળવણી દ્વારા શ્રમ, સ્વાવલંબન, સમૂહજીવન દ્વારા જે ઘડતર થયું હોય તેનો ઉ.બુ. આશ્રમશાળાની કેળવણીથી વિકાસ થશે. આમ થવાથી અનુસૂચિત જનજાતિના સમૂહોમાં શ્રમ પ્રધાન વિચારસરણીનું જૂથ તૈયાર થશે આ જૂથને બૃહદ સમાજના લોકો આદર્શ તરીકે સ્વીકારશે અને તેમના જીવન પ્રમાણે જીવવા પ્રયાસ કરશે. આમ થવાથી સામાજિક વિકાસની ગતિ ઝડપી બનશે.

આ કારણોને લઈને આછો માપદંડને અગત્યના ગણી જે તે જિલ્લામાં નવી ઉ.બુ. આશ્રમશાળા તાત્કાલિક શરૂ કરવી જોઈએ તેમ લાગે છે.

## પ્રકરણ - ૮

- તારણો
- સૂચનો
- ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના અભ્યાસ સમયે પૂછેલા પ્રશ્નો અંગે

## પ્રકરણ - ૮

## તારણો અને સૂચનો

### તારણો :

(૧) ગુજરાતના દરેક જિલ્લામાં ઉ.બુ. આશ્રમશાળાનો પ્રમાણસર વિકાસ થયો નથી, વિસ્તાર, વસ્તી અને શાળા સંખ્યાની દ્રષ્ટિએ અસમાનતા વધુ જોવા મળે છે.

(૨) એવું જોવામાં આવ્યું છે કે ગુજરાતમાં જે ઉ.બુ.આશ્રમશાળાઓ દર વર્ષે ખોલવામાં આવે છે તેના ૨૫ થી ૫૦ ટકા સુરત જિલ્લામાં શરૂ થાય છે. આ એકજ જિલ્લો જ્યાંથી ૧ અથવા ૨ માંથી ૧ આશ્રમશાળા દર વર્ષે લઇ જાય છે.

(૩) એવું દેખાયું છે કે જે ગામોમાં ભૌતિક સવલત વધુ હોય તેવા ગામોમાં જ ઉ.બુ. આશ્રમશાળા શરૂ થઇ છે.

(૪) આથી ગામમાં કે તેની નજીકના વિસ્તારમાં અભ્યાસની સવલત હોય તો વિદ્યાર્થીઓ આશ્રમશાળા કે છાત્રાલયમાં ભણવા માટે ઓછા તૈયાર થાય છે.

(૫) અભ્યાસની ૫૩.૩૩ ટકા ઉ.બુ.આશ્રમશાળાના ૧૦ કિ.મી. ભૌગોલિક વિસ્તારમાં પ્રાથમિક વિભાગની આશ્રમશાળા છે.

(૬) આદિવાસી વિસ્તારોમાં અમુક કેન્દ્રિત વિસ્તારોમાં જ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવામાં આવે છે.

(૭) ઉ.બુ.આશ્રમશાળાનો સમાજ સાથે સંપર્ક ઓછો જણાય છે.

(૮) ગુજરાતની કેટલીક વર્તમાન ઉ.બુ.આશ્રમશાળાના શૈક્ષણિક, ભૌતિક અને માનવીય વાતાવરણમાં બુનિયાદી કેળવણીના સિદ્ધાંતોનો અમલ ઓછો થતો જણાય છે.

(૯) આદિમજૂથ અને અન્ય આદિવાસી જાતિઓ કે જે પછાત છે તે જાતિઓના વિદ્યાર્થીઓ બીજી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ કરતાં ઉ.બુ. આશ્રમશાળામાં ઓછા પ્રમાણમાં અભ્યાસ કરે છે. વળી કુમારો કરતાં કન્યાઓમાં આવું વધુ પ્રમાણમાં બને છે.

(૧૦) અનુસૂચિત જનજાતિના વિસ્તારોમાં એકજ સંચાલક મંડળ પાસે અનેક શૈક્ષણિક સંસ્થાઓ હોય છે. આ સંસ્થાઓ સાથે છાત્રાલયો સંકળાયેલાં હોય છે. આથી જે તે ધોરણનાં એક વર્ગમાં નિયત સંખ્યાના વિદ્યાર્થી રાખી અન્ય વિદ્યાર્થીઓને પોતાની અન્ય શૈક્ષણિક સંસ્થામાં મોકલે છે. આથી પણ ઉ.બુ. આશ્રમશાળામાં ઓછા વિદ્યાર્થીઓ હોય છે.

(૧૧) ઉ.બુ.આશ્રમશાળામાં દાખલ થતા વિદ્યાર્થીઓમાં ગરીબ અને સમૃધ્ધ કુટુંબના વિદ્યાર્થીઓનું પ્રમાણ સરખું હતું. ગરીબ કુટુંબની કન્યાઓ અને પૈસાદાર કુટુંબના કુમારો ઉ.બુ. આશ્રમશાળામાં ઓછા પ્રમાણમાં દાખલ થતા હતા.

(૧૨) ઉ.બુ. આશ્રમશાળામાં ભણી ગયેલાં વ્યક્તિઓમાં વ્યાવસાયિક વિભિન્નતા જોવા મળે છે. આ વિદ્યાર્થીઓ અનેક વ્યવસાયોમાં કામ કરતા દેખાયા છે.

(૧૩) સાથોસાથ ઉ.બુ. આશ્રમશાળામાં ભણનાર વ્યક્તિઓનો મહ્દઅંશે આર્થિક ઉત્કર્ષ પણ થયો છે.

(૧૪) ઉ.બુ. આશ્રમશાળામાં ભણેલ કન્યાઓ બીજા અભ્યાસો કરતા શિક્ષકના વ્યવસાયને લગતો ઉચ્ચઅભ્યાસ વધુ પ્રમાણમાં કરે છે.

(૧૫) જિલ્લા પંચાયતની શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધેલ વિદ્યાર્થીઓ ધોરણ ૮નો અભ્યાસ કરવા ઉ.બુ.આશ્રમશાળામાં વધુ પ્રમાણમાં દાખલ થાય છે.

(૧૬) પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાં અભ્યાસ કરનાર કન્યાઓ માધ્યમિક શિક્ષણ લેવા ઉ.બુ.આશ્રમશાળામાં ઓછા પ્રમાણમાં દાખલ થાય છે.

(૧૭) અભ્યાસ હેઠળના કુટુંબોમાં અભ્યાસ કરવા જનાર સભ્યોમાં સરેરાશ કુમાર-કન્યાના પ્રમાણમાં બહુ મોટો તફાવત નથી.

(૧૮) માધ્યમિક શિક્ષણની સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કરતાં ઉ.બુ.આશ્રમશાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં સ્થગિતતા અને બગાડનું પ્રમાણ ઓછું જણાયું હતું.

(૧૯) ઉ.બુ.આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ધોરણ આઠ, નવ અને દસમાં બગાડનું પ્રમાણ સરખું છે, જયારે સ્થગિતતાનું પ્રમાણ આઠ અને નવ કરતાં ધોરણ દસમાં વધુ છે.

(૨૦) ઉ.બુ. આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં હાજરીની ઘટનું પ્રમાણ નહિવત્ હોય છે. કુમાર અને કન્યાઓ બંનેમાં હાજરીની ઘટ નહિવત્ હોય છે.

(૨૧) ઉ.બુ. આશ્રમશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ નાપાસ થવાથી અભ્યાસ છોડી દે છે. આમ કરનાર કુમાર કરતાં કન્યાઓનું પ્રમાણ ઓછું છે.

(૨૨) ઉ.બુ.આશ્રમશાળામાં દાખલ થનાર વિદ્યાર્થીઓ જે તે વર્ષમાં જ આશ્રમશાળા છોડી જતા નથી.

(૨૩) વર્તમાન સમયમાં અનુસૂચિત જનજાતિની કન્યાઓના શિક્ષણનો વ્યાપ વધ્યો નથીપણ જે કન્યાઓ શિક્ષણ લેવા લાગી છે. તેઓ માધ્યમિક શિક્ષણનો પૂરું કરે જ છે.

(૨૪) પરંતુ આશ્રમશાળામાં કન્યાઓની સંખ્યા ઘણી ઓછી હોય છે. આ ઉપરથી ફલિત થાય છે કે કન્યા શિક્ષણના વિકાસમાં ઉ.બુ.આશ્રમશાળાઓએ અપેક્ષિત સિધ્ધિ હાંસલ કરી નથી.

(૨૫) કાંઇક અંશે એવું દેખાયું છે કે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં શારિરીકશ્રમ ઓછો કરવાની વૃત્તિ વધતી જાય છે. આથી ઉ.બુ. આશ્રમશાળામાં વિદ્યાર્થીઓનો ઘસારો ઓછો રહે છે.

(૨૬) અને એ અસરને લઇને ઉ.બુ. આશ્રમશાળાઓમાં ઉપલા ધોરણમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય છે.

(૨૭) ઉ.બુ.આશ્રમશાળામાં અભ્યાસ કરનાર કન્યાઓ લગ્ન થવાથી પોતાનો અભ્યાસ છોડી દે છે. આ કારણને લઇને અભ્યાસ છોડનાર કન્યાઓ વધુ હતી.

(૨૮) અભ્યાસ હેઠળનાં કુટુંબોની ૬ વર્ષથી નાની ઉંમરની કન્યાઓ બાલવાડી, આંગણવાડીમાં જવા લાગી છે. આથી હવે પછીના વર્ષોમાં અનુસૂચિત જનજાતિઓની કન્યાઓમાં શિક્ષણનું પ્રમાણ વધશે તેમ કહી શકાય.

(૨૯) અભ્યાસના ઉત્તરદાતાઓને નઇ તાલીમ અને ઉ.બુ.ના શિક્ષણ વિશેની જાણકારી ઓછી છે.

(૩૦) અભ્યાસ હેઠળનાં કુટુંબોના જે સભ્યોએ અભ્યાસ છોડયો છે તેમાં પ્રાથમિક કક્ષા સુધી ભણીને અભ્યાસ છોડનાર સભ્યો વધુ હતા.

(૩૧) અભ્યાસ હેઠળનાં કુટુંબોના જે સભ્યો ધોરણ ૮ થી ૧૦ માં ભણતા હતા તેઓમાં છાત્રાલય કે ઉ.બુ.આશ્રમશાળામાં રહીને અભ્યાસ કરનાર સભ્યો વધુ પ્રમાણમાં હતા.

આમ છતાં અભ્યાસ હેઠળનાં કુટુંબોના ભણનાર કુલ સભ્યોના ૨૪ ટકા સભ્યો જ છાત્રાલય કે આશ્રમશાળામાં રહીને ભણતા હતા.

(૩૨) ઓછી આવકવાળા કુટુંબના સભ્યોમાં માધ્યમિક શિક્ષણનો વ્યાપ વધારવામાં ઉ.બુ.આશ્રમશાળાઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

(૩૩) અભ્યાસ હેઠળનાં કુટુંબોમાં સરેરાશ ૭ સભ્યો હતા, તેમાં ૩ સભ્યો અભણ, ૨ સભ્યોએ અભ્યાસ છોડી દીધેલ અને ૨ સભ્યો ભણવા જતા હતા.

(૩૪) અભ્યાસ હેઠળનાં કુટુંબોમાં શિક્ષણ યોગ્ય ઉંમરના ( ૭થી ૨૪ વર્ષના ) ૫૯.૬૬ ટકા સભ્યો ભણવા જતા હતા.

(૩૫) ઉત્તરદાતા વાલીઓ પોતાનાં બાળકો ઉ.બુ.પ્રકારની શાળામાં કે માધ્યમિક શાળામાં ભણે તે નક્કી કહી શકતા નથી.

(૩૬) આમ છતાં અમુક વાલીઓ ચોક્કસ પણે માને છે કે આશ્રમ શાળા યા છાત્રાલયમાં રહીને બાળક અભ્યાસ કરે તો બાળકનો સર્વાંગી વિકાસ થાય છે.

(૩૭) નવી શરૂ થતી ઉ.બુ.આશ્રમશાળા પાસે નિયમ પ્રમાણેની જમીન હોતી નથી.

(૩૮) જે ઉ.બુ.આશ્રમશાળા પાસે ખેતીની જમીન છે ત્યાં ઉપજ કરતાં ખેતીનું ખર્ચ વધુ થાય છે.

(૩૯) ઉ.બુ.આશ્રમશાળાઓમાં મુકકર સંખ્યા કરતાં ઓછા વિદ્યાર્થીઓ હોય છે. તેમાં પણ કન્યાઓની સંખ્યા ઘણી ઓછી હોય છે. અભ્યાસની ૬૨.૨૨ ટકા ઉ.બુ.આશ્રમશાળામાં મુકકર સંખ્યા કરતાં ઓછા વિદ્યાર્થીઓ હતા.

(૪૦) મિશ્ર પ્રકારની ઉ.બુ. આશ્રમશાળામાં મુકકર સંખ્યાના પ્રમાણમાં વિદ્યાર્થીઓની ઘટ ઓછા પ્રમાણમાં હતી.

(૪૧) ઉ.બુ. આશ્રમશાળામાં ભૌતિક સુવિધા ઓછી અને ભોજન પણ પૌષ્ટિક જણાતું નથી, આમ હોવાથી ઉ.બુ.આશ્રમશાળામાં વિદ્યાર્થીઓ રહેવાની અને ભોજનની મુશ્કેલી અનુભવે છે. આથી તેઓને જે શારીરિક શ્રમ કરવો પડે છે. જે ઉ.બુ.શાળાઓના પાઠયક્રમનું એક મહત્ત્વનું અંગ છે. તેને મુશ્કેલીરૂપ ગણે છે.

(૪૨) કર્મચારીની નિમણુંક અંગેના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૯ એપ્રિલ ૧૯૮૨ના ક્રમાંક પવછ/૧૫૮/મ-૯૫/ હ.સેલના ઠરાવનું પાલન ઓછું થાય છે. ( આમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે જે તે જાતિની ઉ.બુ.આશ્રમશાળા હોય તે જાતિના કર્મચારીઓ જ લેવા જોઈએ )

(૪૩) ઉ.બુ.આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓ અંગ્રેજી અને વિજ્ઞાનના વિષયો ખૂબજ ઓછા પ્રમાણમાં રાખે છે. તેમાં પણ કન્યાઓનો આ વિષય છે કે નજીવા પ્રમાણમાં રાખે છે. જે વિદ્યાર્થીઓ આ વિષય રાખે છે તેમાંથી વિજ્ઞાન વિષયમાં ૭૭ ટકાથી વધુ અને ગણિતના વિષયમાં ૫૫ ટકાથી વધુ વિદ્યાર્થીઓ પાસ થાય છે.

(૪૪) ઉ.બુ. આશ્રમશાળામાં એસ.એસ.સી.માં શિખવાતા

વિષયોમાં કૃષિ અને ગૃહવિજ્ઞાનનું પરિણામ ૯૪ ટકાથી વધુ અને ગુજરાતી, માનવજીવન વિજ્ઞાન, સમાજનવનિર્માણના વિષયોનું ૭૦ ટકાથી વધુ અને હિંદી, ગણિત વિષયનું ૫૦ ટકા પરિણામ આવે છે.

(૪૫) એકંદરે પ્રાથમિક વિભાગની આશ્રમશાળામાં અભ્યાસ કરી માધ્યમિક શિક્ષણ લેવા ઉ.બુ. આશ્રમશાળામાં દાખલ થયેલ કુમારોનું ધોરણ દસનું પરિણામ સારું આવે છે.

(૪૬) ઉ.બુ. આશ્રમશાળામાં ભણતા કુમાર / કન્યાઓમાં ધોરણ આઠ, નવમાં કુમાર કરતાં કન્યાઓ અને ધોરણ દસમાં કન્યા કરતાં કુમાર વધુ પ્રમાણમાં પાસ થાય છે.

(૪૭) ઉ.બુ. આશ્રમશાળામાં ભણી ધોરણ ૧૦પાસ થનાર વિદ્યાર્થી શિક્ષણની જુદી જુદી શાળાઓમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે જાય છે.

(૪૮) ઉ.બુ.આશ્રમશાળામાં ભણેલ વ્યક્તિઓ વિજ્ઞાન અને ટેકનીકલ વિષયોમાં અને ઉચ્ચ વ્યવસાયને લગતું શિક્ષણ ઓછા પ્રમાણમાં લે છે. આવુ કન્યા કરતાં કુમારમાં ઓછા પ્રમાણમાં બને છે.

**સૂચનો :**

**અ - સરકારને લગતા :**

**૧. નવી ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવા સંબંધે :**

૧.૧ બિનઆદિવાસી જિલ્લાઓમાં પણ આદિવાસીની વસતિ છે તેવા જિલ્લાઓમાં પણ નવી ઉ.બુ. આશ્રમશાળાઓ શરૂ કરવી જોઈએ.

૧.૨ નવી ઉ.બુ. આશ્રમશાળા જે તે શૈક્ષણિક વર્ષની શરૂઆતથી જ ચાલુ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૧.૩ ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવાની મંજૂરી સરકારશ્રી આપે છે. પણ આમ કરવા પૂર્વે સમયે માધ્યમિક શિક્ષણ બોર્ડનો અભિપ્રાય પણ લેવો જોઈએ.

૧.૪ નવી શરૂ થતી ઉ.બુ. આશ્રમશાળાના સંચાલક મંડળમાં ઓછામાં ઓછા ૭૦ ટકા સભ્યો અનુસૂચિત જનજાતિના હોવા જોઈએ અને કુલ સભ્યના ૫૦ ટકા સભ્યો જે સ્થળે ઉ.બુ.આશ્રમશાળા શરૂ કરવાની હોય તે વિસ્તારના હોવા જોઈએ, આમ થશે તો ઉ.બુ. આશ્રમશાળામાં વિદ્યાર્થીઓ મેળવવાની મુશ્કેલી ઓછી પડશે તેમ લાગે છે. આથી ઉ.બુ.આશ્રમશાળાનો રોજબરોજનો વહીવટ પણ સારો ચાલશે.

૧.૫ નવી શરૂ થતી આશ્રમશાળાના દશ કિ.મી. વિસ્તારમાં પ્રાથમિક વિભાગની આશ્રમશાળા હોવી જોઈએ.

૧.૬ નવી શરૂ થતી ઉ.બુ. આશ્રમશાળાની માંગણી કરનાર સંચાલક મંડળ પાસે પ્રાથમિક વિભાગની કેટલી

આશ્રમશાળા, કેટલા છાત્રાલય અને કેટલી ઉ.બુ.આશ્રમશાળા છે તે જાણી, આ શૈક્ષણિક સંસ્થાઓની માન્ય સંખ્યાના પ્રમાણમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને દાખલ કર્યા છે તે પણ જોવું જોઈએ જો છેલ્લા ત્રણ વર્ષમાં માન્ય સંખ્યાના ૭૫ ટકા કરતાં ઓછા વિદ્યાર્થીઓને દાખલ કર્યા હોય તો નવી ઉ.બુ.આશ્રમશાળાની મંજૂરી આપવી જોઈએ નહીં.

૧.૭ જે સંચાલક મંડળ પાસે ઓછામાં ઓછી બે પ્રાથમિક વિભાગની આશ્રમશાળા હોય તેવા જ મંડળને નવી ઉ.બુ. આશ્રમશાળા ફાળવવી જોઈએ.

૧.૮ જ્યાં ભિન્ન પ્રકારની ઉ.બુ. આશ્રમશાળા હોય અને ત્યાં કન્યાઓની પૂરતી સંખ્યા ન મળતી હોય તો તેવા વિસ્તારમાં કન્યાઓ માટેના નવાં છાત્રાલયની મંજૂરી આપવી જોઈએ નહીં. આવું ખાસ કરીને એકજ સંચાલક મંડળની શૈક્ષણિક સંસ્થા હોય ત્યાં આ નિયમનું પાલન થાય તેવો પ્રયાસ કરવો જોઈએ.

૧.૯ ઉ.બુ. આશ્રમશાળા ચલાવવાના નિયમોની જાણકારી, સંચાલક મંડળ પાસે, ઉ.બુ. આશ્રમશાળાના શિક્ષકોને આ કાર્યમાં પડેલા સરકારી અધિકારીઓ પાસે પણ નથી. ઉ.બુ. આશ્રમશાળા સારી રીતે ચલાવવા માટે આ અંગેના નિયમોની વિસ્તૃત માહિતી દરેકને મળે તે માટેની વ્યવસ્થા કરવી જોઈએ.

૧.૧૦ જે ઉ.બુ. આશ્રમશાળાઓ જે તે નિયમોનું પાલન ન કરતી હોય જેમકે તેનો તબક્કાવાર વિકાસ, વિદ્યાર્થીઓની માન્ય સંખ્યા અને હાજરી સંખ્યા વચ્ચે બહુ તફાવત રહે તો હોય, નાણાંકીય હિસાબ યોગ્ય રીતે ન રખાતા હોય

તેવી ઉ.બુ.આશ્રમશાળાના સંચાલક મંડળની માન્યતા પાછી ખેંચવાની કાર્યવાહી માટેના ચોક્કસ નિયમો કરવા જોઈએ અને આ નિયમોના અમલ માટે તંત્ર પણ ગોઠવવું જોઈએ.

૧.૧૧ એક સંચાલક મંડળને વધુમાં વધુ ત્રણ પ્રાથમિક વિભાગની આશ્રમશાળા અને બે ઉ.બુ. આશ્રમશાળાની જ મંજૂરી આપવી જોઈએ.

૨. <u>નવી ઉ.બુ.આશ્રમશાળા ક્યાં શરૂ કરવી :</u>

૨.૧ ઊંડાણના વિસ્તારોમાં અને શિક્ષણમાં જે વિસ્તાર પછાત હોય ત્યાં નવી ઉ.બુ. આશ્રમશાળાઓ શરૂ કરવી જોઈએ.

૨.૨ આમ કરીને સઘન આદિવાસી વિસ્તારવાળા આઠ જિલ્લાઓમાં વિસ્તાર, વસ્તી, માધ્યમિકશાળા અને પ્રાથમિક આશ્રમશાળાના માપદંડથી તપાસતાં ખ્યાલ આવે છે કે પંચમહાલ, બનાસકાંઠામાં નવી ઉ.બુ.આશ્રમશાળાઓ શરૂ કરવી જોઈએ.

૩. <u>ઉ.બુ.આશ્રમશાળાના મકાન બાબત :</u>

૩.૧ ઉ.બુ.આશ્રમશાળાના મકાન અંગે સંચાલક મંડળોએ જે નકશા અને અંદાજપત્રો રજૂ કર્યાં હોય તેને કાર્યપાલક ઇજનેરશ્રી તરફથી તુરત મંજૂરી મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

૪. <u>ઉ.બુ.આશ્રમશાળાના કર્મચારીઓ સંબંધમાં :</u>

૪.૧ શિક્ષક અને અન્ય કર્મચારીની નિમણૂક સમયે સમાજ

કલ્યાણ અને આદિમજાતિ વિકાસ વિભાગના તા.૯ એપ્રિલ ૧૯૮૨ના ઠરાવ નંબર પવક/૧૫૮/ મ-૯૫નું ચુસ્તપણે પાલન થવું જોઈએ.

૪.૨ ઉ.બુ.આશ્રમશાળા ધોરણ ૮ થી ૧૦ની શાળા છે. આથી આ સંસ્થામાં કામ કરતા શિક્ષક અને અન્ય કર્મચારીને ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ અને તે હેઠળ અમલ કરવાના અન્ય નિયમો અને માધ્યમિક શિક્ષણ માટે જે કોઈ અનુદાન ( ગ્રાંટ ) કે બીજા નીતિનિયમો અમલમાં આવે તે સર્વે નિયમો ઉ.બુ.આશ્રમશાળાઓને આપોઆપ લાગુ પડે તેવી જોગવાઈ કરવી જોઈએ. આમ થશે તો કર્મચારીઓ વધુ સ્થિરતાથી અને ખંતથી કામ કરશે.

૪.૩ ઉ.બુ. આશ્રમશાળામાં શિક્ષક કે કર્મચારીની નિમણૂંક સમયે અને છૂટા કરવાના સમયે આ અંગેની જાણકારી આશ્રમશાળા અધિકારીને કરવી જોઈએ.

૪.૪ ઉ.બુ.આશ્રમશાળામાં ઓછામાં ઓછી બે xxxx શિક્ષિકા હોવી જોઈએ, જૂની ઉ.બુ. આશ્રમશાળામાં નવી ભરતી સમયે શિક્ષિકાઓની ભરતી થાય તેવા પ્રયાસ કરવા જોઈએ.

૪.૫ ઉ.બુ.આશ્રમશાળામાં કામ કરતા શિક્ષકો અને અન્ય કર્મચારીઓ વધુ સ્થિરતાથી કામ કરી શકે તે માટે તેમનાં સંતાનો જ્યાં ઈચ્છે ત્યાં અથવા તો જિલ્લા કક્ષાની શૈક્ષણિક સંસ્થાઓમાં રહી અભ્યાસ કરી શકે તે માટે છાત્રાલયમાં અને નિવાસી શાળામાં પ્રવેશ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. આવા કર્મચારીઓની વાર્ષિક આવક વધુ થતી હોય તો પણ અપવાદ ગણી છાત્રાલય

ક

કે નિવાસી શાળામાં તેને પ્રવેશ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

૪.૬ ઉ.બુ.આશ્રમશાળામાં એક ચોકીદારની જગ્યા ઊભી કરવાની પણ જરૂર છે.

૪.૭ ઉ.બુ.આશ્રમશાળાઓમાં એક ગૃહમાતા અને ગૃહપતિની જગ્યા ઊભી કરવી જોઈએ જેની શૈક્ષણિક લાયકાત અને પગાર ધોરણ છાત્રાલયના ગૃહપતિ / ગૃહમાતા માટે જે અમલમાં હોય તે મૂકવા જોઈએ.

૫. <u>ઉ.બુ. આશ્રમશાળાને અપાતા અનુદાન સંબંધી :</u>

૫.૧ ભોજન ગ્રાંટ વધારવા સંબંધી વિચારણા પ્રતિ વર્ષે કરવી જોઈએ.

૫.૨ ઉ.બુ. આશ્રમશાળાને જમીન ખરીદવામાં હાલ જે સહાય મળે છે તેના કરતાં વધુ રકમ ફાળવવી જોઈએ.સાથોસાથ જે ઉ.બુ. આશ્રમશાળાને જમીન ખરીદવા, મકાન બાંધકામ કરવા અને વિસ્તારવા માટે વધુ નાણાંકીય જરૂરિયાત રહે તો નાના હપ્તાની અને લાંબાગાળાની ઓછા વ્યાજની લોન મળી રહે તે માટેનું માળખું ગોઠવવાની જરૂર લાગે છે.

૫.૩ એક સંચાલક મંડળ દ્વારા વધુ શૈક્ષણિક સંસ્થાઓ ચાલતી હોય તેવા કિસ્સા છે. જેમાં ગ્રાન્ટ સંસ્થાની મુખ્ય કચેરીમાં અપાય છે. પરંતુ અવલોકન અને ચર્ચા દ્વારા એવું લાગ્યું કે દરેક સંસ્થાવાર જ ગ્રાન્ટ આપવી જોઈએ અને તેને સંચાલન મંડળની બીજા શૈક્ષણિક સંસ્થાઓની ગ્રાન્ટ સાથે ભળી જતી અટકાવવી જોઈએ.

૫.૪ ખેતીમાંથી જે પાકે છે તે વસ્તુ મંડળ લઇ લે છે. ઘણા મંડળો જે તે વસ્તુ વિદ્યાર્થીઓને ભોજનમાં યા નાસ્તામાં આપે છે. પણ તેનો ખર્ચ ભોજન બિલમાંથી વેપારી ભાવે વસુલ લે છે. આથી ખેતીના કામનું વળતર વિદ્યાર્થીઓને મળતું નથી. પરંતુ આ વળતર વિદ્યાર્થીઓને જ મળે તેમ થવું જોઇએ.

૫.૫ જમીનનું પ્રમાણ અને પિયતના સાધનોની ચકાસણી કરી જમીનના માપદંડ ઓછામાં ઓછું કેટલું ઉત્પાદન થવું જોઇએ તે નક્કી કરી તે પ્રમાણે જે તે આશ્રમશાળામાં ઉત્પાદન થાય છે કે નહીં તે જોવું જોઇએ.

## ૬. <u>ઉ.બુ.આશ્રમશાળાના નિરીક્ષણ અને વહીવટ અંગે :</u>

૬.૧ ઉ.બુ. આશ્રમશાળાનું આશ્રમશાળા અધિકારી તરફથી પ્રતિવર્ષે નિરીક્ષણ થવું જોઇએ.

૬.૨ પ્રાથમિક વિભાગની અને ઉ.બુ.આશ્રમશાળાની સંખ્યા વધતાં આશ્રમશાળા અધિકારી કચેરીનો સ્ટાફ વધારવાની ખાસ જરૂર છે. આ માટે શ્રી ભગવતભાઇ દવે કમિટિએ સૂચવેલ ભલામણોનો અમલ તુરત થાય તેવું કરવું જોઇએ.

૬.૩ આશ્રમશાળાના હિસાબના ચોપડા, કોઠારપત્રક, હાજરીપત્રક ઉપર આશ્રમશાળા અધિકારીની કચેરીનો સિક્કો અને સહી હોવી જોઇએ જેથી આ ચોપડામાં ગેરરીતી ઓછી થાય.

૬.૪ ઉ.બુ.આશ્રમશાળામાં શૈક્ષણિક અને પ્રાયોગિક વિષયોની વિસ્તૃત માહિતી માટે ટી.વી. આપવા જોઇએ.

૬.૫ માધ્યમિક શાળામાં ધોરણ આઠમાં એકવાર નાપાસ થયેલા વિદ્યાર્થીઓને ઉ.બુ.આશ્રમશાળામાં ( ધોરણ આઠમાં) પ્રવેશ આપવો જોઈએ નહીં.

૬.૬ ઉ.બુ. આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓ એક ધોરણમાં બે વાર નાપાસ થાય તો ત્રીજા વર્ષે તેને ઉ.બુ. આશ્રમશાળામાં ( છાત્રાલયમાં ) રાખવા ન જોઈએ.

૬.૭ દરેક જિલ્લાની પ્રાથમિક વિભાગની આશ્રમશાળાના સાતમાં ધોરણમાં પાસ થનાર વિદ્યાર્થીઓના ૪૦ ટકા વિદ્યાર્થીઓને ઉ.બુ. આશ્રમશાળામાં પ્રવેશ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

૭. <u>ઉ.બુ. આશ્રમશાળાની કેળવણી અને ભોજન અને તાલીમ સંબંધમાં :</u>

૭.૧ ઉ.બુ.આશ્રમશાળાના રસોયાઓને સારું અને પૌષ્ટિક ભોજન બનાવવા અંગેની તાલીમ આપવી જોઈએ. આ અંગેના વર્ગો ગુજરાત વિદ્યાપીઠના પ્રૌઢશિક્ષણ વિભાગ દ્વારા અવારનવાર થાય છે. આવા વર્ગોમાં રસોયાઓને મોકલવા જોઈએ. અને જિલ્લા કક્ષાએ આવા તાલીમ વર્ગની સંખ્યા વધારવી જોઈએ.

૭.૨ શિક્ષકોનો ઉત્તર બુનિયાદી કેળવણીમાં વિશ્વાસ વધે અને છાત્રાલય જીવન વધુ સારું કેમ ગોઠવી શકાય તે માટે તેમને પણ તાલીમ આપવાની જરૂર લાગે છે.

<u>બ :</u> <u>સંચાલકો :</u>

<u>૧.</u> <u>મકાન, જમીન અને રહેઠાણ અંગે :</u>

૧.૧ રાજ્યના ઉંડાણના આદિવાસી વિસ્તારમાં નવી ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવી જોઈએ.

૧.૨ ઉ.બુ.આશ્રમશાળાના મકાનો અંગ્રેજી અક્ષર ઇ., સી કે આઇ આકારના હોય તે ઇચ્છનીય છે.

૧.૩ ઉ.બુ.આશ્રમશાળા શરૂ કર્યા બાદ ત્રણ વર્ષમાં આશ્રમશાળાએ પોતાનું મકાન બનાવી લેવું જોઇએ. જૂની ઉ.બુ. આશ્રમશાળામાં સંડાસ, બાથરૂમ, નાવણિયાની પૂરતી સવલત મળી રહે તે જોવું જોઇએ.

૧.૪ ઉ.બુ. આશ્રમશાળાના મકાનને ફરતી દિવાલ યા તારની વાડ હોય તો સારું ખાસ કરીને કન્યાઓ જ્યાં રહેતી હોય તેવા મકાન ફરતે આ વ્યવસ્થાની ખાસ જરૂર છે.

૧.૫ ઉ.બુ.આશ્રમશાળાના વિદ્યાર્થીઓ જે રૂમમાં રહેતા હોય છે તે રૂમમાં હવા, પ્રકાશની પૂરતી વ્યવસ્થા હોતી નથી. તેવું લાગ્યું. આ પરિસ્થિતિ સુધરે તેવા પ્રયાસ કરવા જોઇએ.

૧.૬ ઉ.બુ.આશ્રમશાળાના વિદ્યાર્થીઓનો સામાન વ્યવસ્થિત રહે તે માટે રહેઠાણના રૂમોમાં કબાટની વ્યવસ્થા હોવી જોઇએ.

૨. <u>ઉ.બુ.આશ્રમશાળામાં પ્રવેશ સંબંધે :</u>

( વિદ્યાર્થીઓ અને શિક્ષકો )

૨.૧ ઘણી ઉ.બુ. આશ્રમશાળામાં તાલુકા બહારના વિદ્યાર્થીઓને પ્રવેશ અપાય છે. આમ ન થવું જોઇએ જે સ્થળે ઉ.બુ. આશ્રમશાળા હોય તેના ૧૦ કિ.મી. વિસ્તારના અન્ય તાલુકાના ગામોના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય. આથી દૂરના અન્ય તાલુકાના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા ઉપર પ્રતિબંધ મૂકવો જોઇએ.

૨.૨ શિક્ષકો ઉત્તર બુનિયાદીની કેળવણીમાં વિશ્વાસ રાખે તેવાને ભરતીમાં પ્રાધાન્યતા આપવી જોઈએ જેઓ હાલ કામ કરે છે તેને આ માટે તાલીમ આપવી જોઈએ.

૩. <u>ઉ.બુ.આશ્રમશાળામાં ખાદી / અને ઉદ્યોગ સંબંધી :</u>

૩.૧ ઉ.બુ.આશ્રમશાળાના વિદ્યાર્થીઓ નિયમિત રેંટીયો કાંતે અને ખાદીનો ગણવેશ પહેરે તેવું વાતાવરણ ગોઠવવું જોઈએ. આ માટે શિક્ષકોએ પણ ખાદીના કપડાં પહેરવાં જોઈએ.

૩.૨ વિદ્યાર્થીઓને પૂરક રોજી મળે તેવા ઉદ્યોગોનું શિક્ષણ આપવું જોઈએ.

૪. <u>ઉ.બુ.આશ્રમશાળામાં કામ કરતાં શિક્ષકો સંબંધી :</u>

૪.૧ શિક્ષકો ઉ.બુ.આશ્રમશાળામાં રહે તે જરૂરી છે.

૪.૨ શિક્ષકોએ વિદ્યાર્થી સાથે ઘનિષ્ઠ સંપર્ક, સંબંધ કેળવવાં જોઈએ.

૪.૩ શિક્ષકોએ વિદ્યાર્થીઓના વાલીઓ અને આજુબાજુના ગામડાઓમાં વસતા લોકો સાથે જીવંત સંપર્ક રાખી ઉ.બુ.ની કેળવણીનો પ્રચાર અને તેનું મહત્ત્વ સમજાવવું જોઈએ અને આ માટે સપ્તાહમાં એક દિવસ ગામડાંમાં જઈ લોકસંપર્કનું કામ કરવું જોઈએ.

૪.૪ શિક્ષકોએ પોતાના ગામમાં ચાલતાં પ્રૌઢશિક્ષણ વર્ગમાં માર્ગદર્શક તરીકેની કામગીરી બજાવવી જોઈએ.

ઉ.બુ.આશ્રમશાળાના અભ્યાસ સમયે પૂછેલા પ્રશ્નો અંગે :

આદિજાતિ વિકાસ વિભાગે આ અભ્યાસ કરવાનું સૂચન કર્યું. ત્યારે અગીયાર પ્રશ્નોના સંદર્ભમાં તેમ કરવાનું જણાવ્યું હતું. દરેક પ્રશ્નની વિગતો આ અહેવાલમાં આપી છે. પૂછેલા પ્રશ્નોના જવાબો પુનરાવર્તનનો ભય હોવા છતાં, વહીવટી અનુકૂળતા અને શીઘ્ર સંદર્ભ માટે નીચે આપ્યા છે. ( અહેવાલમાં વિગતે જે તે પ્રશ્ન કયાં ચર્ચાયો છે તે પણ પ્રસ્તુત જવાબોની સાથે મૂકયું છે )

પ્ર.૧ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાથી કેટલા અંતરે અનુસૂચિત જનજાતિની આશ્રમશાળાઓ છે અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેના સ્ત્રોતો

જવાબ અભ્યાસની ૧૮ ઉ.બુ.આશ્રમશાળાના ૧૦ કિ.મી.ભૌગોલિક વિસ્તારમાં એકપણ પ્રાથમિક વિભાગની આશ્રમશાળા નથી. જ્યારે ૨૪ ઉ.બુ.આશ્રમશાળાના ૧૦ કિ.મી. ભૌગોલિક વિસ્તારમાં એક અથવા તો તેનાથી વધુ પ્રાથમિક વિભાગની આશ્રમશાળા છે, જેની વિગતે માહિતી પ્રકરણ-૪ના કોઠા ૪.૩ માં આપી છે. ઉ.બુ.આશ્રમશાળામાં ધોરણ-૮ માં પ્રાથમિક વિભાગની આશ્રમશાળાના અને જિલ્લા પંચાયતની પ્રાથમિક શાળામાંથી ધોરણ ૭ પાસ કરેલ વિદ્યાર્થીઓ દાખલ થાય છે. જેની વધુ વિગતે XX માહિતી પ્રકરણ ચારના કોઠા ૪.૪ માં આપી છે.

પ્ર.૨ ઉ.બુ. આશ્રમશાળા નિયમાનુસાર ચાલે છે કે કેમ ?

જવાબ અભ્યાસની ઉ.બુ.આશ્રમશાળાના સંચાલકો કે શિક્ષકોને ઉ.બુ. આશ્રમશાળાના નિયમોની જાણકારી ઓછી હોય

તેમ લાગે છે. કંઇક અંશે નિયમોનું પાલન ઓછું થતું હોય તેમ લાગે છે. વિસ્તૃત ચર્ચા પ્રકરણ-૩ માં કરી છે.

પ્ર.૩ ઉ.બુ.આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને અપાતા પ્રવેશનો લાભ કેટલા પ્રમાણમાં લેવાય છે.

જવાબ ઉ.બુ.આશ્રમશાળામાં માન્ય સંખ્યા કરતાં ઓછા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાય છે. આથી એમ કહી શકાય કે સંચાલક મંડળો ઉ.બુ.આશ્રમશાળાની માન્ય સંખ્યા પ્રમાણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો પ્રયાસ ઓછો કરે છે. જેની વિગતે ચર્ચા પ્રકરણ-૪ના કોઠા ૪.૫, ૪.૬ માં કરી છે.

પ્ર.૪ ઉ.બુ.આશ્રમશાળામાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ છેલ્લા વર્ષની પરીક્ષા પાસ કરે ત્યાં સુધી અભ્યાસ ચાલુ રાખે છે ખરાં ?

જવાબ ઉ.બુ.આશ્રમશાળામાં ધોરણ ૮ માં દાખલ થતા વિદ્યાર્થીઓના સરેરાશ ૮.૧૬ ટકા વિદ્યાર્થીઓ દાખલ થયાના વર્ષમાં જ ઉ.બુ.આશ્રમશાળા છોડી દે છે. જ્યારે ૪૧.૬૭ ટકા વિદ્યાર્થીઓ ધોરણ દસ પાસ કરે છે. આ અંગેની વધુ વિગતો પ્રકરણ-૬ના કોઠા ૬.૨ અને ૬.૩ માં આપી છે.

પ્ર.૫ દસમું ધોરણ પાસ કર્યા પછી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનો લાભ લેતા વિદ્યાર્થીઓનું પ્રમાણ

જવાબ ઉ.બુ.આશ્રમશાળામાંથી ધોરણ ૧૦ પાસ થનાર વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ લે છે. જેની વિગતો પ્રકરણ-૫ના કોઠા ૫.૨ અને ૫.૩ માં આપી છે.

પ્ર.૬ મહિલા શિક્ષણમાં ઉલ્લેખનીય પ્રગતિ હાંસલ થાય છે કેમ ?

જવાબ આ અભ્યાસમાં વિદ્યાર્થીઓની સંખ્યાની માહિતી ઉપરથી

લાગે છે કે મહિલા શિક્ષણનો વ્યાપ ઓછો વધ્યો છે. આમ છતાં જે કન્યાઓ દસમુ ધોરણ પાસ થાય છે તે ઉચ્ચશિક્ષણ લે છે. આ અંગેની વિગતો પ્રકરણ-૫ના કોઠા ૫.૨, ૫.૩ અને પ્રકરણ ૬ ના કોઠા ૬.૩ માં આપી છે.

પ્ર.૭ ઉ.બુ.આશ્રમશાળામાં એસ.એસ.સી. કક્ષાએ રખાતા વિષયો વિદ્યાર્થીઓને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ મેળવવા માટે તૈયાર કરી શકે છે ?

જવાબ ઉ.બુ.આશ્રમશાળામાંથી એસ.એસ.સી. પાસ થનાર વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરે છે જેની વિગતે માહિતી પ્રકરણ-૫ના કોઠા ૫.૨, ૫.૩ અને પ્રકરણ-૬ના કોઠા ૬.૫ માં આપી છે. આ ઉપરથી લાગે છે કે ઉ.બુ.આશ્રમશાળામાં ભણતા વિદ્યાર્થીઓ વાણિજ્ય અને વિનિયન શાળામાં ઉચ્ચ અભ્યાસ વધુ પ્રમાણમાં કરે છે. વિજ્ઞાનની શાળામાં ઓછા પ્રમાણમાં અભ્યાસ કરે છે.

પ્ર.૮ યોજનાનો લાભ જે તે વિસ્તારમાં ઓછી આવક જૂથના કુટુંબોને પહોંચે છે ખરો ?

જવાબ ઉ.બુ.આશ્રમશાળામાં ગરીબ અને પૈસાદાર કુટુંબના વિદ્યાર્થીઓ વધુ પ્રમાણમાં અભ્યાસ કરે છે. મધ્યમ આવકવાળા કુટુંબના વિદ્યાર્થીઓ ઓછા પ્રમાણમાં દાખલ થાય છે. જેની વધુ વિગતો પ્રકરણ-૫ ના કોઠા ૫.૧૧ માં આપી છે.

પ્ર.૯ આ યોજનાથી લાભાર્થી કુટુંબોનો આર્થિક ઉત્કર્ષ કેટલા અંશે થયો છે.

જવાબ ઉ.બુ.આશ્રમશાળામાંથી અભ્યાસ કર્યા બાદ નોકરી મેળવનાર કુટુંબોની આર્થિક પરિસ્થિતિ સુધરી છે. જે વિદ્યાર્થીઓ

અભ્યાસ અધવચ્ચેથી છોડી દીધો છે. તેઓના કુટુંબને આર્થિક લાભ ઓછો થયો છે. જેની વિગતે માહિતી પ્રકરણ-પના કોઠા પ.૧૩ માં આપી છે.

પ્ર.૧૦ આ યોજના હેઠળના લાભાર્થી કુટુંબોને ઉ.બુ.આશ્રમશાળાના હાલના શિક્ષણથી સંતોષ થયો છે ?

જવાબ અનુસૂચિત જનજાતિઓના વાલીઓને માધ્યમિક કે ઉ.બુ. ના શિક્ષણ અંગેના તફાવતની જાણકારી ઓછી હોય તેમ લાગે છે. આ અંગેના પ્રશ્નો ઉત્તરદાતાને પૂછવામાં આવેલ જેની વિગતે માહિતી પ્રકરણ-૪ના કોઠા ૪.૭, ૪.૮ માં આપી છે.

પ્ર.૧૧ વધુ કેટલી ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ મંજુર કરવાની જરૂર છે.

જવાબ આ અહેવાલના પ્રકરણ-૭માં વસ્તી, વિસ્તાર, માધ્યમિક શાળા અને પ્રાથમિક વિભાગની આશ્રમશાળાને ધ્યાનમાં રાખી જિલ્લાવાર કેટલી ઉ.બુ. આશ્રમશાળા શરૂ કરવાની જરૂર છે તેની વિગતે ચર્ચા કરી છે.

નવા અભ્યાસ અંગે :

આ સંશોધન અહેવાલ ઉપરથી ઉ.બુ.આશ્રમશાળાને લગતા નવા કયા પ્રકારના અભ્યાસો કરવાની જરૂર છે તેના મુદ્દાઓ આપ્યા છે.

(૧) અનુસૂચિત જનજાતિના વિસ્તારમાં ઉત્તર બુનિયાદીની કેળવણી લીધેલ અને માધ્યમિક શિક્ષણ લીધેલ વિદ્યાર્થીઓમાં કોનો સર્વાંગી વિકાસ વધુ થાય છે.

(૨) માધ્યમિક શિક્ષણની શાળાઓમાં અને ઉ.બુ. આશ્રમ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં અપવ્યય અને સ્થગિતતાનું તુલનાત્મક પ્રમાણ તપાસી એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓમાં કયા વિભાગનું પરિણામ સારું આવે છે.

(૩) ઉ.બુ. આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સામાજિક, આર્થિક, મનોવૈજ્ઞાનિક અભ્યાસ

(૪) ઉ.બુ. આશ્રમશાળામાં કામ કરતા કર્મચારીઓના પ્રશ્નો

(૫) ઉ.બુ.આશ્રમશાળામાં દાખલ થતા વિદ્યાર્થીઓના વાલીઓનો સામાજિક, આર્થિક, રાજકીય દરજ્જો

(૬) ઉ.બુ.આશ્રમશાળાના સંચાલક મંડળોનો અભ્યાસ,
(આમાં સંચાલક મંડળની કઈ શૈક્ષણિક સંસ્થામાં વિદ્યાર્થીઓ વધુ દાખલ થાય છે. પરિણામ કોનું સારું આવે છે અને સંચાલક મંડળોને આ શૈક્ષણિક સંસ્થાના સંચાલનમાં પડતી મુશ્કેલીઓ શી હોય છે વગેરે આવરી લેવાં)

## પરિશિષ્ટ - ૩

### મુલાકાતના મુદ્દા

(૧) ઉ.બુ.આશ્રમશાળા ચલાવવાના મુખ્ય ઉદ્દેશ્યો અને હેતુઓ કયા છે ?

(૨) ઉ.બુ.આશ્રમશાળાના સંચાલક મંડળના સભ્યોના નામ-જાતિ- અભ્યાસ અને તેનો સામાજિક રાજકીય હોદ્દો

(૩) ઉ.બુ.આશ્રમશાળાના મુખ્ય ઉદ્દેશ્યો અને હેતુઓ જળવાયા છે.

(૪) ઉ.બુ.આશ્રમશાળામાં વિદ્યાર્થીને પ્રવેશ કઇ રીતે અપાય છે. છેલ્લા શૈક્ષણિક વર્ષમાં જે તે ધોરણમાં દાખલ થવા માટે કેટલા વિદ્યાર્થીની અરજી આવી તેમાંથી કેટલા વિદ્યાર્થી લીધા. તેમાં પ્રાથમિક ધોરણની આશ્રમશાળામાં ન ભણેલા હોય તેવા કેટલા વિદ્યાર્થી- ઉ.બુ.આશ્રમશાળા જે તાલુકામાં હોય તે તાલુકા સિવાયના કેટલા વિદ્યાર્થી છે. ધોરણવાર તાલુકા બહારના વિદ્યાર્થીની સંખ્યા, જે તે ગામમાં જેને ધોરણની સવલત હોય તેવા વિદ્યાર્થીને ઉ.બુ.આશ્રમશાળામાં પ્રવેશ અંગે.

(૫) વર્ષનું વિષયવાર પરિણામ ( પાસ / નાપાસ )

(૬) ઉ.બુ.આશ્રમશાળામાં છેલ્લા ત્રણ વર્ષમાં ધો.૧૦માં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની ફરી પરીક્ષા આપવા બેઠેલ વિદ્યાર્થીની સંખ્યા ( કુમાર - કન્યા )

(૭) ઉ.બુ. આશ્રમશાળામાં અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીની શૈક્ષણિક - વ્યાવસાયિક - સામાજિક પ્રગતિની નોંધ

(૮) ઉ.બુ.આશ્રમશાળા દૈનિક કાર્યક્રમ તથા વાર્ષિક આયોજન અંગે.

(૯) વિદ્યાર્થી દીઠ દૈનિક કેટલું અનાજ વપરાય છે. તેની વિગત છેલ્લા માસના દસ દિવસની વિગત કોઠાર પત્રક ઉપરથી લેવી.

(૧૦) છેલ્લા પુરા થયેલ શૈક્ષણિક વર્ષની અને નવેમ્બર'૮૭ સુધીની માસિક વપરાશી અનાજ અને વિદ્યાર્થીની સરેરાશ હાજરી લેવી.

(૧૧) વિદ્યાર્થી દીઠ માસિક કેટલું ભોજનબીલ આવે છે તેની વિગત તપાસવી.

(૧૨) ઉ.બુ.આશ્રમશાળાના કોઠાર પત્રક-હાજરી પત્રક જોવા.

(૧૩) ઉ.બુ.આશ્રમશાળામાં શિક્ષક કર્મચારીની નિમણુંક અંગે હાલની પ્રથા અંગે જાણવું.

(૧૪) સમાજ કલ્યાણ નિયામક શિક્ષણ નિયામક (પ્રાથમિક-માધ્યમિક) કે આશ્રમશાળા અધિકારીની કચેરીમાં ઉ.બુ. આશ્રમશાળાની ફરિયાદ ક્યારેય થઇ હોય તેની વિગતની માહિતી લેવી.

(૧૫) ઓડીટ સ્ટેટમેન્ટની નકલ લેવી. (છેલ્લા વર્ષની અને તે ક્યારે આશ્રમશાળા અધિકારીને આપ્યા તેની માહિતી લેવી.

(૧૬) વહીવટી કે શૈક્ષણિક તપાસ સમયે જે તે સૂચનો થયા હોય તેની નોંધ લેવી.

(૧૭) ઉ.બુ.આશ્રમશાળાની મુલાકાત પોથી જોવી. તેમાં મુલાકાત લેનાર મુલાકાતીનું નામ હોદ્દો અને ઉ.બુ. આશ્રમશાળા અંગે કેવા સૂચન કર્યુ છે તેની માહિતી લેવી.

(૧૮) છેલ્લા પાંચ વર્ષમાં કયા વિષયના શિક્ષકો શાળા છોડી જતા રહયા તેની વિગત લેવી. તેઓ કયારે ઉ.બુ.આશ્રમશાળામાં દાખલ થયા. ઉ.બુ.શાળા કયારે છોડી - શાળા છોડવાનું કારણ.

(૧૯) ઉ.બુ.આશ્રમશાળાના શિક્ષકો ભણાવવા ઉપરાંત કઇ પ્રવૃત્તિમાં ભાગ લે છે. તેની માહિતી, પ્રાર્થના ખેતીની પ્રવૃત્તિ ભોજનના સમયે.

(૨૦) ઉ.બુ.આશ્રમશાળાની જમીન કોની હતી, તે હાલમાં શું કરે છે તેની વિગત લેવી.

(૨૧) ઉ.બુ. આશ્રમશાળાની ઇતર પ્રવૃત્તિની માહિતી લેવી.

(૨૨) અપવ્યય અને સ્થગિતતા તપાસવી

૮૪-૮૫ ધો.૮

૮૫-૮૬ ધો.૯

૮૬-૮૭ ( ધો ૧૦ મું પાસ કરેલ હોય તેની )